શ્રીવિષ્ણુ પરમાત્માના અનન્ય બાળ ભક્તરાજ

ધ્રુવ કુમાર.

નાટક ત્રણ અંકી.

વાંકાનેર "આર્ય હિતવર્ધક" નાટક કંપની માટે
રચીને પ્રસિદ્ધ કરનાર

રાવલ ત્રંબકલાલ દેવશંકર
વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક
અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત એક હજાર.

અમદાવાદ શાહાપુર વનમાળી વાંકાની પોળમાં હરીભાઇ
દલપતરામે પોતાના "ગ્રંથોદય" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કિંમત રૂ. ૦—૮—૦.

શ્રીવિષ્ણુ પરમાત્માના અનન્ય બાળ ભક્તરાજ

ધ્રુવ કુમાર.

નાટક ત્રણ અંકી.

વાંકાનેર "આર્ય હિતવર્ધક" નાટક કંપની માટે
રચીને પ્રસિદ્ધ કરનાર

રાંવલ ત્રંબકલાલ દેવશંકર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક
અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત એક હજાર.

અમદાવાદ શાહાપુર વનમાળી વાકાની પોળમાં હરીભાઇ
દલપતરામે પોતાના "ગ્રંથોદય" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કિંમત રૂ. ૦—૮—૦.

અર્પણ પત્રિકા.

રાવ બહાદુર શેઠ સુંદરદાસ નારાયણદાસ

બી. એ. એલ. એલ. બી.

સોલીસીટર–હાઇકોર્ટ.

નોટરી પબ્લીક,

જસ્ટીસ આફ ધી પીસ અને મ્યુનિસીપાલ

કોરપોરેશનના પ્રજાકીય સભાસદ.

મુ. મુંબાઇ.

સ્નેહવર્ય !

મિત્ર ધર્મમાં ગુણાનુવાદની આવશ્યક્તા રહેતી નથી, કેમકે પ્રેમ નિર્મળ છે; અને તેના ભક્તિ પદાર્થની કિમ્મત નથી એ નિમિત્તે આપના મારા પ્રત્યેના અનહદ મિત્ર પ્રેમના સંભારણા તરીકે **"શ્રીવિષ્ણુ પરમાત્માના અનન્ય બાળભક્ત ધ્રુવકુમારનું નાટક"** આપને અર્પણ કરી આનંદી અને કૃતાર્થ થાઉ છું.

આત્મોન્નતિ કરવામા બાલ્યાવસ્થાથી આપે લક્ષ રાખેલું છે. ન્હાની સ્થિતિમાથી સંસારી વિટંબનાઓ જોઇ જોઇને રંક તથા દુ:ખીની કદર કરતા થયા છો વિદ્યાકળામા પ્રવીણતા મેળવી છે. ઉચ્ચ આર્ય સંસ્થાને સ્હાયભૂત થવામા જીવન ચાલે છે. વૈષ્ણવી સંપ્રદાયના ચુસ્ત હિમાયતી છતાં અન્ય ધર્મના અદ્વૈત સિદ્ધાન્તો પાછળ તેને સહાય કરવામાં પાછળ પડી રહેતા નથી. ધારા શાસ્ત્રી તરીકે બુદ્ધિનો કદી પણ ગેર ઉપયોગ ન કરતા સદ્‌માર્ગે શ્રેય કરવામા આપે નિશ્ચળ વૃત્તિ રાખી છે. સત્ય વાત કહેવામા શત્રુ કે મિત્ર ઉભય પક્ષને મનને એ માર્ગ આપ્યા નથી. પર હિત કરવામાં સાર્થક માન્યું છે.

વિદ્યા કળામાં પ્રવીણ છો. મિત્ર ધર્મ જાળવવામાં નિશ્ચળ છો હૃદય સાત્વિક ભાવનાથી ભરેલું છે. અને તે સર્વ અન્ય સિદ્ધાન્તવાળી પ્રસાદીથી જનહિત, પશુહિત, આત્મહિત, દેશહિત, ને જગહિતમાંજ શુભને શુદ્ધ વૃત્તિ રાખેલી હોવાથી આપ જનમંડળની પ્રીતિ વ્હોરી મુંબાઈની કારપોરેશનના એક સભાસદ થવાનું માન પામ્યા, અને રાજહિતમાં ભાગ લેવાથી **રાવ બહાદુરનો** ઇલ્કાબ આપણી નામદાર સરકાર તરફથી એનાયત કરવામા આવ્યો છે. મુંબાઇ શહેરના **જસ્ટીસ ઑફ ધી પીસ** નીમાયા છો. આ સર્વ જાત મહેનત અને શુભ નિષ્ટાનું પરિણામ છે

આપે જે કીર્ત્તિ સંપાદન કરી છે, તેના કરતા પણ ઉત્તરોત્તર અધીકાધિક કીર્ત્તિને પ્રાપ્ત કરો એ મારી હરનિશની અંતરની પ્રભુ પાસે યાચના છે, પ્રાર્થના છે ! ! !

લી૦

આપનો કૃપાકાંક્ષી,

ત્રંબકલાલ દેવશંકર રાવળ.

માલેક—શ્રી વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક કંપની

આનંદભુવન થીએટર-અમદાવાદ.

પ્રસ્તાવના.

મોંઘા માનવ દેહની મોંઘી કીંમત સમજાવનાર મોંઘા પ્રેમ ભક્તિરસની બલિહારી છે. જેને પ્રેમ ભક્તિ રસનો રંગ લાગ્યો છે, તેના અંગેથી એ રંગ ઉતરતોજ નથી. દીન પ્રતિદીન અવનવા પ્રસંગોમાં એ અજબ રંગ ધરી નવા નવા રંગોમાં ઓરજ આનંદ પામ્યા કરે છે. વ્યવહારીક શ્રૃષ્ટિ તેની દ્રષ્ટી સમક્ષ કેવળ શુષ્ક નિસ્તેજ લાગે છે; એતો એના તાનમાંને તાનમાજ ગુલતાન રહ્યા કરે છે; એજ પ્રમાણે પ્રસ્તુત કંપનીએ વ્યવહારીક રૂપકો ભજવી જનમંડળને સારો આનંદ અને સંતોષ ઉપજાવી પ્રેમભક્તિ રંગના છાંટણા છાંટી પ્રજા વર્ગને સંસ્કારી કરવા જે પ્રયત્ન આદર્યો છે. તે પ્રયત્ન પરમ કૃપાળુ પરમાત્મા પાર પાડે એજ અંતરની અપ્રતિમ ભાવના છે.

સંસાર વ્યવહારમા વીટાએલા માનવ પ્રાણીમાં પોતાનો ઘર સંસાર સુધારી પોતે સુધરી અને સામાને દૃષ્ટાંત રૂપ થઇ જન્મ ધર્યાનું સાર્થક રળવું અને પરમાત્માના પરમપદમાં મળવુ એ કોઇ વિરલાથીજ બને છે, અને જનક વિદેહી સમાન સંસારમા અટન રટન કરી તન ઘરબારી રાખીને અને મનને સન્યાગી બનાવી પ્રભુની નિષ્કામ ભક્તિ કરનાર ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતાનું દૃષ્ટાંત આર્યપ્રજામા અવનવુ અને અસરકારક છે. એજ દૃષ્ટાંતનુ રૂપક નાટક પ્રસ્તુત કંપનીએ જન મંડળ સમક્ષ ભજવી ભારે ચાહના અને પ્રજાપ્રીતિ સંપાદન કરી છે, ત્યાર બાદ તેનાજ જેવું શ્રી ભક્ત કવિ શ્રી મીરાંબાઇનુ રૂપક પણ ભજવી બતાવી પ્રેમ ભક્તિ રસની પ્રતિભાઓ આર્ય પ્રજાપર સારી રીતે પાડી છે, અને પ્રજાને જ્ઞાન અને ભક્તિ માર્ગના અલૌકીક આનંદમા રમાડી છે

આ ઉભય રૂપકોના આનંદથી પ્રસ્તુત કંપનીએ સિંધ કાઠીઆવાડ ગુજરાત અને મુંબાઇની કદરદાન આલમને સંતુષ્ટ કરવા અને પોતાનાં રૂપકોની કસોટી કરવા લગભગ ચાર પાંચ વરસના ગાળાની લાંબી મુદત સુધી પ્રયત્ન કર્યો છે છેવટે કુદરતી કૃપાથી આરંભાએલુ કુદરતી કાર્યજ પ્રસ્તુત કંપનીની સારી રીતે ઉન્નતી કરશે એવો દૃઢ નિશ્ચય કરી **શ્રી વિષ્ણુ પર-**

આત્માના અનન્ય બાળભક્તરાજ ધ્રુવ કુમારનું રૂપક આર્ય પ્રજા સમક્ષ બહાર પાડવામા આવેલ છે. ગુજરાત કાઠીઆવાડના આગણે આંગણે ધ્રુવાખ્યાન સારી રીતે વંચાય છે અને ગવાય છે એટલે તેની વસ્તુ સંકલના વિષે અત્રે વધારે વિવેચન કરવાની આવશ્યકતા રહેતી નથી, છતા પણ જન્મનાજ ઉચ્ચ સંસ્કારી જીવોના ઉત્તમ દૃષ્ટાંત તરીકે બાળભક્તરાજ ધ્રુવ કુમારનું નાટક આર્યજનોમા સારી રીતે લોકપ્રિય થઇ પડેલ હોવાથી તેના આખા નાટકના ગાયન ભાષણની ચોપડી નરસિંહ મહેતા અને મીરાંબાઇ માફક પ્રગટ કરી ગુર્જર પ્રજાની સેવા બજાવવા જે કાંઇ યદ્કિન્ચીત યત્ન આદરવામા આવે છે, તેની કસોટી જો કદરદાન આલમ તરફથી સારી રીતે કરવામાં આવશે તો ભવિષ્યમાં પ્રેમ ભક્તિરસનાં એક એકથી ચઢીઆતા નાટકો બહાર પાડી સ્વફરજ અદા કરવા સતત પ્રયત્ન કરવામાં આવશે ! એજ સુજ્ઞેષુ કિં બહુના ! !

અમદાવાદ	લી
આનંદભુવન થીએટરમા	**માલેક—ત્રંબકલાલ દેવશંકર રાવળ**
તા. ૧૦—૮—૧૨	શ્રી વાંકાનેર આર્યહિત વર્ધક નાટક કંપની.

પાત્રોનાં નામ.

સુત્રધાર, નટી, બાળાઓ—નાટયકાર સ્ત્રી પુરૂષ
ધ્રુવજી—મહારાજા ઉત્તાનપાદના પાટવી પુત્ર ને વિષ્ણુ પરમાત્માના અનન્ય બાળભક્ત
ઉત્તમ—ધ્રુવજીનો ઓરમાન ભાઇ
તુળજારામ—ધ્રુવજીનો મિત્ર અને રાજ્ય ગોર.
ઉત્તાનપાદ—માહેષ્મતિના મહારાજા ને ધ્રુવજી તથા ઉત્તમના પિતા.
નારદજી—સુરમુનિ
ઇંદ્રરાય—સુરપતિ,
બૃહસ્પતિ—સુરગુરૂ
જયંત—ઇંદ્રરાયના પુત્ર
શ્રીવિષ્ણુ—જગતનિયંતા
ચિત્રકેતુ—જયંતનો પાસવાન
લક્ષ્મીજી—શ્રીવિષ્ણુ પરમાત્માની વિભુતિ
સુરૂચી—કુમાર ઉત્તમની મા, માનીતાં નવા રાણી
સુનીતિ—કુમાર ધ્રુવજીના માતા, ઉત્તાનપાદના અણમાનીતા રાણી
ઇંદ્રગવરી—ઇંદ્રરાયની પુત્રી તથા ધ્રુવજીના થનાર પત્નિ
ઇંદ્રાણી—ઇંદ્રરાયની પત્નિ.
ગુણવંતી—તુળજારામની સ્ત્રી.

રમુજીલાલ, બ્રહ્માજી, સરસ્વતી, દેવગણો, માયા, અપ્સરાઓ, પાર્ષદ, પુરાણી, દરબારીઓ, વારાંગનાઓ, દાસ દાસીઓ વિગેરે,

શ્રી પરમાત્મને નમ:

શ્રી નવલ

શ્રી વિષ્ણુ ભગવાનનો પરમ ભક્ત

ધ્રુવ કુમાર.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો.

સ્થળ-રંગભુમી.

પાત્રો—સુત્રધાર, નટી, ભરતમુનિ, સરસ્વતિ અને બાળાઓ.

સુત્રધાર-નટી— મંગળાચરણ.

સ્મરણે ધરી નામ, શરણ ચહું પ્રભુ કષ્ટ કાપો ધરણીધરા,
મમ બાંહ્ય ગ્રહી પતિ, સરલ મતિ દે,
સફલ કાર્ય કરવા—સ્મરણે૦

બાળાઓ ગાયન.

અમે એવા શ્રીનાથજીને વંદીએ આ વાર,
ભુધરા ભકતોના પ્રતિપાળ—અમે૦
નારદ શારદ ભાવ ધરી ભજે,
સુરનર મુનિવર પોતાનો ગર્વ સહુ તજે,
કરતા હરતા શ્રી કૃપાળ વ્હાલ...આ—અમે૦

ભરતમુનિ—(ક્રોધથી) અરે ઓ મુર્ખ વિપ્ર તું આ શું આદરી બેઠો છે ? મારા નાટય શાસ્ત્રના નિયમના ગૌરવને ભ્રષ્ટ કરી તારી મનસ્વી ખોટી ખુશામતની શૈલી ને ગ્રહણ કરી તું અયોગ્ય શ્રૃંગારથી ભરેલા અધમ પ્રયોગો ભજવી આ આર્ય સંતાનોને અવળે રસ્તે દોરી ભરતભુમિની અવદશા કરે છે !

સુત્રધાર—ક્ષમા કરો ભરતમુનિ ક્ષમા કરો હું સારી રીતે જાણું છું કે અવળા ઉપદેશ રૂપી પ્રયોગથી મનુષ્યોની અધોગતી થાય છે, માટે તેવા વિપરીત પ્રયોગોને પડતા મુકી હું તો માત્ર શ્રી વિષ્ણુ પરમાત્માના પ્રતાપી ભકતોનાજ ચરીત્ર ભજવું છું અને આર્યના સનાતન ધર્મની ઉન્નતી કરૂં છું

ભરતમુનિ—(ખુશી થઇ) વાહ વાહ ત્યારે તો અતિ ઉત્તમ વિપ્રવર્ય તારા આવા શુભ વિચારને ધન્યવાદ આપુ છું હવે તું માતા સરસ્વતિનું સ્તવન કરી ખુશીથી તારો પ્રયોગ શરૂ કર હું આશિર્વાદ આપું છુ કે તારો જય થાઓ જય થાઓ (જાય છે)

સુત્રધાર—તથાસ્તુ

સાખી.

બ્રહ્મ સુતા તવ નામ શુભ, સંભારીને આજ;
વિનય વાણીથી માગીયે, મંગળ કર અમ કાજ.

સરસ્વતિ—(પ્રગટ થઇ) વર માગ વર માગ વત્સ વર માગ.

સુત્રધાર—માતુશ્રી માગવાનું તો એજ કે આ સુજ્ઞ પ્રેક્ષક વર્ગ સમક્ષ આજે હું શ્રી વિષ્ણુ પરમાત્માના પરમ પ્રિય બાળ ભક્તરાજ ધ્રુવ કુમારનું ચરીત્ર ભજવી બતાવવા તૈયાર થયો છું અને તે કાર્ય નિરવિઘ્ને પાર પડે તે માટે આપ સર્વ શક્તિ રૂપ માજીના શુભ આશિર્વાદની યાચના કરૂં છું.

સરસ્વતિ—ધન્ય છે વત્સ તારા આ પ્રયત્નને ! ધ્રુવ કુમાર જેવા પવિત્ર પુત્ર રત્ન આ આર્ય મહીલાઓની કુખે અવતરી ભરત ભુમિને દીપાવે એમ હું ઇચ્છુ છુ. પુત્ર તને તારા કાર્યમાં વિજય મળે એવો મારો શુભ આશિર્વાદ છે

સુત્રધાર—તથાસ્તુ (સરસ્વતિ અદૃશ્ય થાય છે)

ધ્રુવજી—(અંદરથી) ગાયન.

રે મન ભજન સુધારસ પીલેરે, એડું શું મુખ ઢોલે—મન૦

નટી—આર્યપુત્ર ભક્તરાજ ધ્રુવજીનુ આગમન થયું હવે અમોને શી આજ્ઞા છે.

સુત્રધાર—આજ્ઞા તો એજ કે આ પેક્ષક વર્ગને પ્રભુ મહીમાનું પ્રેમામૃત પાઇ પ્રયોગમાં પ્રવર્ત થાઓ.

નટી—જેવી દેવની આજ્ઞા

બાળાઓ, સુત્રધાર, નટી— ગાયન.

ભજો મન વશ કરીને અજર અમર શ્રીવર ભૂધર જગમાં જનમીને,
પ્રભુજીનાં ભજન એવાં તાર્યાં ગજ ગુણીકા જેવાં;
ભજ્યા જેણે ભાવેથી વિશ્વવીહારી જાઉં તેને વારી વારી બલીહારી-ભજો.
મોહ રૂપ જળથી ભર્યું આ ભવ સાગર ઠામ;
તે તરવાનું નાવ છે શ્રીહરી કેરૂ નામ. પ્રભુજીનાં.

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તો.

પાત્રો—ધ્રુવજી, ઉત્તમ, તુળજારામ, પુરૂષોત્તમ પુરાણી.

ધ્રુવજી— ગાયન.

રે મન ભજન સુધારસ પીલેરે, એડું શું મુખ ઢોલેરે-મન૦
સાર નથી કાંઇ આ સંસારે, સમતાથી સમજી લેરે-મન૦
તું કોણ ને કોણ છે તારૂં, અંતરથી ઓળખી લેરે-મન૦

તુળજારામ—(સ્વગત આવીને) ઓઇયા ઓઇયા આણંદ કહે પરમાણંદને કે માણસે માણસે ફેર એક લાખો ખરચતાં ન મળે અને એક ત્રાંબીયાના તેર એક છીપનાં બે મોતી પણ પાણીયે પાણીયે ફેર, એક લાખો ખરચતાં ન મળે અને એક ત્રાંબીયાના તેર. એક ગુરૂના બે શિષ્ય પણ જ્ઞાને જ્ઞાને ફેર, જ્ઞાની જોતા નહી જડે અને મુરખ ત્રાંબીયાનાં તેર. એક મા બાપના બે દીકરા પણ પાત્ર કુપાત્રે ફેર સુપાત્ર તારે કુળને

અને કુપાત્ર ત્રાંબીયાના તેર. તેમ એકજ ઉત્તાનપાદને બે રાણીયો પણ વિવેક વિચારનો ફેર: એકને અતિશય માન મળે અને એક ત્રાંબીયાને તેર (જોઇને) અરે પણ આ શો ગજબ નાસિકા ચાલે છે જોરમાં, સત્યાનાશ સવારના પહોરમાં. કોઇ દીવસ નહી અને આજે આ બને ભાઇઓ ભેળા થઈ કાંઇ ખાનગી ખટપટ કરતા જણાય છે માટે ચાલ પ્રગટ થઈ પાસે જાઉં. (પ્રગટ) બંને બાંધવોનો જય થાઓ એવો આ તુળજારામ તડાકીયાનો આશિર્વાદ છે

ઉત્તમ—અહો કોણ ગોર પધારો પધારો અત્યાર સુધી કયાં હતા?

તુળજારામ—બાપુ નાસિકા ચાલે છે જોરમા, સત્યાનાશ સવારના પહોરમા ઉઠતાજ રાડીરાંડના શુકન થયા જેથી જંગલ જઇ આવ્યો, છુટો થઇ આવ્યો, નદીએ નાહી આવ્યો ખ્યાલ ટપા ગાઈ આવ્યો એટલામાં પહોર દહાડો ચડયો જેથી ભુખનો જાસુસ આવી ખસુસ મારા પેટના પડદા ઉપર ગડદા મારવા લાગ્યો પછી એકદમ સુનીતિ માતાને ત્યા ભાગ્યો અને ત્યા આઠ લાડુનું અનુષ્ઠાન કર્યુ આ તેના ઓડકાર હજુ પણ આવે છે. ઓઇયાં ઓઇયાં

ધ્રુવજી—બંધુ બંધુ આ તુળજારામ તડાકીયો રાજાઓને રાજી કરવા માટે પાજી પ્રપંચી કરતા નીતિ રીતીનુ એક રમકડુ છે પરંતુ આ તમારી ગમત સાથે પરમાત્માનું ભજન થાય તો જન્મ મરણના ફેરા ટળી જાય અને સચ્ચીદાનંદના પરંપદમાં મળી જાય

તુળજારામ—પણ બાપુ ઉમ્મર લાયક થયા વિના તમને ભજન કરવાની શિખામણ શી રીતિ આપું માટે હાલ તો આનંદમા કરો અને ઉમર લાયક થાઓ ત્યારે ભજન કરો તો વ્યાજબી ગણાય

ઉત્તમ—જેષ્ટ ભ્રાતા ગોર બરૂ કહે છે કારણ કે પ્રભુ ભજનમા વૃત્તિ રાખવાનો વિચાર આપ વખતો વખત જણાવો છો એ ઉત્તમ છે પણ તે તો વૃદ્ધા અવસ્થામા શોભે બાલ્યા અવસ્થામાં નહી

ધ્રુવજી—ભાઇ વૃદ્ધાવસ્થામા પ્રભુ ભજન થાય અને બાલ્યાવસ્થામા નહીં થતું હોય

ઉત્તમ—જી ના, મારી સમજણ પ્રમાણે તો વૃદ્ધાવસ્થાજ પ્રભુના ભજન માટે નિર્માણ કરેલ છે

યુવરાજ—એ તમારી સમજ ફેર છે કેમકે,

છંદ.

જેના ચરણ દોડયા નહીં, કદી દેવના મંદીર મહી;
જેણે ન નીરખ્યા નેત્રથી, અવિનાશીને અંતર ભરી.
વળી જેણે શિષ નમાવ્યું નહીં હરી ચરણમાં ઉમંગથી
ધીક્કાર છે ધીક્કાર એને શાસ્ત્રો કહે છે કથી કથી.

ઉત્તમ—પણ વડીલ બંધુ આપ યુવરાજ થઇને આવા વિચાર કરશો તો પછી આ રાજ્ય કોણ ચલાવશે

યુવરાજ—તમે

ઉત્તમ—મારાથી એવુ કેમ બને હું તો આપનો લઘુ બંધુ એટલે અહોનિશ આપની સેવા કરવાનેજ અધિકારી છું.

યુવરાજ—પણ ભાઇ આજે આપનો જન્મ દીવસ છે જેથી તે પ્રસંગે માતા સુરૂચીના અવાસે ભવ્ય દરબાર ભરાવાનો છે તો ત્યા કયારે જશો ?

ઉત્તમ—આપ મારી સાથે પધારો એટલે બને ભાઇઓ સાથે મળીને ત્યાં જઇએ.

તુળજારામ—એ સબુર કરો. નાસિકા ચાલે છે જોરમાં સત્યાનાશ સવારના પહોરમા.

ઉત્તમ—ગોર તમે તો છેક વહેમી જણાવછો પિતાજી પાસે જતી વખતે વળી નાસિકા જોવાતી હશે.

તુળજારામ—હા જી. આણંદ કહે પરમાણંદને વખતે વખતમા ફેર એક લાખો ખરચતાં ન મળે અને એક ત્રાબીયાને તેર.

યુવરાજ—કેમ પિતાજી પાસે જવામાં કાઇ નુકશાન થશે ?

તુળજારામ—હા જી, એમાં શક શાનો આપ પિતાને મળવા હર્ષભેર જાઓછો પણ મારી સમજણ પ્રમાણે ચોકસ ભુલ ખાઓછો કેમકે નવિ માતાનો સ્નેહ આપના દેહને દુખદાયક થઇ પડશે પછી જેવી આપની મરજી.

યુવરાજ—પ્રભુએ ધાર્યું હશે તેમ થશે પણ ભાઇ ઉત્તમનો અતિ આગ્રહ છે તો મારે ત્યા જવું જોઇએ અને તમે પણ સાથે ચાલો.

તુળજારામ—બહુ સારૂ બાપુ આપ પધારો હું આવું છુ. (પાછળ જોઇ) અરે પણ સામેથી કોઇ આવે છે. અરરર ગજબ થયો નાસિકા ચાલે

છે; જોરમા સત્યાનાશ સવારના પહોરમાં આ તો પુરૂષોત્તમ પુરાણી ' ઓય મારો બેટો હું ભાગુ છું છેટો ત્યાં તો અહીજ થયો ભેટો, ફીકર નહીં આવવા દે, આવો પુરાણી આવો (પુરાણી આવે છે.)

પુરાણી—હા, સવા રૂપીયો લાવો.

તુળજારામ—હેં, વળી સવા રૂપીયો શેનો

પુરાણી—પેલો ખરડામા મંડાવી ગયા છો તેનો

તુળજારામ—હા. મેં સવા રૂપીયો મડાવ્યો છે ખરો પણ હું આપીશ નહી કેમકે તમારી રીતભાત સારી નથી

પુરાણી—તું મરી જઇશ પણ હું સવા રૂપીયા છોડીશ નહી. કેમકે મારૂં નામ પુરૂષોત્તમ પુરાણી સવા રૂપીયો લઉં

તુળજારામ—તારૂં નામ પુરૂષોત્તમ પુરાણી સવા રૂપીયો લઉં પણ મારૂ નામ તુળજારામ તડાકીયો સવા રૂપીયો ન દઉં, વળી મારે હાને ને નાને વેર છે, જેથી લઉં તેનું દઉં નહી ને દેખું તેનું મેલું નહી સમજ્યો.

પુરાણી—હા, સમજ્યો, ખરડામા મંડાવીને આપતો નથી પણ યાદ રાખજે કે એ સવા રૂપીયા માટે તને કજેતીને ફાળકે ચડાવુ ત્યારેજ હું ખરો

તુળજારામ—હવે જા જા ઝાઝી લવરી કરનો નહીતો ઠાલો મારવો પડશે

ગાયન.

પુરાણી-ભોર ગાંઠે નહિ દામ ધરી મોટાઇનું નામ,
દોડી આવ્યો શું કામ મુખ બાળવા,
તુળજારામ-બોલી સંભાળ ઉડે છે ઝાળ નહીંતો તારો નક્કી થશે કાળ.
પૈસો આપું ન એક મારૂં માથામાં મેખ
મારી ધારેલી ટેક નિત પાળવા
પુરાણી-છળ બળે સવા રૂપીઓ લઉં
તુળજારામ-મરે ભલે પણ પાઇ ન દેઉં, જા જા જા જા ટળી જા...ભોર૦

પ્રવેશ ૩ જો.

સ્થળ—કચેરી.

પાત્રો—ઉત્તાનપાદ, ધ્રુવ, ઉત્તમ, તુળજારામ, સુરૂચી, સરદારો, કંચનીયો, ચોપદાર વિગેરે.

દરબારીઓ— ગાયન.

મહારાજા જગ જીવો ઘણું,
આશિષ આપીએ ભરી દરબાર—મહા૦
સુખમાં ગમન ગુણી ગુણવાન,
પ્રેમી પ્રજાને અતિશય માન;
અરીનો નાશ સહાય શ્યામ,
સુખમાં સ્નેહે સાચવી સંસાર—મહા૦

તુળજારામ—મહારાજાને મારા આશિર્વાદ છે

ઉત્તાનપાદ—કહો ગોર શી ખબર લાવ્યા, કુમાર હજુ કેમ ન આવ્યા

તુળજારામ—મહારાજા સમય થયો છે જેથી હમણાજ આવવા જોઇએ; વારાંગનાઓ તમે તમારૂં કામ શરૂ કરો

વારાંગનાઓ— ગાયન.

પાયે પાયે પીયાર અબે કહાં જાઓગે લાલન હમાર
જાને ન દઉંગી તાળેમેં રઉંગી સોહેમેં સહુંગી કહોગે જો
વારી વારી બલીહારી અંકધારી લાલપ્યારી
રેન સારી હય ગુજારી
નેનનમેં સેન કેસર ભારી હતડારી
ગીદીગીન ગીદીગીન ધાધા (૩)—પાયે૦
બતાકે પ્રિતિ તુમેં લઉં જીતિ ધારૂં ન ભીતી જરાબી મેં
વાર વાર પ્યાર કાર અકધાર માર મારસે સુધાર ઉર ઠાર.
દેહ ગેહ નેહ તુમપે વારી કરો પ્યારી ગીદીગીન ધા ધા (૩)

ચોપદાર—ખમા ઘણી ખમા.

ધ્રુવજી-ઉત્તમ—પિતાજી, પ્રણામ કરીએ છીએ

ઉત્તાનપાદ—દીર્ઘાયુ થાઓ કુમાર ઉત્તમ તમે અહીં આવો અને મારા ઉત્સંગને શોભાવો.

ઉત્તમ—જેવી પિતાશ્રીની આજ્ઞા (બેસે છે)

તુળજારામ—આજે મહારાજા બોલ્યા જોરમા સત્યાનાશ સવારના પહોરમા નકી નવિ રાણીએ કાંઈ ચક્કર ચડાવ્યુ છે અને કુમાર ધ્રુવજી વિશે આવુ અવળું ભરાવ્યું છે, વાહ મારા નાથ આ તો પક્ષા પક્ષનીજ વાત

ધ્રુવજી—(સ્વગત) મારા બાપુએ મને કેમ નહી બોલાવ્યો હોય, શુ હુ કાંઈ અપરાધમા આવ્યો હઇશ, ચોકસ નહીતો આમ બનેજ નહી અરે પણ હવે મારે શુ કરવુ.

તુળજારામ—શુ કરવુ શુ જોવો સમય તવુ ચાલવુ અને માથાનુ ચકડુ બે હાથે ઝાલવુ, કેમકે આણંદ કહે પરમાણંદને સમય સમયમા ફેર એક લાખો ખરચતાં ન મળે અને એક ત્રાંબીયાને તેર

ઉત્તમ—પિતાજી, મારા જેષ્ટ ભ્રાતાને આપ કેમ બોલાવતા નથી. ભાઈ ધ્રુવજી આપ અહી પધારો અને પિતાજી પાસે બીરાજો

ધ્રુવજી—શુ કરૂં જાઉ અરે પણ બોલાવ્યા સિવાય કેમ જવાય ? જાઉ તો હું જારોમાં હલકો થાઉં પણ ચિંતા નહી, પિતાજી ગુરૂજી અને દેવ મંદિર જતા હલકાપણું હોયજ નહી માટે ચાલ જાઉં.

સુરૂચી—સબુર કરો કુમાર તમારે આસને બેસો તમોને અહી આવવાનો અધીકાર નથી.

ધ્રુવજી—શું, ત્યાં આવવાનો મારો અધીકાર નથી

સુરૂચી—ના નથી.

ધ્રુવજી—ત્યારે શુ હુ મારા પિતાના વાત્સલ્ય ભાવથી અળગો થયો ? હાય અ ત્યારે મારૂ આવુ અપમાન ! અરે ઓ ધરતી માતા તું હવે આ તારા નીરાધાર બાળકને સમાવી લે એટલે હું આ અસહ્ય અપમાનથી છુટ મુક્ત થાઉં.

તુળજારામ—માજી માજી આ ભરી સભામા યુવરાજનું જે અપમાન થાય છે તે કેવળ ગેરવ્યાજબી ગણાય છે.

સુરૂચી—ગોર અમારા કુટુંબની બાબતમા તમારે વચ્ચે આવવાનુ કાંઈપણ પ્રયોજન નથી સમજ્યા ?

ધ્રુવજી—હા હત ભાગી જીવ ! તુ આવા વજ્ર પ્રહાર જેવા વચનો સાભળવા કેમ ટકી રહ્યો છે ? પિતાજી ઓ મારા વહાલા પિતાજી તમે કેમ બોલતા નથી ? આપે આ વખતે મૌન્યપણુ કેમ ધારણ કયુ છે ? મારા પ્રત્યેનો આપનો અપુર્વ પ્યાર અત્યારે કયા અલોપ થઇ ગયો ?

તુળજારામ—(સ્વગત) શિવ શિવ શિવ નક્કી નવી રાણી સુરૂચીના મન પર કુમાર ધ્રુવજીને માટે માઠી અસર થઇ છે ખરેખર મહારાજા ઉત્તાનપાદ એક ન્યાયનો અવતાર છે પણ કેવળ નવી સ્ત્રી આગળ લાચાર કેમકે આણુદ કહે પરમાણુદને સ્ત્રીએ સ્ત્રીએ ફેર એક લાખો ખરચતા ન મળે અને એક ત્રાંબીયાની તેર

ઉત્તમ—પિતાજી ! ભાઇ ધ્રુવજીને કેમ બોલાવતા નથી ? બોલાવો ને આપના ઉછ-ગમા બેસવાનો પ્રથમ હક તેનો છે

ઉત્તાનપાદ—સારૂ કુમાર આવો (ધ્રુવ આવે છે)

સુરૂચી—કુમાર આગળ ન વધો ત્યા બેસવાને હજી તમે લાયક નથી

ધ્રુવજી—શુ હુ તેમનો પુત્ર નથી ?

સુરૂચી—તમે પુત્ર છો તેથી શુ થયુ ? કારણ મારા ઉત્તમના જેટલુ તમારૂ તપ નથી વળી તમે દુહાગણના જાયા છો જેથી તમારા પિતાના ઉછગ સુખથી અળગા થયા છો સમજ્યા

ધ્રુવજી—ત્યારે હવે મારે શુ કરવુ ?

સુરૂચી—વનમા જઈ પ્રભુ ભજન કરવું અને શ્રીહરીને પ્રસન્ન કરી મારી કુખે અવતરવું, એટલે તમારા પિતાના ઉછગ સુખનો લહાવો લઇ વૈભ-વમાં વીચરવું.

ધ્રુવજી—શુ પ્રભુ ભજન કરવાથી મને તેવુ સુખ મળશે ?

સુરૂચી—હા નિશક. માટે હવે આડી અવળી વાતો મુકો અને ઇશ્વર ભજનમા ઝુકો, જેથી અભાગણીના પુત્ર બની અભાગીયા થયા છો તે દુખથી છુટો

ધ્રુવજી—(સ્વગત) અરે આ હુ શુ સાંભળું છું હા સત્ય છે, (પ્રકાશ) માજી મારાં તિર્થ સ્વરૂપ માજી મારાં હૃદય ચક્ષુને ઉઘાડનાર સંસાર સાગર-માં ડુબતા આ અભાગી પુત્રનું કાડુ ઝાલી બચાવનાર માજી હું આપનો ઉપકાર માનુ છું આપ અત્યારે ખરેખર મારા ગુરૂ થયાં છો. હા ! હવે તો પિતાના અલ્પ ઉછંગના સુખને અભાવે શ્રી જગતપિતાના અભય

ઉછંગમાં બેસવાને લાયક થાઉ અને મારી અભાગણી માતા સુનીતિને સુભાગણી કરી તેનું દૈવી દુધ દીપાવું ત્યારેજ હું ખરો ધ્રુવ

સુરૂચી—કુમાર માઠું લગાડશો માં હુ કાંઇ તમારૂં અપમાન નથી કરતી.

ધ્રુવજી—અપમાન, માજી આ મારૂં અપમાન નથી પણ દૈવી માન છે. આપે મને હરી ભજન રૂપી દૈવી ઔષધી પીવરાવી આ દુખ રૂપ સંસારના મહાન રોગથી મુક્ત કરવામા ખરી જનેતાનુ કામ કર્યું છે અરે જીવ કેમ ભુલે છે ? હવે તો નારાયણ નારાયણ નારાયણ

ધ્રુવજી— ગાયન.

ચટપટ ચેત હેત કર હરીશું મરણ ભમે છે માથે રામજી
ધામ ધરા ધન સુત ધણીઆણી સેવક નાવે સાથે રામજી
મોટપણાનું માન ભરાયું તેમાં કાંઇ નવ સુજે રામજી
જમના કીંકર જોશો ત્યારે થર થર કાયા ધ્રુજે રામજી
કર સતસંગ અંગ હોય નિરમળ રંગ રદયમાં લાગે રામજી
ભાવ ધરી ભગવંત ભજી લઉં તો ભવનો ભય ભાંગે રામજી-ચટ.

(જાય છે)

(ટેબલો.)

પ્રવેશ ૪ થો.

સ્થળ--મહેલ.

પાત્રો--સુનીતિ, ગુણવંતી, ધ્રુવજી.

સુનીતિ—ગોરાણી ગુણવતી આજે મારૂ જમણુ નેત્ર ફરકે છે તેથી શું કાંઇ અશુભ થશે ! હા વળી આ વામ નેત્ર પણ ફરકે છે જેથી કાંઇ અશુનમા પણ શુભ હશે

ગુણવંતી—માજી આપ આવી શંકા કમ કરો છો? એ તો નાડીયોનો મનોવેગ વધી જવાથી કોઇ કોઇ વખત શરીરના અવયવોમા ફેરફાર થાય અને ફરકારી છૂટે એમા વળી અશુભ શું ને શુભ શું.

સુનીતિ—સત્ય છે મારા જેવી અભાગણી અબળાને જે ન થાય તે થોડું.
(મુર્છીત થાય છે.)

ગુણવંતી—માજી ધીરજ ધરો ઇશ્વર ઉપર આસ્તા રાખી હૃદયને શાન્તિ આપો. પરમાત્મા સહુ સારાં વાના કરશે

સુનીતિ—અરે પણ હું ધીરજ કેવી રીતે રાખુ કુમાર ધ્રુવજીનું દુખ મારાથી નથી જોવાતું. અરેરે તેણે આ રાજ્યમહેલમા જન્મ લઈ શું સુખ ભોગવ્યું !! તેના પિતાના પ્રેમ અભાવે છતે વૈભવે એક રાકના છોકરા પેઠે માન પાન વિનાનો અને ઉગો ઓશિયાળો જોઇ મારૂ હૃદય ચીરાઇ જાય છે, અરેરે બ્હેન સુરૂચી મારા કુમારે તમારો એવો શો અપરાધ કર્યો છે કે નાહક સુકા સાથે લીલાને પણ બાળવા તૈયાર થયાં છો

ગુણવંતી—માતુશ્રી સૌ સૌની કરણીના ફળ ઇશ્વર સૌને આપશે, અને આ ખર સત્યનો જય થશે માટે શાન્તિ રાખો જુઓ સામેથી કુમાર ધ્રુવજી પધારે છે; પધારો કુમાર ઘણી ખમા મારા બાળારાજાને ઘણી ખમા.

સુનીતિ—આવો બેટા અત્યાર સુધી કયા હતા મારા નેત્રમણી, મુજ અંધની આખ, મુજ તરસ્યાનુ સરોવર તમે કેમ કાંઇ બોલતા નથી? શું તમને કોઇએ દુભાવ્યા છે?

ધ્રુવજી—હા દુભાવ્યો. માજી અપરમાતા સુરૂચીએ પોતાનો ગર્વ જણાવ્યો, ભરી સભામાં અપમાન કરી રોવરાવ્યો અને મારો જન્મારો વૃથા કરાવ્યો

ગુણવંતી—મરી જાઉ મારા યુવરાજ ઉપરથી ! હોય એ કહેવાને યોગ્ય છે અને આપણે સહેવાને યોગ્ય છીએ તેમા ગભરાવું શાનુ.

ધ્રુવજી—હા, કેમ ન ગભરાઉ મારા ઉપર એવી થઇ છે કે પૃથ્વી માર્ગ આપે તો સમાઇ જાઉ. માજી આજ ભાઇ ઉત્તમના જન્મ દીવસ પ્રસગે માતા સુરૂચીને અવાસે ભવ્ય દરબાર ભરાયો હતો, તેથી ભાઇ ઉત્તમના આગ્રહથી હું ત્યા ગયો અને મારા પિતાના ખોળામાં બેસવા જતા એ અપરમાતાનાં કટુ વચનોનો માર સહ્યો. માતા ઓ મારી વહાલી માતા ! નવી માતાએ મને અભાગીયો કહ્યો અને તેથીજ મારા સુખનો સુર્ય અસ્ત થયો.

સુનીતિ—મારા પ્રાણાધાર પુત્ર તમે દીલગીર ન થાઓ. હું અભાગણીને પેટ અવતર્યા એટલે તમે પણ અભાગીયા થયા એમાં એણે ખોટું શું કહ્યું?

માટે શાન્ત થાઓ; ઓ મારા જીવન આધાર ! શાન્ત થાઓ; અત્યારે આપણો અવળો અવસર છે માટે જે થાય તેનો સવળો સાર ગ્રહણ કરી સહન કરવું

ધ્રુવજી—શું સહન કરૂં ? માતા મને અપરમાતાએ મેણું માર્યું છે કે પ્રભુજીને પ્રસન્ન કરી મારી કુખે અવતાર લે એટલે તારા પિતાના ઉછંગ સુખનો અધિકારી થશે. હા ! હવે તો એ અપરમાતાનાં વાક્યોને બોધ રૂપ સમજી મારા પિતાના ક્ષણીક સુખના અભાવે શ્રી જગત પિતાના અભય ઉછંગમા બેસવાને લાયક થાઉં એજ હું ચાહુ છુ માટે માજી મને રજા આપો

સુનીતિ—હાય ! પુત્ર વળી રજા શાની ?

ધ્રુવજી—વનમા જવાની

સુનીતિ—અરેરે પુત્ર ! તમે આવું બોલી મારા બળતા હૃદયમા ઘી કેમ હોમો છો, તમારી આવી વાણી સાંભળી મારૂ હૃદય ચીરાઇ જાય છે ચૈતન્ય હરાય છે, ગાત્રો શિથિલ થાય છે અને મારી અનંત આશાઓ ઉડી જાય છે

ગુણવંતી—કુમાર માતાજીના કાલાવાલા સામે નજર કરો અને તમારી હઠ છોડી દ્યો આટલી નાની વયમા વનમા જઇને શું કરશો ?

ધ્રુવજી—શું કરીશ, પરમાત્માની દૃઢ નિશ્ચયથી ભક્તિ કરીશ અને આ દુઃખરૂપ સંસાર રંજે તરીશ,

સુનીતિ—મુજ નિર્ધનના ધન, ભજન કરવામા અનેક આવરણો આવશે અને વનમા વિક્રાળ દેખાવો જોઇને તમારૂ મન પાછું હઠશે અરેરે પુત્ર ત્યા તમારૂ રક્ષણ કોણ કરશે ! !

ધ્રુવજી—અરે માતાજી આ તમે શું બોલો છો ? મારૂ રક્ષણ કોણ કરશે ? મારૂં રક્ષણ મારો નાથ કરશે

છપ્પો.

જેણે જનુની ઉદર માંહી શુભ રક્ષા કીધી,
જેણે સારા સાર વસ્તુની સમજણ દીધી.
કણ કીડીને જેહ દીયે હાથીને હારો,
પોષે પામર પ્રાણ ચરાચરને દઇ ચારો,

વળી જે પ્રભુ દીન દયાળનું જગપ્રતિપાળક નામ છે,
તે પ્રભુ આશ્રય આપશે એનું તો એ કામ છે.

માટે મે જે દૃઢ નિશ્ચય કર્યો છે તે લાખ વાતે પણ નહીં ફરે. હવે મને આ જગતની મોહ માયા મિથ્યા ભાસે છે અને તેથીજ મારૂં મન આ નગ્રમા રહેવા ત્રાસે છે તો રાજી થઈ રજા આપો.

સુનીતિ—પુત્ર હુ તમને શી રીતે રજા આપુ, અરેરે મે પથ્થર એટલા દેવ કર્યા ત્યારે તમારા જેવા પુત્ર રત્ન મળ્યા ભાઈ મણી વિનાનો સર્પ વાછરૂ વિનાની ગાય, અને જળ વિનાનુ માછલું તરફડીને મરી જાય, તેમ તમારા વિયોગથી મારી દશા થાય તો શુ મારા વહાલા પુત્ર ! આ તમારી નિરાધાર માતાને દુખી કરવા ધારો છો ?

ધ્રુવજી—માતાજી તમોને દુખી કરવા એ મારો ધર્મ નથી, આ જગતમા અનેક સબધી છે, પણ જનેતા સમાન બીજો કોઈ સબંધ નથી. જુઓને બાલપણામા ભીનેથી કોરે કર્યા મળમત્ર ધોયા અને ડગલે ડગલે મારા સુખને માટે અનેક સકટો સહન કયા એના બદલામા આ મારી ત્વચાના જોડા શીવડાવી આપના ચરણમા પહેરાવુ તોપણ આપના ઉપકારનો લેશ પણ બદલો વળે તેમ નથી

સુનીતિ—અરે પણ ભાઈ તમોને જગલમા વિકરાળ વાઘ વરૂનો ભય નહી લાગે ?

ધ્રુવજી— અરે માજી. આપ આ શુ બોલો છો ?

છપ્પો.

જેને માથે રામ કાળ તેથી ભય પામે,
જેને માથે રામ નિડર થઇ જગમાં જામે.
જેને માથે રામ અહો તેને નવ પીડે,
જેને માથે રામ દુત યમના નવ ચીડે.
વળી જેને માથે રામ છે નામ ન તેનું કોઇ લીયે
તેનું નામ લેનારને રામ દંડ હાથે દીયે.

સુનીતિ—પુત્ર તમોને રજા આપતા મારૂ હૃદય કપાય છે, પણ પ્રભુભજનમાં તમારી વૃત્તિ જાય છે. તે જોઇ મને અધિક આનંદ થાય છે. ગુણવંતી માગળીક વસ્તુ લાવ્ય

ગુણવંતી--જેવી આજ્ઞા. (જાય છે.)

સુનીતિ--પુત્ર તમે પુરા ભાવથી શ્રીહરીને રીઝાવજો અને મનકામના પૂર્ણ કરી પાછા વહેલા પધારજો એવો માગે શુભ આશિર્વાદ છે (લાવે છે)

સુનીતિ, ધ્રુવજી— ગાયન.

પુરણ સત્ય પાળી શ્રીરામને રીઝાવજો,
વચન આપનાં ચઢાવી શિર, રટું રઘુવીર.... . સત્ય૦
થશે સફળ કામ શુભ સહુ તમારૂં એમ ધારી મુજ અંતરને વારૂં
રહેમ દ્રષ્ટિથી સર્વદા અમારૂં સિદ્ધ થાશે મમ કામ એમ ધારૂં
પુષ્પે વધાવું મોતીડે વધાવું મારા બાલુડા વહેલા આવજો-સત્ય
. નીરખું નયન ભરી નેહથી આનંદકારી મુખ જરી
લઉં વારણાં હુલાસમાં આશિષ આપું છું ફરી
સુખથી રહો આનંદમાં મન માત ચિન્તા નવ ધરો
જગનાથ માગું પ્રેમથી મુજ પુત્રની રક્ષા કરો.

(પડદો ઉપડે છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ-ગુણવંતીનું ઘર.

પાત્રો-ગુણવંતી, રમુજીલાલ, તુળજારામ, પુરૂષોત્તમ પુરાણી.

રમુજીલાલ--હાજી, આપણું નામ રમુજીલાલ જય શ્રીકૃષ્ણ જય ગોપાળ મુખથી કહેતા ઉપજે વહાલ જય શ્રીકૃષ્ણ જય ગોપાળ

ગુણવંતી--ભાઇ રમુજીલાલ

રમુજીલાલ--જયશ્રીકૃષ્ણ જય ગોપાળ કહો માજી શું કામ છે ?

ગુણવંતી--તારા બાપુ હજુ દરબારમાથી નથી આવ્યા ?

રમુજીલાલ--ના માજી નથી આવ્યા, હમણા આવશે હાજી આપણું નામ રમુજીલાલ જયશ્રીકૃષ્ણ જય ગોપાલ

તુળજારામ--(આવીને) બચ્ચા રમુજીલાલ

રમુજીલાલ--જયશ્રીકૃષ્ણ જય ગોપાળ

તુળજારામ--હવે જાને જેગોપાળવાળા તારી બા કયા ગઈ?

ગુણવંતી--કેમ આ રહી શુ કહેવાનુ છે ?

તુળજારામ--વહાલી તમે કુમાર ધ્રુવજીની હકીકત સાભળી કે?

ગુણવંતી--હા નાથ મે જ્યારથી એ દેખાવ જોયો છે ત્યારથી મારૂં હૃદય થર થર કપે છે પણ ધન્ય છે માતા સુનીતિની ધીરજને કે તેમણે એવા નાના બાળકને પ્રભુભજન કરવાની રજા આપી

તુળજારામ--વહાલી રજા ન આપે ત્યારે શું કરે ? જ્યા આભ ફાટયો ત્યા થીગડુ શી રીતે દેવાય મે પણ મહારાજાને ભરી કચેરી વચ્ચે કહેવામા કાઈ કચાસ રાખી નથી પણ શુ કરૂ એ ભોળા ભુપને કાઈ અસર ન થઈ જેથી લાચાર

ગુણવંતી--ત્યારે પતિ આપણે હવે શુ કરવુ ? કુમાર ધ્રુવજી અને માતા સુનીતિનુ દુખ જોઇ ઘરમા બેસી રહેવુ ?

સુનીતિ--નહી નહી નહી એ મારા બાળારાજાના સુખને માટે આ રાજ્ય તજવુ પડે, ભીખ માગીને પેટ ભરવુ પડે તે બહેતર છે પણ ખુશામતીયા ખરની માફક જ્યાસુધી આ દેહમા પ્રાણ છે ત્યાસુધી રાજ્યનુ નિમક હરામ નહી કરૂ નહી કરૂ તે નહીજ કરૂ

ગુણવંતી--વાહ મારા નાથ ધન્ય છે તમારી હીમતને ! જેનું નિમક ખાવું તેનું હિત કરવુ એજ મનુષ્ય માત્રની ફરજ છે માટે ખુશીથી તમે ધ્રુવજીની શોધ કરવા જાઓ અને સ્વામિ ધર્મ બજાવી કૃતાર્થ થાઓ ફરી ફરી આવો ઉત્તમ અવસર નહી મળે

રમુજીલાલ--શાહાબાશ શાહાબાશ માતા પિતા આફ્રીન આફ્રીન

તુળજારામ--અરે મુર્ખ એમા શાહાબાશી શુ આપે છે, સ્વામિ ધર્મ માટે હજારો માણસોએ પોતાના પ્રાણ આપી અવનિ પર નામ અમર કર્યા છે તેની તને શી ખબર પડે

ગુણવંતી--સત્ય છે સ્વામિ જેણે આ જગતમા જન્મ લઈ સ્વામિધર્મ બજાવ્યો નથી એવા અધમ નરો આ જગતમા જીવતા છતા મુઆ બરોબર છે પણ પતિ, પેલા પડોપાનમ પુરાણીના સવા રૂપીયા માટે આપ શુ

કહો છો ?

તુળજારામ—એ પુરાણીને મારે એક પાઇ આપવી નથી અને ઉલટા પાચ રૂપીયા લેવા છે

રમુજીલાલ—બાપા લેવા તા જાશે પણ હાથે કરી હળવા થાશો કમકે આજ તો તે ન કહેવાનુ કહી ગયો અને તમને ગાળો દઇ ગયો

તુળજારામ—ઓય મારો બેટો

રમુજીલાલ—વળી એ પુરાણી પ્રપચનો તો ભરેલ છે

તુળજારામ—એ પુરાણી પ્રપંચનો ભરેલ છે પણ આ તુળજારામ તડાકીયો માથાનો કરેલ છે માટે હુ તમને યુક્તિ બતાવુ તે પ્રમાણે કરો તો કામ થાય અને સવા રૂપીયાનુ સાલ ટળી જાય

રમુજીલાલ—કહો બાપા કેવી રીતે

તુળજારામ—કેવી રીતે શું, જો જાણે મારે મરી જવુ, અને તારે સમશાનીયો થાવુ લાકડાનું ગાડુ અને અતકાળીયો લાડુ તૈયાર રાખવો પછી પુરાણી આવે કે તેની પાસે કાલાવાલા કરવા કે મારી મા ઘેર નથી અને મારા બાપાને કાઇ થઇ ગયું છે માટે એક પાંચ રૂપીયા આપો તો તેમની ઉત્તરક્રિયા કરૂ

રમુજીલાલ—વાહ બાપા યુક્તિ તો ભારે કરી, લ્યો હવે તમે ઝટ મરી જાઓ.

ગુણવંતી—પતિ એક સવા રૂપીયા માટે આટલા બધા વાના કરવા પડે છે તેના કરતા તેનો સવા રૂપીયો આપી દ્યો તો શુ ખોટું ?

તુળજારામ—અરે જા જા એવા દાગીને સવા રૂપીયો આપવો તેના કરતાં ખોડા ઢોરમા નાખવો શું ખોટો. ચાલ ચાલી જા ઘરમા ખબરદાર જો કાઈ પણ બોલી છે તો તારી વાત તે જાણી

ગુણવંતી—બહુ સારૂ, પતિ પણ આ સારૂ નથી થતુ

તુળજારામ—અરે કહુછુ કે જા

પુરાણી—કા ગોરાણી !

તુળજારામ—વાહવા, કામ ફતે નાશીકા ચાલે છે જાતરમા સત્યાનાશ સવારના પહોરમાં; મારો બેટો યાદ કરતાજ આવ્યો કા બચ્ચા રમુજીલાલ હવે હુ મરી જાઉં છુ માટે તું બરાબર હુંશીયાર રહેજે અને એ લોટમગાને લુતે મહોઢે કાઢી પાચ રૂપીયા પડાવજે.

રમુજીલાલ—હો બાપા એમાં કાંઈ કહેવુ ન પડે. તમે ઝટ મરી જાઓને.

તુળજારામ—મારો બેટો બાપાને મારવા તૈયાર થયો છે.

(મરી જાય છે રમુજી રૂવે છે) ઓ બાપારે

પુરાણી—કા ગોરાણી, હવે તો સવા રૂપીયો આપી દ્યાતો સારૂં (જોઇ) ઓય મારા બાપ આ શો ગજબ ! એ છોકરા તુ કેમ રડે છે ને તારા બાપને શુ થયુ ?

રમુજીલાલ--આવો પુરાણી મારી મા દરબારમા ગઇ અને પાછળથી મારા બાપાની આવી હાલત થઇ

પુરાણી—પણ મને હમણાંજ રસ્તામા મળ્યા હતા ને એટલી વારમા શુ થયુ ?

રમુજીલાલ--ઘરમા આવતા એકાએક ઠેસ વાગવાથી પડી ગયા અને બેશુદ્ધ થઇ ગયા, અરેરે હવે મારૂં શું થશે અને મારી માને કોણ બોલાવશે ?

તુળજારામ--એ હુ મરીશ. ઘરમા ગરીશ, પાછો ફરીશ, પણ મારૂં ધાર્યુ કરીશ છોકરા તારી મા કયા ? મારી વઉ કયા ? (૨)

પુરાણી--સત્યાનાશ આને તો સનેપાત થયો જણાય છે, એ છોકરા આડાસી પાડોસીને બોલાવ તારો બાપ બચે તેમ લાગતુ નથી

રમુજીલાલ--પુરાણી હુ કયા જાઉ પાડોશી કોઇ ઘેર નથી માટે મારી મા આવે ત્યા સુધી એક પાચ રૂપીયા આપો તો હુ ખાપણ વિગેરે મંગાવુ.

પુરાણી—ઓય મારા બાપ ! આ તો આવી ભરાણા જેવુ થયું, સવા રૂપીયો લેવા જતાં ઉલટા પાચ રૂપીયા આપવા પડશે. ઠીક હરી ઇચ્છા જો અંતકાળ વખતે ન આપું તો ખોટું કહેવાય. છોકરા લે આ પાંચ રૂપીયા જે જોઇએ તે મંગાવ.

તુળજારામ—પુરાણીનો સવા રૂપીયો સવા અઢી પોણાચાર પાચ (૨) એ છોકરા તારી મા કયા ? મારી વઉ કયાં ? તારી મા કયાં ? મારી વઉ કયાં.

પુરાણી—એ તમારો સવા રૂપીયો તમને માફ છે, અને આ બીજા પાંચ આપ્યા તે પણ તમને માફ છે તમારા જીવને સદગતી કરજો.

તુળજારામ—આહાહાહા. (બેઠો થાય છે.)

(ટેબલો.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—મહેલ.

પાત્રો—સુરૂચી, ઉત્તાનપાદ, ઘેલી, ચોપદાર.

સુરૂચી—(આવીને) વાહ વાહ, બાજી સુધરી ગઈ આનંદ થયો અને રાજકંટક દૂર ગયો. હવે મારા ભાગ્યનો સુર્ય ભપકો ઉઠયો, રજવાડાની રીત પ્રમાણે રાજ્યનો માલીક પાટવી કુમાર થાય પણ તે મારાથી કેમ જોવાય? એમ ધારી રાજાજીને આડું અવળું સમજાવી ધ્રુવને અપમાન સાથે અરણ્યમા મોકલ્યો જેથી મારા જીવને કાંઇક શાન્તિ થઈ હવે તો મારા કુળ દીપક ઉત્તમને ગાદીપતિ બનાવું અને રાજાને મારા હાથનું રમકડું કરી રમાડું ત્યારેજ મારૂં નામ સુરૂચી.

ઘેલી—હા, બાઇસાહેબ, અત્યારે તો આપનો ઉગાડયોજ સુર્ય ઉગે છે: જેમ મંત્રને આધીન દેવતા, ઉદ્યમને આધીન કર્મ, તેમ મહારાજા પણ આપને આધીન છે.

સુરૂચી—હા...જતો આધીન છે ત્યારેજ મન માન્યું કામ થાય છે અને એ અળખામણાં માતા પુત્રનું કાસળ નીકળી જાય છે. મેં ભર કચેરીમા ધ્રુવને એવા કુવચન કહ્યા છે કે જેથી તે જંગલમાં જરૂર જશે અને મારા મનની અભિલાષા પુર્ણ થશે

ચોપદાર—મહારાજાધીરાજ માહેષ્મતિને ઘણું ખમા.

ઘેલી—બાઈ સાહેબ, મહારાજા પધારે છે.

સુરૂચી—(રાજા આવે છે) પધારો પ્રાણેશ હું આપને પ્રણામ કરૂં છું. આજે આટલી બધી વાર કયા રોકાયા હતા?

ઉત્તાનપાદ—પ્રિયા જરૂરી કામને માટે રોકાયો હતો, આમ અધીરા કેમ થાઓછો?

સુરૂચી—નાથ, અધીરાઇ એ તનનો સ્વભાવ નથી પણ મનનો છે. જે સ્ત્રીના મનમા પતિના દર્શન વિષે અધીરાઈ નથી તે સ્ત્રી ન કહેવાય, પણ એક પથ્થરની પુતળી કહેવાય. કેમકે સ્ત્રીઓનો સાચો શ્રૃંગાર સાચું સ્વરૂપ અને સાચું દ્રવ્ય એ માત્ર એક પતિજ છે.

ઉત્તાનપાદ—વાહ પ્રિયા ધન્ય છે તમને. તમારા પવિત્ર પ્યારને લીધેજ મેં ધ્રુવ જેવા પુત્રનો ત્યાગ કર્યો અને સુનીતિનો સ્નેહ છોડી હરદમ તમારી

પાસેજ રહુ છું અને તમે કહો છો તેમજ કરૂં છુ કેમ ખુશી ?

સુરૂચી—પ્રાણેશ હું તો જ્યારથી આપની અર્ધાંગના થઇ છું ત્યારથીજ ખુશી છું કેમકે આપની કૃપા એજ મારૂ જીવન છે.

ઉત્તાનપાદ—વહાલી કહો યા ના કહો પણ તમારામા કાંઇ અજબ મોહની છે, તમોએ એવી તે કેવી ભુરકી નાખી છે કે હું તમનેજ દેખું છુ. ખરેખર પ્રિયા હું તમારા સ્વરૂપની સ્નેહ સાંકળમાં એવો બંધાઇ ગયો છું કે તમારા સિવાય એક પલ પણ મને યુગ સમ જાય છે.

સુરૂચી—પ્રાણનાથ, આપની ચાહના એજ મારા સદભાગ્ય છે જેમ કસ્તુરી વાસનાથી, રજની શશિથી અને વાટીકા પુષ્પથી શોભે છે, તેમ સ્ત્રીઓ પણ પતિના પ્રેમથીજ શોભે છે.

સુરૂચી, ઉત્તાનપાદ— ગાયન.

વાહ વાહરે રસીયા હૃદયે વસીયા, પ્રેમ પીંજરે ફસીયા;
આવો અલબેલી આવો, પ્રેમે અધરામૃત પાઓ,
આવું સારી સેવા બજાવું પ્રીતમ ગુણ ગાઉં હઇયામાં હરખાઉં
હો રસીયા કરી કસોટી મેં કસીયા .....વાહ વાહરે૦

પ્રવેશ ૭ મો.

સ્થળ—ઇંદ્ર ભુવન.

પાત્રો-ઇંદ્રગવરી નારદ, દાસીઓ.

ઇંદ્રગવરી, દાસીઓ— ગાયન.

આજ આનંદેરે (૨) ગરબો ગાઓને ઉમંગમાં
ઉમંગમાં ને રંગમાં સહુ સંગમાંરે—એનો૦
શિયલ ગુણ ગાઓને ઉમંગમાંરે—એનો૦
મોટો મહીમા છે સુંદર શિયળનોરે
સતિનો શણગાર એ કહેવાયરે—એનો૦
સુવૃત્તિ સમાન વસ્ત્ર અંગને શોભાવે
પતિ સેવા એ પતિવ્રતાને પુર્ણથી દીપાવે

રીતી એ ધારી રેશે જો નારી, તો લેશે ઉગારી મોરારી,
ઊતારે ભવ પારરે..........એનો૦

ચંપા—બહેન હું એક વધાઇ લાવી છુ, કહો મને શું ઇનામ આપશો ?

ઇંદ્રગવરી—ઇનામની વાત તો પછી પણ પ્રથમ કહે કે શું વધાઇ લાવી છુ ?

ચંપા—વધાઇ તો એજ કે આપનાં લગ્ન હવે થોડા દીવસમાં થશે.

ઇંદ્રગવરી—કોની સાથે.

ચંપા—તે ખબર નથી.

ઇંદ્રગવરી—તેં આ વાત કયાથી જાણી ?

ચંપા—આપનાં માજીના મંદીરેથી

ઇંદ્રગવરી—શું મારાં લગ્ન થશે ? અરે હાય ! આ હુ શું સાભળું છુ ?
(મુર્છિત થાય છે)

મંજુ—શું થયું, શું થયું અમ્મા મારી બહેનને

ઇંદ્રગવરી—હા મને શું થયું, મારૂં ભાન કયા ગયું

રસિકા—શાન્ત બહેન, શાન્ત તમને શુ થયું તે જરા કહો તો ખરા, એટલે તેનો ઉપાય કરીએ

ઇંદ્રગવરી—શું કહુ કોને કહુ, કહુ છુ તો હાસી થાય છે અને ન કહુ તો જીવ જાય છે

દોહરો.

દીલની વાતો દીલ મહીં, કોઇને કહી ન જાય;
મુંઝાને સ્વપ્નું થયું, સમજ સમજ પસ્તાય.

ચંદ્રા—પસ્તાવા જેવુ શુ છે ? સત્વર કહો ને

દોહરો.

સ્નેહી સાથે શરમમાં, નવ રહો ઝાઝી વાર;
ભરમ ખુલે જો શરમનો, તો આવે ઝટ પાર.

માટે બહેન સત્વર કહો, અમને નહી કહો તો બીજા કોને કહેશો ?

ઇંદ્રગવરી—મારૂં પ્યાસી મન મૃગલુ નિર્મળ નિરની શોધ કરવા જ્યા ત્યા દોડે છે, પણ રસ્તાનું અજાણ્યું હોવાથી જ્યા જાય છે ત્યાંથી પાછું ફરે છે.

મંજુ—બળ્યું ઉહ, એવાં મૃગલાં બગલામાં તો અમે કાંઇ ન સમજીએ; જો

ખુલાસો કરો તો સમજાય.

ઇંદ્રગવરી--ખુલાસો, ખુલાસો તો આ ચંપા જે ખબર લાવી તે તમે સૌએ સાભળી

ચંપા--વાત તો સાચી, પણ જરા મહેરબાની કરી કહો તો ખરા કે આપ કેવા પતિને વરવા ચાહો છો

ઇંદ્રગવરી--હા હુતો પ્રભુના ભક્ત પતિ સાથે વરવા ચાહુ છુ, જો પ્રભુ મેળવે તો.

મંગુ—નહીં તો ?

ઇંદ્રગવરી—નહીં તો કુમારીકા વ્રત ગ્રહણ કરી આયુષ્યં પ્રભુ ભજનમાં વીતાવીશ.

નારદ—(અંતરીક્ષથી)

દુહો.

હોય ભક્ત પતિ ભવ મહીં, તરે તારે સંસાર;
સદા રહે પતિ સાથમાં, ધન્ય ધન્ય તે નાર.

ઇંદ્રગવરી—(ચકિત થઇને) જુઓ બહેનો જુઓ ! ! આ મારા તનને તૃપ્ત કરનાર અંતરમાં આનંદ ભરનાર આ અમૃતમય વાણી ક્યાંથી આવી ?

નારદ—

ગાયન.

ભજ ગોવિંદં ભજ ગોવિંદં, ગોવિંદં ભજ મુઢ મતિ,
ધામ ધરા ધન કામ ન આવે, અંતે અળગાં થાશેરે,
પળ પળ પ્રાણી હરીને ભજ તો, જીવ સ્વર્ગમાં જાશેરે-ભજ.

ધન્ય ધન્ય આતો નારદ મુનિ પોતેજ ! પધારો પધારો, પ્રભુ પ્રણામ કરૂં છું.

નારદ--પુત્રી સુખી ભવ

ઇંદ્રગવરી—મુનિરાજ આજ તો અચાનક આવી આ રંક બાળાનું સ્થળ પાવન કર્યુ પણ પ્રભુ આપે અંતરીક્ષ જે અમૃતમય વાણી ઉચારી તેનો અર્થ સમજાવોને

નારદ--ઘણીજ ખુશીથી પુત્રી સાભળો. જે સાધવી અને શ્રેષ્ટ કુમારીકાઓ ભક્તપતિની સાથે વરી તેની તન મન ધનથી સેવા કરે છે તેવી સદગુણી સ્ત્રીઓને શાસ્ત્રો ધન્યવાદ આપે છે

મંગુ--વાહ વાહ કેવું મઝાનું ! ત્યારે મુનિરાય આ બહેનને માટે વિધાતાએ કયો પતિ નિર્માણ કર્યો હશે, તે જરા જોઇને કહી આપોને ?

નારદ--સારૂં બહેન, તમારો હાથ લાવો. (હાથ જુએ છે) તમારાં પ્રારબ્ધ

બહુ પ્રબળ છે. તમે મૃત્યુ લોકમાં માહેષ્મતિ નગ્રના મહારાજા ઉત્તાનપાદના પાટવી કુમાર ધ્રુવજી સાથે પરણશો. એ ધ્રુવજી શ્રીવિષ્ણુ પરમાત્માના અનન્ય ભક્ત થઇ અવિચળ પદવીને પામશે.

ચંપા--આપે કહ્યું તે સત્ય પણ એમ કેમ બને ? જુઓને કયાં ઇંદ્રલોક અને કયા મૃત્યુલોક, કયાં અમરપતિના પુત્રી ને કયાં મૃત્યુલોકના માહેષ્મતિ નગ્રના કુમાર; એ જોડું તો કયાથીજ મળે

નારદ--મળશે પુત્રી મળશે એ બધું પ્રારબ્ધ યોગે મળશે. વિધાતાએ જે લેખ લખ્યા છે તે કોઇથી ફરે તેમ નથી હવે હુ રજા લઉ છુ. (જાય છે)

ભજ ગોવિંદં ભજ ગોવિંદં. (ગાતા જાય છે)

મંજુ—કાં બહેન હવે તમારા જીવને કેમ છે, આરામ છેના ?

ચંપા—પણ બહેન મહાત્મા નારદજીએ જે વાત કહી તે હુ નથી માનતી કારણ કે કયાં આકાશનો ચંદ્ર અને કયા સરોવરનું કુમુદ.

રસિકા—સત્ય છે. સુરકુમારીકાઓનો સબંધ મૃત્યુલોકના મનુષ્યો સાથે થવો અશકય છે

ઇંદ્રગવરી--અશકય શુ શકય છે. તમે ગમે તે કહો પણ હુ તો અત્યારથીજ પ્રતિજ્ઞા કરૂ છુ કે ભક્તરાજ ધ્રુવજી સાથે વરીશ અને મારૂં તન મન ધન તેનેજ અર્પણ કરીશ

મંજુ--હં હં, બહેન એવી પ્રતિજ્ઞા તે લેવાય કે ?

ઇંદ્રગવરી--હા લેવાય, ધ્રુવજી તુલ્ય સૂર્ય સમાન પતિને મુકી હવે આ ઇંદ્રગવરી પતંગીઆ રૂપી અવર પુરૂષને નહિ વરે નહિ વરે ને નહિજ વરે

ઇંદ્રગવરી— **ગાયન.**

પ્રીતેથી મેં તો લીધી છે પ્રતિજ્ઞા આ એની,
લોભાણી છું હું ખ્યાતી જાણી એની—પ્રીતેથી૦
નારદજીની વાણી સુણીને ચિત્ત ચોટયું સુંદર વરમાં
હરી ઇચ્છાયે હીરલો લાધ્યો હું તો થઇ ચુકી તન મનથી તેની.
(વાહ) પ્રીતેથી ....

પ્રવેશ ૮ મો.

સ્થળ—ભયંકર અરણ્ય.

પાત્રો—ધ્રુવજી, નારદ, અને ભુતડાંઓ.

ધ્રુવજી— ગાયન.

નોધારાના આધાર પ્રભુ મારા
એકલના છો બેલી ભાગ્યાના છો ભેરૂ (૩) રામ
માત પિતાને મેં તો મિથ્યા સબંધી ધારી
મનથી મુંકું છું વીસારી. વાલા મારા.
સર્વ ભકતો ને જ્યારે ભીડ પડી છે ત્યારે,
ધાઇને ગયા છો વનમાળી. વાલા.
બીરદ સંભારણ જાણી, દુખનીવારણ જાણી;
લેજો આ બાળ ઉગારી. વાલા મારા.

(ભયંકર ભુતોનો નાચ તોફાન.)

હા દેવ! હવે મારે શું કરવું? કયાં જાઉં? આ અઘોર જંગલ અને વિકાળ પ્રાણીયોના ભયંકર અવાજથી મહા મુનિવરોના મનમાં કંપારી છુટે તો પછી મારા જેવા બાળકનું શું ગજું? ઓ પ્રભુ હું તમારે શરણે છુ. મારા નાથ હવે મને ઉગારો, બચાવો અને આ ભવસાગરથી તારો કેમકે

છંદ.

જગ ઝેર જેવું જોઇને વિષ વાંછના અળગી કરી,
મન મોહ ત્યાગી લઉં છું માગી સ્હાય તારી હે હરી;
નહીં કોઇ છે મારૂં અહીં તવ આગળે કહું કરગરી,
દ્યો કમળ દળ સમ ચરણ સેવા માગું મુખથી ફરી ફરી.

(તોફાન શાન્ત)

આહા શું મારા વહાલાની દયા! સૌ તોફાન તો શાન્ત થયું પણ હવે મારે પ્રભુની ભક્તિ કેવી રીતે કરવી. હું ભજન યજન કે પુજનમા

કશું સમજતો નથી, વળી શ્રીહરિ કયા હશે તેની પણ મને ખબર નથી (વિચારીને) હા હવે યાદ આવ્યું, મારા માતાજી કહેતા હતા કે-

અનુષ્ટુપ છંદ.

જળે વિષ્ણુ, સ્થળે વિષ્ણુ, વિષ્ણુ પર્વત મસ્તકે;
જ્વાળા માળા કુળે વિષ્ણુ, વિષ્ણુ સર્વ મય જગત.

હે વિશ્વવિહારી મોહનવર મોરારી તમારે આશરે આવેલા આ નિરાધાર બાળકની સત્વર સ્હાય કરો, નહી તો આ પામર મુંઝાશે, અકળાશે, રીબાશે અને દુખી દુખી થાશે.

નારદ-- **ગાયન.**

રામ વિના નહીં બોલ રસના, રામ વિના નહીં બોલ.
વૃથા વાતે અપરાધજ લાગે પડે ભજનમાં ઝોલ--રસના૦
નિશદીન રામ ભજન રટવાને કર્યો ગર્ભમાં કોલ—રસના૦

ધ્રુવજી--કોણ કોણ મારા પ્રભુ ! ! જય જય અધમ ઉદ્ધારણ દુષ્ટ સંહારણ, નારાયણ આપનો જય. (દંડવત કરે છે.)

નારદ—કલ્યાણ, ધ્રુવજી હું નારાયણ નથી પણ નારદ છું

ધ્રુવજી—ધન્ય ભાગ્ય મારા કે મને આપ જેવા સદગુરૂ દેવના દર્શન થયા, મુનિરાય હું આપને અભિવંદન કરૂં છું.

નારદ—અસ્તુ, ધ્રુવજી આવી કિશોર અવસ્થામા તમારે જંગલવાસી કેમ થવું પડયું ?

ધ્રુવજી—આપ અંતર્યામી છો એટલે બધું જાણો છો, હું અનાથ પામર આ જંગલમા સનાથ થાવા આવ્યો છું. હવે મને પ્રભુ મહીમાનુ ભાન કરાવી ગુરૂમંત્ર આપો એટલે હું નિશ્ચિંતપણે શ્રીહરિનું ભજન કરૂં અને આ ભવસાગર સેજે તરૂં.

નારદ—ધ્રુવજીનું મન પ્રભુ ભજનમાં લલચાયું છે, પણ તેની વૃત્તિ અડગ છે કે નહી તે તપાસી જોઉં, અને ખાત્રી થાય તો ગુરૂમંત્ર આપું. ધ્રુવજી હું સમજ્યો પણ આ તમારો બાળ હઠ છે ભક્તિ કરવી એ કાંઈ છોકરાની રમત નથી, કેમકે ટાટ તડકા વિગેરે અનેક ઉપાધી વેઠવી પડે છે એ તમે નથી જાણતા ?

ધ્રુવજી—જાણું છું મુનિરાજ જાણું છુ, અને તેથીજ મેં આ રસ્તો લીધો છે પ્રભુભજન વિના આ જગતમાં અવતાર ધરી-

છંદ.

શું થયું સેજને પલંગ પોઢયા થકી, શું થયું શાલ દુશાલ ઓઢયા થકી;
શું થયું શેવ સાકર સુખે ખાઇને, જો ન ગઇ જીંદગી હરીગુણો ગાઇને.
શું થયુ રાજના તાજ શિર ધારીયા, શું થયું શત્રુથી કદી નવ હારીયા;
શું થયું કોટી ધન મેળવે ધાઇને, જો ન ગઇ જીંદંગી હરીગુણો ગાઇને.

નારદ—તમારા પિતાએ તમને ભરી સભામાં નથી બોલાવ્યા, અને નવી માએ મેંણુ માર્યુ તેથીજ તમે અહી આવ્યા છો અને આવું બોલો છો પણ તમારા હૃદયમાંથી એ રીસ ઉતરી જશે ત્યારે તમને પસ્તાવો થશે. માટે વિચારો અને પાછા જાઓ ભકિત કરવી તે કાંઈ સહેલ નથી.

ધ્રુવજી--શું હવે હું પાછો જાઉ ?

નારદ--હા.

ધ્રુવજી—કદી નહી, ભલે

છંદ.

આ ધરા પાતાળે જાય, કદી નભ અવની આવે;
મેરૂ મુકી માન અન્ય સ્થળ જઇ વિરામે.
સમુદ્ર પણ સૌ સાથ ભલે મર્યાદા મુકે;
શીત ગુણ તજી ચંદ્ર ભલે અગ્નિથી ઝુકે.
પણ મનમાં નિશ્ચય માનજો, હું પાછો અહીંથી નહીં ફરૂં;
ભલે બ્રહ્મા આવે બોધવા, અહી ટેક રદ નહીં કરૂં.

નારદ—તો ભલે પણ જ્યારે પ્રભુની ભકિતમાં એકાગ્રચિત્ત થાય છે ત્યારેજ પરમ દયાળુ પરમેશ્વર પ્રસન્ન થાય છે. માટે હજુ પણ ફરી ફરીને કહું છુ કે તમારી બાળ હઠ છોડી દીયો અને પાછા જાઓ, તમે એકલા જાતાં શરમાતા હો તો હું તમારી સાથે આવું અને તમારા પિતાને સમજાવી રાજ્યાસન અપાવું.

ધ્રુવજી—હું રાજ્ય લેવા નથી આવ્યો પણ શ્રીહરિનું અભયપદ લેવા આવ્યો છું. મારા પિતાનું રાજ તો શું પણ સ્વર્ગ મૃત્યુ અને પાતાળનું રાજ્ય અપાવો તો તુચ્છ ગણી ધિક્કારૂં છું માટે પ્રભુ! મારા નાથ! હું રંક પર કૃપા કરી ગુરૂ દીક્ષા આપો એટલે મારી ભકિત સફળ થાય.

નારદ—(સ્વગત) અત્યાર સુધી મેં અનંત ભક્તો જોયા પણ આવી અડગ

વૃત્તિવાળો બાળભક્ત તો આજ જ જોયો. વાહ વાહ શું તેનો ભાવ, શી તેની દ્રઢતા, ધન્ય છે એનાં માત પિતાને કે જેને ત્યાં આવું પુત્રરત્ન પ્રગટ થયું. (પ્રકાશ) ધ્રુવજી તમારી આવી અડગ વૃત્તિ જોઇ આજથી હું તમને મારા મુમુક્ષુ શિષ્ય ગણુ છું. તમારા જેવા ભક્તરાજના ગુરૂ થવામાં હુ મને ભાગ્યશાળી માનુ છુ. તમે મારા ઉપદેશને દીપાવી જગજાહેર કરશો એમ ધારી હું તમને ગુરૂ મંત્ર આપુછુ (કાનમા મંત્ર આપે છે.)

ધ્રુવજી—ધન્ય ધન્ય મારા સદ્ગુરૂ દેવ હુ કૃતાર્થ થયો, હવે મને શી આજ્ઞા છે ?

નારદ—આજ્ઞા તો એજ કે તમે અહીંથી મધુવનમાં જાઓ અને ત્યાં જઈ એકાગ્ર ચિત્ત હ્રદયમાં રમાનાથના ચત્રભુજ સ્વરૂપનું ધ્યાન ધરી અહોનિશ તેના પતિત પાવન નામનો અજપા જાપ જપજો. તમારૂં તપ પુરૂ થતા તમને અનેક વિઘ્નો અને અનેક માયાનાં આવરણો આવશે પણ તે તરફ લક્ષ નહી દેતા અડગ બની તપનું બળ મેળવજો કેમકે—

છંદ.

તપ બળ અપરંપાર, મહીમાં મહીમા મોટો;
તપ બળ અપરંપાર, જડે નહીં જગમાં જોટો.
તપ બળ અપરંપાર, દેવ પદ સહજ અપાવે;
તપ બળ અપરંપાર, પાપીને ત્રાસ પડાવે.
વળી તપ બળ અપરંપારથી, દાનવ દેવ ડરી જશે;
જાણો તપ બળ આગળે, ભવનો ફેરો ટળી જશે.

માટે હવે સત્વર સીધાવો, પ્રભુ તમારી મન કામના સફળ કરો એવો મારો આશિર્વાદ છે.

ધ્રુવજી—જેવી ગુરૂ દેવની આજ્ઞા.

નારદ—આહાહા, શું ઇશ્વર ભજનનો મહીમા છે, માટે જ્ઞાની જનો તમે સજ થાઓ અને ગોવીંદના ગુણ પ્રેમથી ગાઓ; ફરી ફરી આ મનુષ્ય દેહ મળનાર નથી.

નારદ— ગાયન.

તમે ચેતોને સમય વીતી જાએરે સુધડ નર.
માનો જીવન વૃથા જાય હોજી.

માયાને મંદીરીયાં ને કુટુંબ કબાલા જોઇ,
હઇયામાં કાં હરખાય હોજી.
જમના કીંકર જ્યારે ઝાલીને જાશે ત્યારે,
તું તારા મનમાં મુંઝાયરે. સુ૦
હવે તો હરીને ભાઇ ભાવેથી ભજી લેને,
કાં તુ ગારામાં ગોથાં ખાય. હોજી.
આરે અવતાર તારો એળે જો જાશે ભાઇ,
જીવડો ચોરાશીમાં જાયરે. સુ૦

પ્રવેશ ૯ મો.

સ્થળ-સ્વર્ગમાં ઇંદ્રની કચેરી.

પાત્રો-ઇંદ્ર, જયંત, બૃહસ્પતિ, નારદ, દેવતાઓ,
વારાંગનાઓ, ગણ, ચોપદાર, વગેરે.

ઇંદ્રસભા— ગાયન.

છાઇ રંગ એ રંગી ઉમંગી સુસંગી રહ્યો રંગ સઊ અહીં સ્થાન
અમન ચમન અમૃત વરસે મણીમય જળ હળ સ્વર્ગનું ધામ
અજર અમર દેવનામ મોહ મનોહર ઇંદ્રનું ધામ—છાઇ

ગાયન.

નારદ—(આવીને) **શ્રીમન નારાયણ નારાયણ નારાયણ. (૪).**

ઇંદ્ર—વાહ વાહ! મહદ ભાગ્ય છે મારા પધારીયા મહારાજ !

નારદ—અચળ રહો ઇંદ્રાસને તપો રાજને તાજ.

બૃહસ્પતિ—જય સચ્ચિદાનંદ નારદમુનિ જય સચ્ચિદાનંદ.

નારદ—જય સચ્ચિદાનંદ સુરગુરૂ બૃહસ્પતિ જય સચ્ચિદાનંદ.

ઇંદ્ર—કહો નારદ મુનિ મૃત્યુલોકના શા ખબર છે ?

નારદ—ઘણા સારા, જ્યાં સાક્ષાત સતયુગ પ્રવર્તે છે ત્યાં શું પૂછવું. રાજા

મહારાજાઓ યજ્ઞ આદિ કાર્ય કરે છે. ગૌ બ્રાહ્મણ અને પ્રજા વર્ગ નિર્ભય થઈ ફરે છે. યોગી મુનિ અને ભક્તજનો ભવસાગર તરવા ભગવત ભજનનો ભાર ભરે છે; એવા મૃત્યુ લોકની સ્વર્ગ પણ ઇર્ષા કરે છે.

ઇંદ્ર—ત્યારે શું આ સ્વર્ગ કરતાં મૃત્યુ લોક શ્રેષ્ટ છે ?

નારદ—નિ:સંદેહ, ઋષિ મુનિ ને ભક્તજનો કે જેનાથી દેવ દાનવો ડરે છે, બ્રહ્મા વિષ્ણુ ને મહેશ જેનો હુકમ ઉઠાવવા પાછળ પાછળ ફરે છે. એવા સમર્થ ભક્તો મૃત્યુ લોકમાં અવતરે છે અને તેથીજ આ સ્વર્ગ કરતાં મુત્યુલોક શ્રેષ્ટ ઠરે છે.

ઇંદ્ર—સુરગુરૂ શું આ નારદ મુનિની સત્ય વાણુ છે ?

બૃહસ્પતિ—હા. મૃત્યુ લોક તો ખરેખર ભક્તોની ખાણ છે.

ઇંદ્ર—ત્યારે આપ કૃપા કરી કહો કે અત્યારે મૃત્યુ લોકમાં એવી કોણ તપશ્ચર્યા કરે છે કે જેનાથી દેવ દાનવો ડરે છે.

નારદ—ઇંદ્રરાય હરીનું ભજન કરનાર તો અનેક છે. પણ દેહનુ દમન કરી તિવ્રતપ આદરી બેઠેલા બાળ ભક્ત ધ્રુવજી ફક્ત એકજ છે.

ઇંદ્ર—એ આપની ભુલ ભરી વાત છે, શુ મૃત્યુ લોકનો આપને પક્ષપાત છે.

નારદ—પક્ષપાત નહી પણ સત્ય વાત છે. મેં એ ધ્રુવજીની અડગવૃત્તિ જોઇ છે. તેના હૃદયમાં પ્રભુ પ્રત્યેનો પ્યાર અપૂર્વ ભર્યો છે, અને તેથીજ મેં ગુરૂ મંત્ર આપી સદબોધ કર્યો છે.

(નેપથ્યમા) પપપપ પાહીમામ્ પાહીમામ્ સુરપતિ રક્ષા કરો. (૨)

ચોપદાર—મહાન્ મઘવા બહાર દેવગણો અરજ કરવા આવેલ છે

ઇંદ્ર—જાઓ તેમને સત્વર પ્રવેશ કરાવો

દેવગણો—સુરપતિ રક્ષા કરો રક્ષા કરો

ઇંદ્ર—અરે દેવ ગણો તમને શું કષ્ટ પડયું છે તે સત્વર જાહેર કરો.

શંભુશંકર—દદદદ દેવેંદ્ર મમમ મધુ વનમાં એક ધ્રુવ નામના બાળકે મહાન તપ આદર્યુ છે અને તતતત તેણે તિવ્ર તપથી વાયુનું રૂંધન કર્યું છે, તેથી અમે સર્વ દેવતાઓ મુંઝાઈ ગયા છીએ માટે અમારી રક્ષા કરો. (૨)

ઇંદ્ર—શાન્ત થાઓ હું તેનો સત્વર ઉપાય કરૂં છું અને મારા અનુચરોને મોકલી તમારૂં દુ:ખ દુર કરૂં છું. હા દૈવ ! હવે શું થશે. શું એ તપસ્વી

બાળક તપને અંતે વરદાનમાં મારૂં ઈંદ્રપદ લઇ લેશે. નહીં નહીં કદી નહીં મારૂં તેજ અને બળ અપરંપાર છે તો એ બીચારા બાળકનો શો ભાર છે.

નારદ—-અરે ઈંદ્ર ઈંદ્ર આ તમે શું વદો છો ? એ તપધારી ધ્રુવજી તમારૂં ઈંદ્રપદ લઇ લેશે એવી મિથ્યા બીક તમારા મનમાં કેમ ધરો છો. અરે એ ધ્રુવજી તો.

છંદ.

હરી ભજનમાં લીન, નામ હરીનું તન મનમાં;
ચરણ કમળમાં ચિત્ત, લીપ્ત નહીં માયા ધનમાં.
અવલંબન ઉર એજ, ટેક એકજ તરવાની;
અભિલાષ પણ એજ, ભક્તિ અંતર ભરવાની.
વળી સ્વર્ગ તણાં સહુ સુખને, ઈંદ્રાસન નથી ઇચ્છતા;
રાગ દ્વેશ અળગો કરી, પ્રેમે પ્રભુ પદ પ્રિછતા.

(ઈંદ્રાસન ચલાયમાન થાય છે, સર્વ સભા ચકીત થાય છે.)

ડ્રોપ.

પ્રથમ અંક સમાપ્ત.

અંક બીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ગુણવંતીનું ઘર.

પાત્રો—ગુણવંતી, રમુજીલાલ, તુળજારામ, ઉત્તાનપાદ, વગેરે.

ગુણવંતી—બેટા આજે તારો જન્મ દીવસ છે માટે લે આ ઘરેણા પહેરી રમવા જા; રમત ગમતમાં સંભાળજે અને પાછો જમવા ટાણે વહેલો આવજે.

રમુજીલાલ—બહુ સારૂ, માજી હું જાઉં છુ અને પાછો હમણાજ આવું છુ. (સ્વગત) વાહ માતાનો પ્રેમ વાહ ! પણ મારો નાથ ન્યાય કરતા ચુક્યો કે માતા પિતાના સ્વભાવમાં ઘણોજ ફેરફાર મુક્યો. માટે કોઈ યુક્તિ કરી માતા પિતાના વાત્સલ્યભાવની કસોટી કરૂ હાજી આપણું નામ રમુજીલાલ જય શ્રીકૃષ્ણ જય ગોપાળ. (જાય છે)

તુળજારામ—કેમ ગોરાણી શું થાય છે રમુજીલાલ કયા ગયો ?

ગુણવંતી—આજે તેનો જન્મ દીવસ હોવાથી તમારા કહેવા પ્રમાણે તેને સારાં લુગડા અને ઘરેણાં પહેરાવી રમવા મોકલ્યો છે.

તુળજારામ—ઠીક, ભલે મોકલ્યો પણ જમવાને કેટલી વાર છે ?

ગુણવંતી—રસોઇ તો તૈયાર છે પણ રમુજીલાલ આવે એટલી વાર છે.

તુળજારામ—મારાથી તેની વાટ જોઇ રોકાવાય તેમ નથી, કારણ કે દરબારમાં વહેલું જવુ છે માટે તુ અને રમુજીલાલ પાછળથી જમજો

ગુણવંતી—હા એતો ઠીક, પણ તેને ઘરેણા પહેરાવ્યાં છે જેથી ચિંતા થાય છે. માટે તમે તપાસ તો કરો કે તે કેટલેક દૂર ગયો છે.

તુળજારામ—અરે જાશે તે ક્યાં ? આટલામાજ રમતો હશે, વળી ગોરના છોકરાને ગામ આખું ઓળખે છે જેથી ચિતા કરવી નકામી છે, કારણ કે અત્યારે મારી નાસિકા સારી ચાલે છે.

ગુણવંતી—નાથ તમારી નાસિકા કોઇક દીવસ નખોદ કાઢશે માટે થોડીવાર

ધીરજ ધરો તો સારૂં.

કપુરીયો—ગોર બાપા એ ગોર બાપા, તમારો રમુજીલાલ ને હું સાથે હીંચકા ખાતા હતા, તેમાં રમુજીલાલ પડી ગયો અને તેનો હાથ ખડી ગયો માટે ચાલો ઝટ બિચારો રાડો રાડ પાડે છે.

ગુણવંતી—જોયું નાથ! હુ નહોતી કહેતી કે તમારી નાસિકા કોક દીવસ નખોદ કાઢશે, હાય હાય! અરેરે મારા દીકરાને કોણ જાણે કેવુંએ વાગ્યું હશે; ભાઈ મારો રમુજીલાલ કયાં પડયો છે મને બતાવને!?

ઉત્તાનપાદ—(આવીને) આજ ઘરમાથી કરૂણાજનક અવાજ આવે છે માટે ચાલો બાજુ પર સાભળીએ.

તુળજારામ—પણ તું રડ છે શા માટે તારા દીકરાનો વાકો વાળ ન થાય એવી મારી નાસિકા ખાત્રી આપે છે.

ગુણવંતી—અરે બળી તમારી નાસિકા, પેટના દીકરા માટે તમને જરા પણ દયા નથી આવતી, અગે આવેજ ક્યાથી તમે પણ મહારાજા ઉત્તાનપાદના સહેવાસમા રહ્યા છો તેથીજ આવા દયાહિણ થયા છો.

તુળજારામ—શું તુ મને તેવા લેખે છે? ના ના એતો મહારાજા ઉત્તાનપાદ કે જેણે પોતાની નવી રાણીના ભભેરવાથી યુવરાજ ધ્રુવજીને વનવાસ મોકલ્યા, પણ હુ તેવો નથી સમજી

ઉત્તાનપાદ—અરે હાય! આ હુ શુ સાભળુ છું; શું નવી રાણી માટે મારી આવી ચર્ચા, આટલે દરજજે મારૂં બદનામ, હાય અફસોસ!

ગુણવંતી—હું તમારી ટેવ સારી રીતે જાણું છું, કે તમારે હાને ને નાને વેર છે. માટે હુતો જાઉ છું. અરેરે બેટા રમુજીલાલ!

કપુરીયો—ગુણવંતી બા, આ આવે તમારો રમુજીલાલ.

ગુણવંતી—હેં હેં કયાં છે મારો રમુજીલાલ?

રમુજીલાલ—જય શ્રીકૃષ્ણ જય ગોપાળ.

ગુણવંતી—બેટા તને કયા વાગ્યું? ભાઇ હુતો તારી વાત સાંભળી રોઇ રોઇને અડધી થઇ ગઇ.

રમુજીલાલ—નારે માજી મને તો કાઇએ વાગ્યુ નથી, વળી એવા ખોટા ખબર તમને કોણે મોકલાવ્યા? એતો મેં અમથો ઢોંગ કર્યો હતો.

ગુણવંતી—હાશ હવે મારા જીવને ટાઢક વળી.

તુળજારામ—કેમ ગોરાણી તારા રમુજીલાલને કાંઇવાગ્યું છે નાસિકાની થઈ ખાત્રી ?

ગુણવંતી—હા નાથ, તમારી નાસિકાની મને આજે પુરેપુરી ખાત્રી થઈ. પણ માતાનું હેત છે જેથી ધીરજ રહી નહીં.

રમુજીલાલ—વાહ વાહ આજે મને મારા માત પિતાના સ્નેહની સંપુર્ણ ખાત્રી થઇ. મેં યુક્તિથી ખોટા ખબર મોકલ્યા તેમા તો મારી મા રોઈ રોઇને અડધી થઈ ગઇ; ખરેખર મા તો મા ને બીજા સંસારના વા.

તુળજારામ—અચ્ચા રમુજીલાલ, તુ તારી માના વખાણ કરે છે અને આ તારા બાપનુ હેત તો કાઇ હિસબમાજ નહિ કેમ ?

રમુજીલાલ—પિતાજી તમારૂ હેત એવુ કે ધ્રુવજી પ્રત્યે મહારાજા ઉત્તાનપાદ જેવુ. નક્કી જો મારે નવી મા હોત તો મારા પણ ધ્રુવજી જેવાજ હાલ થાત.

તુળજારામ—જા જા મુર્ખા એ મહારાજ ભોળા ભટાક અને કાનના કાચા જેથીજ છતી આખે અંધ થાય પણ આ તો તુળજારામ આ તો તુળજારામ. એ આધળાને દેખતા કરે તેવો છે સમજ્યો.

ઉત્તાનપાદ—હા, કૃતઘ્નીના દાખલા ઘર ઘર દેવાય છે ખરેખર હુ છતી આંખે અ ધ છુ.

રમુજીલાલ—પણ પિતાજી મહારાજા ઉત્તાનપાદના હૃદયમા કુમાર ધ્રુવજીને માટે કાંઇ પણ નહીં થતું હોય ? અરે ધિક્કાર છે એવા દયાહીણ બાપને !? કે પોતાનાં નાના બાળક ઉપર જુલમ ગુજારે છે. હે ઇશ્વર એવા અંધની આંખો તું જલદી ઉઘાડ.

ઉત્તાનપાદ—બસ કર પુત્ર બસ કર, તેંજ આ અંધની ચક્ષુ ઉઘાડી છે ધન્ય છે ધન્ય છે.

તુળજારામ-ગુણવંતી—ઓહો કોણ મહારાજા ! અમારો અપરાધ ક્ષમા કરો. (બંને હાથ જોડે છે.)

ઉત્તાનપાદ—તમે અપરાધી નથી પણ મહાન ઉપકારી છો, આ મારાં મોહાંધ ચક્ષુ તમેજ ઉઘાડયાં છે, ધન્ય છે ધન્ય છે. અરેરે મે હાથે કરી ધ્રુવ જેવા કુમળા ગુલાબને દુ ખ રૂપી ધગધગતા અંગારામાં ફેંકી દેતાં કાંઇ પણ વિચાર ન કર્યો, મારા જેવા મુર્ખના હાથમાં આવેલા મણીને પથ્થર પર પછાડી છીન્ન ભીન્ન કરી નાંખ્યો. થોરના ઝાડે ફળેલ કદળી વૃક્ષ કેમ દીપે ? આ આકડાને ઝાડે આવેલું અમૃત ફળ કેમ જળવાય ? મોહ રૂપી મદિરાપાનથી ઉન્મત્ત ઉદરની માફક મસ્ત બની અત્યારે મારૂં

જીવન ને કીર્તિ બંને હારી ગયો, આવા એક સાધારણ મનુષ્યને સારા નરસાનું ભાન છે તેવું ભાન મને આખર સુધી ન થયું. અરે પણ ક્યાથી થાય ! એ બધું રાણી સુરૂચીના મોહ પાસમાં પડવાનું પરિણામ છે એ પૃથ્વી, એ આકાશ, એ પાતાળ, એ વાયુઓ, દેવતાઓ અને મુનિવરો, તમો સર્વે એકે અવાજે ધિક્કારના શબ્દો કાઢો અને કહો કે એ અધમ ઉત્તાનપાદ ધ્રુવ જેવા પવિત્ર પુત્રને વગડે વગડે રખડતો કરનાર પાપી ઉત્તાનપાદ તને હજાગે હજારવાર ધિક્કાર છે **ધિક્કાર છે** ધિક્કાર છે (જાય છે.)

તુળજારામ—ગોરાણી જોયું કે ! મહારાજાને બહુજ પસ્તાવો થયો છે માટે હું તેમની પાસે જાઉ ને જરા શાન્તિ સીચન કરી આવું.

ગુણવંતી—સત્ય છે સ્વામિ, અહાહા ! ભોળા રાજાએ નવી રાણીના ભંભેરવાથી પોતાનું ભવિષ્ય કેવુ બગાડયુ છે, માટે તમે મહારાજાને શાન્તિ આપી બારોબાર ધ્રુવજીની શોધ માટે જાઓ અને ગમે તેમ કરી મારા બાળારાજાને પાછા રાજ્યમા બોલાવી લાવો.

તુળજારામ, ગુણવંતી— ગાયન.

કાર્ય કરવારે છું મરવારે તન મન ધન સાથે તૈયાર
ત્યારે થાવો તૈયાર હવે શાની છે વાર શોધો આકાશમાં કે પાતાળ.
ધ્રુવજી મારા પ્રાણ પ્યારા આંખના તારા,
શોધીશ ત્યારે મને શાન્તિ થાય, હું શોધીસ ત્યારે મને શાન્તિ થાય.
હામથી કામ થાયે સદાય, એમ ગુણીજનો સહુ ગાય—કાર્ય.

(પડદો ઉપડે છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ મહેલ.

પાત્રો–ઉત્તાનપાદ, તુળજારામ, નારદ, ઉત્તમ, અને સુરૂચી.

ઉત્તાનપાદ— ગાયન.

ખળ ખળ ખળ આંસુ આંખથી આ ખરે છે,
ધગ ધગ ધગ હૈયું બાપડું આ બળે છે.
પળ પળ પળ પ્રગટે અંગમાં અગ્નિ એનો,
વિરહ બહુ દમે છે આજ કુમાર ધ્રુવનો.
ધ્રુવજી વિના મારૂંરે જીવન થયું ખારૂં,
જીવન થયું ખારૂં સહુ સુખ અકારૂં. ધ્રુવજી.
નારીના નેહે લપટાઇ ભુલ કરી ભારી,
ન્યારૂં કર્યું બાળ બિચારૂ રે. જીવન.
રાજ તાજ વૈભવ બધા જોઇ બળે ઉર લાય,
પુત્ર વિયોગે પ્રાણ મુજ પાપી કેમ ન જાય,
હાય થશે શું હવે મારૂંરે. જીવન.

હાય અફસોસ આંગણામાંથી અમૃત છોડને ઉખેડતા પહેલા મેં જરા પણ વિચાર ન કર્યો. ધ્રુવ જેવા કુળમણી પુત્રને અપમાન પહોંચાડી અળગો કરવાની મેં મહાન ભુલ કરી છે. પુત્ર ! મારા સદ્પુત્ર ! તમે અત્યારે કયા હશો ? હા તમારા ઉપર જે ગજબ ગુજાર્યો છે એ પાપમાંથી મને મુક્ત કરવા આ માગી સમશેર મારી પાસેજ છે. (કાઢીને) ઓ શક્તિ સ્વરૂપ સમશેર તું તારા સફેદ શરીર પર સુરખ પોષાક ધારણ કર અને તારી તિક્ષણ ધારથી આ અભાગીનું માથું ધડથી જુદું કરી નાખ; એટલે હુ મારા ધ્રુવજીને દુભાવ્યાનો બદલો મળ્યો સમજી મારા રીબાતા આત્માને સત્વરે શાન્ત કરૂં.

(મારવા જાય છે ગોર હાથ પકડે છે.)

તુળજારામ— હું હું અંનદાતા એકદમ સાહસ કરતાં વિચારો, પોતાના દાંતથી કરડાયેલી જીભનો દોષ કોને દેશો ? માટે ધીરજ ધરો અને શોકને દુર કરો.

ઉત્તાનપાદ—મારા રાણા અને શુભેચ્છક ગોર પુત્ર વિયોગનો શોક હું કેવી રીતે દુર કરૂં ? મારા ધ્રુવજી વિના મને ક્યાય પણ ચેન પડતું નથી. આહા ! એ એકલો, અટુલો, ભુખ્યો, તરસ્યો કયાં ભટકતો હશે, અરે ઓ કઠોર ને નિર્દય હૃદય ! તારા સહસ્ર કટકા કેમ થતા નથી, ઓ પવિત્ર ધરા ! તમો આ અધમ કલેવરને કેમ ગેપ કરતા નથી, ધિક્કાર છે મને અને મારા જેવા નબળા પુરૂષોને કે વગર વિચારે પોતાના બાલુડાને આંખથી અળગો કરે છે.

ઉત્તમ—(દોડતા આવીને રોતાં) પિતાજી ઓ મારા વહાલા પિતાજી હવે આમ નકામો શોક શા માટે કરો છો ? આપ જેવા પ્રતાપીચંદ્રને મોહ રૂપી રાહુનો પડછાયો પડવાથી આપની પવિત્ર અને નિર્મળ કીર્તીને કાળો ડાઘ લાગ્યો છે તો હવે હીંમત રાખો અને ભાઇ ધ્રુવજીની તપાસ કરાવો.

ઉત્તાનપાદ—પુત્ર હું હીંમત શી રીતે રાખું અને ધ્રુવજીનો વિયોગ કેમ સાંખું ? પુત્ર મારા વહાલા પુત્ર તારૂં મનહર મુખડું હું ક્યારે નિરખું.

સુરૂચી—પણ એતો ગયો, એની પાછળ આટલો બધો શોક શા માટે કરો છો ? એ અળખામણો તો ભટકતા રામની પેઠે કયાંય ભટકતો હશે, યુવરાજના પદને શોભાવે એવું તેનામાં એક પણ સુલક્ષણ ક્યાં હતું ? જે થયું છે તે વ્યાજબીજ થયું છે માટે તેનું નામ જવા દ્યો. વળી આ તમારો કુળ દીપક પુત્ર ઉત્તમ તો તમારી પાસેજ છેના.

ઉત્તાનપાદ—ચુપ રહે ઓ ઘાતકી અને ક્રૂર સ્વભાવની રાણી તારી ચતુરાઇ મેં જાણી; તારા જેવી હળાહળ વિષવેલીના સેવનથી મેં વિખ ફળનો સ્વાદ પુરેપુરો ચાખ્યો છે બસ જા દુર થા, તારૂં કાળું મોઢું મને નહીં બતાવ.

સુરૂચી—અરે પણ મહારાજ !

ઉત્તાનપાદ—બસ જા.

ઉત્તમ—સત્ય છે માજી આપના બોલવાથી મારા બાપુના શોકમાં વધારો થાય છે માટે કૃપા કરી આપ અંદર પધારો.

સુરૂચી—ઠીક...આતો ઉલટો ગુણના ઉપર અવગુણ કેમ !! પણ તમને ખબર છે કે મેં જે કર્યું છે તે તમારા સુખને માટે કર્યું છે જાણ્યું.

ઉત્તમ—જાણ્યું માજી જાણ્યું, મારા જેવા ગરીબ પંખીની બાંધવ રૂપી આંખ

કાપી નાખવામાં આપે ઉંદર રૂપી ઉદ્યોગ આદર્યો છે તે હું પુરેપુરૂં સમજ્યો છું પણ હવેથી હું આપને પગે લાગીને કહું છું કે મારૂં હિત કરવાની આપ જરા પણ તસ્દી લેશો માં. હા! જ્યેષ્ટ ભ્રાતા ધ્રુવજીનો ત્યાગ કરાવી હું આ રાજ્યસુખ ભોગવવા જરા પણ ઇચ્છતો નથી, હવેથી આપ તેના અહિતમાં એક પણ પગલું ભરશો તો હું પ્રતિજ્ઞા લઇ કહું છું કે આ રાજ્યનો ત્યાગ કરી જોગી વેષે જંગલમા ચાલ્યો જઇશ.

સુરૂચી—અત્યારે આ વાત પડતી મુકી અહીંથી ચાલી જાઉં નહીં તો ક્યાંક નવિન થશે અને હાથના કર્યા હૈયે વાગશે.

ઉત્તાનપાદ—અરે આ હું શું સાંભળું છું, હા સત્ય છે સત્ય છે કે સ્ત્રીના પર ઝાઝો મોહ અને વિશ્વાસ રાખવાથી અંતે પોતાનોજ વિનાશ થાય છે. આહા, ગમે તેવી ડાહી તોપણ સ્ત્રીજ, અજવાળી પણ રાત, અરે પણ એમાં એનો શો દોષ ' ધારો કે તે તો ધ્રુવજીની અપર મા છે એટલે ધ્રુવજીપર કરડી નજર રાખે, પણ ખરૂં જોતા તો દોષ મારો અને મારી તુચ્છ બુદ્ધિનોજ છે

તુળજારામ—અન્નદાતા, જે થવાનુ હતું તે થયું. ઇશ્વર ઇચ્છા બળવાન છે, માટે હવે હિંમત ધરો અને આપ સુનીતિ માતાને મહેલે પધારી તેમનો શોક દુર કરો.

ઉત્તાનપાદ—ગોર તમે ઠીક સંભાળ્યું, એ પવિત્ર હૃદયના રાણી ધ્રુવજીના વિયોગમા બહુ રીબાતા હશે માટે ચાલો પુત્ર આપણે ત્યા જઇએ અને તેને રાજમહેલમાં બોલાવી લાવી એનું પટરાણીપદ પાછું આપીએ.

નારદ— **ગાયન.**

શ્રી નટવર તું અજર અમર તું, અહોનિશ હૃદયમાં રટણ કરૂં હું;
શ્રી નારાયણ નારાયણ.

ઉત્તાનપાદ—પધારો મુનિરાજ પધારો હું આપને નમન કરૂં છું

નારદ—કલ્યાણ રાજેંદ્ર તમારૂં કલ્યાણ થાઓ! આજે કેમ મુખ પર ઉદાસીનો ભાસ દેખાય છે.

તુળજારામ—મુનિરાજ મહારાજાના પ્રેમ અભાવે યુવરાજ ધ્રુવજી વનમાં ગયા છે અને તેના વિયોગમાં મહારાજા મુંઝાય છે.

નારદ—હોય રાજેન્દ્ર, એમાં શોક શાનો; તમારાં અહો ભાગ્ય કે ધ્રુવજી જેવા

કુળ ઉદ્ધાર કુમાર તમારે ત્યા અવતર્યા છે; તેઓ મધુવનમા પ્રભુની ભક્તિ કરે છે. મે તેને ગુરૂ ઉપદેશ આપ્યો છે જેથી તે વિષ્ણુ ભગવાનને પ્રસન્ન કરી મહાન પદના અધિકારી થશે

ઉત્તાનપાદ—શુ ધ્રુવજી મધુવનમાં તપ કરે છે ?

નારદ—હા,

તુળજારામ—વાહ વાહ ત્યારે હુ ત્યાં જાઉ અને ગમે તેમ કરી મારા બાળા રાજાને લઈ આવું

નારદ—હવે તમારે ત્યા જવાની જરૂર નથી, તે પોતે પોતાનું તપ પુરૂં કરી પાછા અહીં આવશે. તેમ છતા તમારી મરજી હોય તો જાઓ, હવે તેની ચિન્તા રાખવી નકામી છે. કેમકે—

પદ.

હરીએ ઝાલી બાંહ્ય, ભીતિ કોની તે રાખે;
હરીએ ઝાલી બાંહ્ય, સ્હાય ભુધરની ભાખે.
હરીએ ઝાલી બાંહ્ય, ભલે જંગલમાં વાસો;
હરીએ ઝાલી બાંહ્ય, પડે નહીં અવળો પાસો.
વળી સ્હાય મળે શ્રીહરિ તણી, તો અવર ઓથ શા કામની;
નિર્ભય થઇ નર તે ફરે, મળે સ્હાય જો રામની.

નારદ— ગાયન.

સઉ રામ નામને સાધોરે સંતો પ્યારા, ભાઇ ભક્તિ રસ્તે વાધોરે—સંતો૦

આવ્યા સઉ હરિને મળવા સમજીને સુકૃત કરવા,
આ ભવ સાગરથી તરવારે..............સંતો૦
ગીતાજી ગાઇ કહે છે રામાયણમાં પણ તે છે,
વેદ પુરાણ એમ વદેછેરે......... ....સંતો૦

પ્રવેશ ૩ જો.

સ્થળ—બગીચો.

પાત્રો--માયા, ઇન્દ્ર, અને દાસી.

માયા-- ગાયન.

માયા હું મદમાતી યોવનમાં લચકાતીરે.
શોભા સુંદીર મમ તન ધારે, રંભા રતિનો ગર્વ ઉતારે.
સકળ લોકમાં શકિત ધરાવી, સુરનર સરવેને શેવરાવી;
મુનિવરને ગોથાં ખવરાવી ખુબ ઉરે ખુશી થાતીરે. માયા.

દાસી--દેવમાયા દ્વાર પર ઇન્દ્રરાય પધાર્યા છે.

માયા--ઓહો કોણ ઇન્દ્રરાય પધાર્યા છે !? ચાલો ત્યારે તેમનું સનમાન કરીએ. પધારો પધારો સુરાધીશ, આજ તો ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી કે મારે મંદિરે પધારવાની આપને તસ્દી લેવી પડી

ઇન્દ્ર—દેવમાયા શું કહુ, માહા વિપરીત વાત છે કે અત્યારે મારૂં માન અને ઇન્દ્રાસનનું રક્ષણ એ સર્વ તમારે હાથ છે.

માયા—સુરપતિ શોક મુકત થાઓ અને સમજાવીને સર્વ વાતની સેવા ફરમાવો.

ઇન્દ્ર—દેવમાયા, સેવા તો એજ કે અવનિ પર એક ધ્રુવ નામનો બાળ ભકત અતિ ઉગ્ર તપ આદરી બેઠો છે કે જેથી મારો અધિકાર જાય એવો પૂર્ણ ભય મારા અંતરમાં પેઠો છે, માટે હવે વિલંબ નહીં કરતા તાકીદે તૈયાર થાઓ અને તમારા સાહિત્યો તથા સૈનિકો લઇ એ બાળકનું તપ ભગ કરવા પૃથ્વી પર જલદી જાઓ

માયા—ઇન્દ્રરાય ઇન્દ્રરાય, આ તમારી વહેમ ભરી વાત છે, જેને પરમાત્માના પવિત્ર પદની આશા છે તેની આગળ તમારૂ ઇન્દ્રાસન શું વિસાત છે? વળી કોઇ દુષ્ટ કે દાનવ દેવતાઓને દુખ દેવા તપ કરતો હોય તો તેને તુરત મારા ફંદામાં ફસાવું પણ પ્રભુના ભકતોને દુખ દેવા કે વ્યર્થ હેરાન કરવા તો કદાપી નહી જાઉં નહીં જાઉં ને નહીં જાઉં.

ઇન્દ્ર—દેવમાયા દેવમાયા, તમે શું ઉચ્ચરોછો, ત્યારે તો એમજ કહોને કે તમે મારી આજ્ઞાને ઉલંઘન કરોછો.

માયા—નહીંજી આપની આજ્ઞા અમારાથી ઉલંઘન કેમ કરાય ? પરંતુ આપ પૂર્ણ વિચાર કરજો કે પાછળથી પસ્તાવા ન થાય.

ઇન્દ્ર—હશે, પસ્તાવું કે ન પસ્તાવું એનો વિચાર મારે ધરવાનો છે તમારે તો એકદમ મારી આજ્ઞાનો અમલ કરવાનો છે માટે સત્વર જાઓ.

માયા—જેવી આજ્ઞા, આપ સીધાવો, વાહરે રાજલોભ તું જે ન કરે તે થોડુંજ છે, હરી હરી જે સગાં સબંધીના સ્નેહને પરહરી અનેક પ્રકારનાં સંકટો સહન કરી તપ કરી ભાવથી ભગવાનને ભજે છે એવા બાળ ભક્ત ધ્રુવજીને દુ:ખ દેવા જતા મારા હાડ થર થર ધ્રુજે છે. પણ શું કરૂં, પરાધીન સ્વપ્ને સુખ નાહી. હે પરમાત્મને આપની પ્રત્યે મારી પ્રાર્થના છે કે બાળ ભકત ધ્રુવજીનું તપ અખંડ રહો અખંડ રહો; સ્વર્ગ મૃત્યુ અને પાતાળમા મારી શક્તિનું જોર જબરૂ છે પણ એ પ્રભુના પવિત્ર ભક્તો આગળ મારૂ સઘળું જોર નબળું છે કેમકે.

માયા— **ગાયન.**

જોઇ માયા મોટા મોટા ભરમાયા ખોઇ કાયા રણમાં રોળાયા રાણી જાયા,
માયાને માટે મરાણા ધીર વીર સમર્થ ને શાણા છેલા નર પણ છેતરાયા.
ધીરા ધ્રુવજીએ ધાર્યા હૃદયે પરમેશ્વર પ્યારા.
હારૂં એથી હું હીંમત હારૂં,
લોભે તો લોભાણું બતાવી મારી માયા-જોઇ.

(પડદો ઉપડે છે.)

પ્રવેશ ૪ થો

સ્થળ-બગીચો.

પાત્રો-ઇંદ્રગવરી, જયંત, ચંપા, ચંદ્રા, સુનંદા, રસિકા, મંજુ, નારદ, વગેરે.

સર્વ— **ગાયન.**

ખીલી છે કેવી કૃતિ કીરતારની આંહી મન મારૂં જોઇને હરખાય. ખી.
જીવન સુખ સઘળું આ શોભાય, વન ઉપવન જોઇ મન લોભાય. ખી.

સકળ સુમન ભીન ભીનથી ફુલ્યાં, નવિન રંગ આ પલ્લવ ઝુલ્યા;
ભમરં ભોગી ઉમંગે કરે છે, ટૌકા કોયલ કીર મેના કરે છે,
મયુ નાચે ખુલ ખુલ ચિત્ત હરતા, ગર્વ ધરી પક્ષી મહી ફરતા
સરોવર તિર હંસ અતિ નાચે, રાગ રંગથી મુજ મન રાચે,
જીવન સુખ સઘળું આ શોભાય—ખીલી છે.

ચંદા—બ્હેન ઇન્દ્રગવરી, જુઓ તો આ સ્થળ કેવું સુંદર છે ! ’

ઈંદ્રગવરી--આ તપેલા તનને શાન્તિ કરનારૂ અને યોગી મુનિના મનને આ-નંદ ભરનારૂં છે

રસિકા—ખરૂં છે બહેન હિમાલયની પવિત્ર માન સરોવરની કુંજઘટાનો ભાગ તો હમેશા હરીયાળો અને પુષ્પિત રહે છે.

ઈંદ્રગવરી—આહા ઇશ્વરની રચના તો અલોકીક છે જુઓને પેલીકોર નવરંગી પુષ્પોની કળીયો કેવો ખીલી રહી છે ! તે પોતાનો તાજો સ્વાદીષ્ટ અને રસભર્યો પરાગ મદમાતા મધુકરને ચખાડવા કેવો અધીરી થઇ રહી છે.

મંગુ—હું જોયુ કે કેવું યાદ આવે છે '

ઈંદ્રગવરી—પણ મધુકર તેની પાસે કેમ નહી આવતો હોય ’

મંગુ—આવશે બા આવશે, પરાગ રસ ચાખશે અને કળીને પુર્ણ કળાથી ખીલાવશે.

ઈંદ્રગવરી—પણ તે આવશે ક્યારે ’

મંગુ—સમય થશે ત્યારે.

ઈંદ્રગવરી—તેટલામા તો કળી કરમાઇ નકામી જશે તો ?

રસિકા—બસ એટલીવારમાં મહાત્મા નારદ મુનિના વચન અને લીધેલી પ્ર-તિજ્ઞા તો ભુલીજ ગયાં કે—

ઈંદ્રગવરી, દાસીઓ— **ગાયન.**

જાને ઘેલી સાહેલી છો મન મેલી સતાવે શાને મારી બેન
આવી વાણી જાણીને જાઉં હારી
વાહ શાણી જોઇ ચતુરાઇ તારી
હું હારી ભાન સારી
ના ગભરાવો કાં દુભાવો શું ક્રુર થાઓ બસ દુર જાઓ--જાને

લાગી કટારી કારી કરૂ કયાં જઇને હું રાવ મારૂં મન બહુ મુંઝાય
જીવ જાય ન સહેવાય ન રહેવાય ન કહેવાય કંઇ કંઇ થાય
ઉર ગભરાય૦

જયંત—(આવીને) અરે આજ તો બ્હેન પણ સખીઓ સાથે અહીં આવ્યા છે ને શુ !

ઇંદ્રગવરી—ઓ પ્રભુ ! મારા લગ્ન ભકતરાજ ધ્રુવજી સાથે થાય એવું સમજાવવા મારા પિતા ઇન્દ્રરાય પાસે કોણ જાય ?

જયંત—અરે આ હુ શુ સાભળુ છુ, બહેન ઇન્દ્રગવરીનું મન ધ્રુવજી સાથે વરવા કેમ લલચાયુ વળી તેનુ નામ પણ તેણે કયાથી જાણ્યું, માટે ચાલ જલ્દી જઇને સમજાવુ નહી તો વિપરીત થશે અરે ઓ નાદાન બહેન તુ આ શું બોલે છે અને કોને યાદ કરે છે ?

ઇંદ્રગવરી—અરે હાય ! ઓ પ્રભુ ! (શરમાય છે)

જયંત—તુ કોણ અને કોની પુત્રી છે, તેનો જરા વિચાર કર કેમ ચુપ રહી બોલ તુ હમણા કોને યાદ કરતી હતી ?

ઇંદ્રગવરી—કોને શુ ! ? મારા જીવન આધારને

જયંત—એ તારો જીવન આધાર કોણ છે ?

દાસીઓ—હ (ભાઇ જયંત, બહેન ઉપર આવી રીસ કરાય કે ?

જયંત—ચુપ રહો, બોલ બોલ નહીં તો હમણાજ મારા ક્રોધની ભોગ થઇશ.

ઇંદ્રગવરી—મધુવનમા મહાન તપ કરનાર પિતાના ઇન્દ્રાસનને ડોલાવનાર પ્રતાપિ ભકતરાજ ધ્રુવજી છે

જયંત—હેં, તું આ શુ બોલે છે ? પિતાના પદની ઇચ્છા કરનાર વનમા વેરાગી વેષે રખડનાર પેલા ધ્રુવને ચાહે છે ?

ઇંદ્રગવરી—હા હા હા.

જયંત—અરે ધિક્કાર છે તને, શું સિંહણ ઉઠી એક શિયાળને ચાહશે ? શું રાજ્ય હંસણી કુટીલ કાગડાને વરશે ? હાય અફસોસ, આપણા કુળ ગૌરવનું ભાન ભુલી જઇ મૃત્યુલોકના એક ક્ષુદ્ર જીવની ચાહના કરે છે. ઓ હિણભાગી બાળા તારૂં કાળું મોઢું મને નહીં બતાવ.

જયંત, ઇંદ્રગવરી— ગાયન.

દુર દુર દુર નફટ બાળા પ્રગટે જવાળા ઉરમાં ભારી
વિરા વદો શું આ વિના વિચારી
ક્રોધ હાય ના ખમાય છુટે કંપારી—દુર
રાંકના ઉપર રોશ કરો કાં ભગીની મારી હત્યારા ઠરો કાં
જુલમ કરો કાં જનેતાના જાયા થઇને ડાહ્યા
ચુપ ગમાર પ્રગટે જવાળા—દુર

નારદ—(આવીને) સબુર જયંત સબુર, બહેનના ઉપર આવો જુલમ ગુજારે છે!

જયંત—ત્યારે શુ કરૂં મુનિરાજ આ અધમ અભાગ કુળ ગૌરવની ઉજવળ કીર્તિને કલંક લગાડવા તૈયાર થઇ છે

નારદ—શાન્ત થા જયંત શાન્ત થા, એમા આ બીચારી બાળાનો દોષ નથી, એ બધું ઇશ્વર ઇચ્છાથી બનશે, માટે વિચાર. સાહસ નહિ કર.

જયંત—આ બાબતમા તમારી પોતાની સમતિ હોય એમ જણાય છે. પણ આપ જરા વિચાર કરો કે આ દેવપતિની કન્યા એક મૃત્યુ લોકના કુમાર વેરે અરે એવી ઇશ્વર ઇચ્છા હોયજ નહી અને જો કદી હોય તો એવી ઇશ્વર ઇચ્છાને ત્રણ કાળમાં પણ પુર્ણ થવા દેનાર નથી.

નારદ—અરે મુર્ખ શું તુ ઇશ્વર ઇચ્છાને પણ નથી માનતો? અજ્ઞાન અંધકારમાં અંધ બનેલ અભાગી તુ યાદ રાખજે કે તારૂં તથા તારા પિતા ઇન્દ્રનું મસ્તક એ ધ્રુવજીના ચરણમા નમાવુ અને આ ઇંદ્રગવરીને એની સાથે વરાવુ તોજ હું નારદમુનિ, સમજ્યો.

જયંત—(સ્વગત) જો આ વખતે મહાત્મા નારદમુનિ સાથે વધારે વિવાદ કરીશુ તો તેના ક્રોધના ભોગ થાશું માટે સમય વરતી ચાલ્યા જવામા સાર છે. ક્ષમા કરો મુનિરાય, હુ જે સમજ્યા વિના બોલ્યો તેની મને માફી આપો, હવે હું રજા લઉ છુ. હાય હાય, જેણે ઇન્દ્રાસન ડોલાવી સર્વ દેવને ભયભિત કર્યા અને જેની સાથે ઇન્દ્રગવરી વરવા તૈયાર થઇ છે તે ધ્રુવને મધુવનમાંથી ઉપાડી ભર સમુદ્રમાં ફેંકી દઉં, અને પછી જોઉંછું કે તેની ઇશ્વર ઇચ્છા શું કરે છે. (જાય છે)

નારદ—પુત્રી સાવધ થાઓ અને જયતની બીક ન રાખો ઇશ્વર ઇચ્છા આગળ કોઇનું કાંઇ કામ નહી આવે માટે જે થાય તે સહન કરો.

ગાયન.

શ્રી નટવર તું અજર અમર તું.

મંગુ—કાં જોયું બહેન ! આ વાતની ભાઇ જયંતને પણ ખબર પડી. અરે ભગવાન હવે શું થશે ?

ઇંદ્રગવરી—શું થશે શું ગમે તે થાય, પિતાજી કોપશે, ભાઇ જયંત દુખી કરશે, અને કદી આ કાયામાંથી પ્રાણ અળગા થશે, તોપણ ભકતરાજ ધ્રુવજી સિવાય આ ઇન્દ્રગવરી હવે બીજાની નહીં થશે નહીં થશે ને નહીંજ થશે.

ઇંદ્રગવરી, દાસીઓ— ગાયન.

મોહ્યું રે મન સુંદરવર ધ્રુવમાં, ચોટયું ચોટયું (૨) રે મન૦
માત પિતા ભલે ભારે ભય આપે કાપે શિષ આ મારૂં (૨) રે મન૦
ચંદ્ર સાથે ચકોરી જેવું તેવું ચિત્ત આ લાગ્યુ લાગ્યું (૨) રે મન૦

(જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—મધુવન.

પાત્રો—તુળજારામ, માયા, કામદેવ, રીદ્ધિ, સીદ્ધિ, ભકિત, વાસના ને ધ્રુવજી.

તુળજારામ—અરે ભગવાન મારા બાળારાજાની શોધ કરી કરીને થાકયો પણ કયાંય પત્તો મળ્યો નહીં, હવે શું કરવુ ? કયા જાઉં ? અરે પણ આ સામે સીલા પર કોણ બેઠું છે ! ચાલ પાસે જઇ તજવીજ કરૂં. અરે આ તો ભાઇ ધ્રુવજી પોતેજ ! એ ભાઇ ઉઠો અને ઘેર ચાલો આવા અ-ઘોર જંગલમા નરા પંખી જેવું એકલું કેમ રહેવાય, કેમ બોલતા નથી, શું તમે મારી સાથે નહીં આવો ? જો તમો મહારાજા પાસે જતાં શરમાતા હો તો હું તમને લોટ માગીને લહેર કરાવીશ. ચાલો ચાલો અરે પણ આ ધુધરાના ધમધમાટ કયાં થાય છે, ઓય મારા

બાપ આ તો સામેથી કોઈ જીવતી ડાકણો આવતી જણાય છે માટે ચાલ છુપાઇ જાઉં.

માયા— **ગાયન.**

વાવા શી શોભા મધુવન વૃક્ષો શોભાવતાંરે
હરષ ઉભરાવતાંરે પ્રિત પ્રસરાવતાંરે—વાવા૦
વિકસીત સુગંધીત સરસ સુમનપર રસ ચુસે મદ મસ્ત મધુકર
કોકીલ કલરવ મુનિજન મન લોભાવતાંરે તપો તોડાવતાંરે—વા૦

(પરીઓનો નાચ, તેમાથી અપ્સરાઓનુ પ્રગટ થવું)

માયા—પ્રિય કામદેવ ! ઈન્દ્રરાયની આજ્ઞા પ્રમાણે હુ તમને સર્વને સાથે લઇ આ ધ્રુવજીનું ધ્યાન ચુકાવા આવી છું પણ જેણે ફળ જળ અને પવનનો પણ અહાર કર્યા સિવાય પાચ પાચ માસ થયા આવી ઉગ્ર તપશ્ચર્યા આદરી છે, તો તેની તપશ્ચર્યા કેમ ખડન કરવી તેનો મને કાઇ સુજ પડતી નથી અરેરે એ સુરપતિ પ્રભુના આવા પ્રતાપી ભકતોની વિના કારણે ઇર્ષા કરી આપણને આ ઉપાધિમા શા માટે નાખતા હશે ?

કામદેવ—શા માટે શુ રાજ્ય લોભ માટે પોતાનુ ઇંદ્રાસન છીનવી લેશે એવો ભય આવા તપસ્વી તરફથી રાખે છે પણ તે જાણતા નથી કે—

સ્વર્ગ મૃત્યુ પાતાળના, રાજ સુખનાં મુળ;
પ્રભુ ભકિત સુખ આગળે, એ સુખ સઘળાં ધુળ.

માયા—અરે ધિક્કાર છે એવા રાજ્યલોભને કાપોળ અધિકારને અને એવા ભય ભરેલા આસનને

તુળજારામ—અરે ધિક્કાર તમને નહી પણ મને છે કે હાથે કરીને હોળીનુ નાળીયેર થયો અને અતે ફેરો અફળ ગયો

માયા—સખી વસંત તુ પ્રથમ તારો પ્રભાવ ફેલાવ

(વસત ઋતુનો દેખાવ થાય છે)

તુળજારામ—વોય મારા બાપ, આ વળી પડાળ કયાથી ફાટયા

રીદ્ધિ—ભક્ત શિરોમણી હુ રીદ્ધિને અષ્ટમા સીદ્ધિ સાથે શ્રીવિષ્ણુ પરમાત્માએ તમારી સેવામાં હાજર કરેલ છે. અમારા આવવાથી દુખ દારિદ્ર નાશી જાય છે, શરીર આરોગ્ય થાય છે, મન માનતુ સુખ, અખુટ દ્રવ્ય વિગેરે

આ સંસારના સર્વ સુખના સાધન પ્રાપ્ત કરાવે છે.

સીદ્ધિ—બ્હેન તુ મિથ્યા માથાકુટ શીદને કરે છે.

તુળજારામ—આ બધી ડાકણોમાં આ ડાકણ કાંઇક ડહાપણ વાળી જણાય છે.

રીદ્ધિ—દેવી અમારી કૃતી પ્રમાણે અમે અમારી કળા ચલાવી, પણ અખંડ સુખની ઇચ્છા કરનાર પ્રતાપી ભક્તરાજ અમારાથી ચળાયમાન નહીં થાય.

તુળજારામ—તમે તો શુ પણ આખી દુનિયાં ભેળી થાય તોપણ મારા બાળારાજા તમારાથી નહી ફસાય

માયા—ત્યારે પ્રિય મનસીજ હવે આપણે શુ કરવું ?

તુળજારામ—શુ કરવુ શુ, મોટો બધો પથરો લઇને ફોડો માથું નિકળે માંઇથી રાતુ ગામમા થાય વાતુ કે ધ્રુવજીને ફસાવવા ગયા તો આવા હાલ થયા

કામદેવ—અરે શુ કરે છુ, તમારી સાથે હુ પણ આ ભક્ત ઉપર મારા કામબાણનો પ્રયોગ શરૂ કરૂ છું

તુળજારામ—અરે વાહરે તારૂ કામબાણ ! સંભાળજે નહી તો નિકળી જશે તારો પ્રાણ

માયા—દેવી, મેનકા રંભા ઉર્વશી ને તિલોતમા તમે તમારૂ કામ શરૂ કરો.

સર્વે—જેવી દેવીની આજ્ઞા

માયા, અપ્સરા— ગાયન.

પ્રિય પ્યારા છો મારા ધ્રુતારા થઇને આમ શું બેઠા,
આમ શું વાલા ઠગો છો ઠાલા ઉઠોને રંગ રમો રઢીયાળા
અનંગ આગ લાગી અંગ લાલા તે સમાવો વાલા—પ્રિય૦
રંગે રમાડો વિરહ સમાવો આલિંગન લઇ હૈયાને લાવો
નાથ કાં તરસાવો સ્નેહે બોલાવો દયા ઉર લાવો,
ના શરમાવો વ્હાલ વધારો સેવા સ્વિકારો સ્વામિ છબી—પ્રિય૦

તુળજારામ—વાહરે ઉડણ ખાટલી વાહ !

કામદેવ—આહાહા ! જે બાણથી મેં બ્રહ્મા મહેશ અને ઇંદ્ર જેવા સમર્થના હૃદય ભેદ્યા છે, એજ કામબાણને અત્યારે હુ મારી પૂર્ણ શક્તિથી આ ભક્તપર છોડૂં છુ; છતાં ધનુષ્યમાથી બાણ છુટતુ નથી એનું શું કારણ?

તુળજારામ--એ સડો ગયું સડો.

કામદેવ--હા હવે સમજાયું કે જેને કાળનાં ક્રોધી બાણ પણ ભેદી શકતાં નથી, એવા પ્રતાપી ભક્તને આ મારૂં કામબાણ શું કરી શકે? ખરેખર જેની રક્ષા કરનાર હજાર હાથવાળો છે તેનો પરાજય એ હાથવાળાથી થતોજ નથી. માટે આપણે આપણા માનમા બેસી રહીએ અને કરેલા અપરાધની ક્ષમા માગીએ.

તુળજારામ--ચાલો આ ભાઇ તો સમજી ગયા, હવે આ રાડોથી કાઇ થવાનું નથી. (વાસના પ્રગટ થાય છે) વોય મારા બાપ આ વળી કોણ આવ્યુ.

માયા--અરે બાઈ વળી તુ કોણ છે અને અચાનક ક્યાથી આવી ?

વાસના--મારૂ નામ વાસના છે, અત્યાર સુધી હું આ ધ્રુવજીના હૃદયમા હતી. પણ હવે હું ચાલી જાઉં છું.

માયા--જાવાનુ કારણ.

વાસના--કારણ એજ કે મારા છ સંગાથી કામ ક્રોધ લોભ મોહ મદ અને મત્સર એ બધા પ્રથમથીજ ચાલ્યા ગયા છે, અને હુ એકલી રડી ખડી ધ્રુવજીના હૃદયમાં રહી હતી, પણ ભક્તિનું આગમન થવાનુ જાણી હું હવે સદાને માટે ચાલી જાઉ છુ.

તુળજારામ--એ બોલી કોર જાજે બોલી કોર જાજે, મારા બાપ ખાઇ જાય એવી છેનાં, ઓય મારા બાપ આતો રાફડો ફાટયો. તો પણ ધ્રુવજી ભાઇનું મન ચળીત થતુ નથી અહાહા ! ધન્ય છે ધન્ય છે મારા બાળારાજા તમોને ધન્ય છે, તમારી ભક્તિ પરિપૂર્ણતાને પામો અને અવિચળ થઇ અવનિ ઉપર જામો, એવો મારો આશિર્વાદ છે ચાલો હવે આપણે પસાર થઇએ નહી તો આ બધી ડાકણો આવી દબાવશે તો આપણા બાર વાગી જશે માટે પલાયન. (જાય છે) (ભક્તિ આવે છે)

માયા--અરે બાઇ તમે કોણ છો ? અને કયા જાઓ છો ?

ભક્તિ--હું ભક્તિ છું, અને ધ્રુવજીના હૃદયમા નિરંતર વાસ કરવા જાઉ છુ

માયા--ત્યારે શું તમે અત્યાર સુધી ધ્રુવજીના હૃદયમા નહોતા ?

ભક્તિ--અત્યાર સુધી હુ પ્રતિબિંબ રૂપે હતી, તેથીજ તમો સર્વેનુ તેના પર કશુ જોર ચાલ્યું નથી પણ આજ તો વાસના છેક ચાલી ગઈ, એટલે હું પૂર્ણ કળાથી આ ધ્રુવજીના હૃદયમાં પ્રત્યક્ષ પ્રકાશીશ.

(એમ કહી અદશ્ય થાય છે)

કામદેવ—કહો હવે કાઇ યુક્તિ બાકી છે ?

માયા—હા, હવે તો માત્ર એક યુક્તિ છે, કે તેની માતા સુનીતિનુ સ્વરૂપ ધર. તેનું ધ્યાન ચુકાવું, બેટા તને ગોતી ગોતીને હારી ગઇ મારા જેવી રાંક અને અણમાનીતી થયેલી દુખીણી માતાને નોધારી મુકી તું અહીં કેમ બેઠો છે. જો તારા પિતાએ મને કાઢી મુકી છે હવે મારાથી આ દુઃખ નથી સહેવાતુ. (અગ્નિ પ્રગટ થાય છે ને તમામ ભયભીત થાય છે.)

(ટેબલો.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ-મહેલ.

પાત્રો-રાણી, ચોપદાર, ઉત્તાનપાદ અને ઉત્તમ.

સુનીતિ— ગાયન.

પાય લાગી લાગી આજ માગું છું મોરારી
માગું છું મોરારી આજ સ્હાય શ્યામ તારી;
પુત્ર મારો પ્રાણ પ્યારો આવ્યો શરણે તારી
બિરદના પ્રતિપાળ પ્રભુ લેજે તું ઉગારી
મુજ રંકનું એ રત્ન મળ્યું જે મોંઘે પ્રયત્ન
હેમ ક્ષેમ રાખો વિભુ અહોનિશ યાચું પ્રભુ—પાય૦

ઉત્તમ—માજી હું આપને પ્રણામ કરૂ છું.

સુનીતિ--ચિરંજીવી રહો પુત્ર.

ઉત્તમ--માજી મારા તિર્થ સ્વરૂપ માજી, હું મહાન અપરાધિ છું આપના સુખ વૃક્ષને છેદન કરનાર કુહાડા રૂપ થયો છુ. દુખના વિસામા અને આપના જીવન આધાર મારા વડીલ બંધુ ધ્રુવજીને વન વન રખડાવનારનું કારણ હુ પોતેજ બન્યો છું. અરેરે ! મારા તે શા ભોગ લાગ્યા કે હું માનીતીને ઉદરે અવતર્યો. ભાઇ ધ્રુવજી વિના સર્વ વૈભવ ઝેર જેવા લાગે છે; નગ્ર અને મહેલ સમશાનવત ભાસે છે ખરેખર જેને આ સંસારમા ભાઈ

નથી તેનું જીવન વૃથા છે

સુનીતિ—કુમાર તમે આમ દીલગીર કેમ થાઓ છો. એતો વિધાતાએ જે નિર્માણ કર્યુ હતુ તે થયુ પુત્ર તમારામા અને ધ્રુવજીમા હું લેશ માત્ર તફાવત સમજતી નથી મારે તો તમે અને તે બન્ને આંખો સરખાં છે તેમાં તમે તો વળી ધ્રુવજી કરતા પણ વિશેષ વહાલા છો બેટા

ઉત્તમ—સત્ય છે, પણ માજી હુ કેવળ નિર્દોષ છુ આ જે કાંઇ થયુ તે મારા માજી સુરૂચીની ઇચ્છાથીજ થયુ છે

સુનીતિ—હશે બેટા એમા એમનો શો દોષ, જે થયુ તે સારા સારૂ ભાઇ ધ્રુવજી તો આપણો મિથ્યા સબધ છોડી શ્રીહરી સાથે સાચો સ્નેહ જોડવા ગયા છે, તો જરૂર પ્રભુને રીઝાવી કાલે સવાર પાછા આવશે

ચોપદાર—ખમા ધણી ખમા

ઉત્તમ—માજી મારા પિતાજી પધારે છે

સુનીતિ—વાહ વાહ ! મારા અહો ભાગ્ય, પધારો પધારા મારા પ્રાણેશ ! હુ આપને નમન કરૂ છુ, આપના આગમનથી આજે મારૂ હૃદય અને મંદિર બન્ને પવિત્ર થયા છે

ઉત્તાનપાદ—સતિ હુ તમારો મહાન અપરાધિ છુ મારા આવવાથી તમારૂ મંદિર પવિત્ર નહી પણ અપવિત્ર થયુ છે મે વિના અપરાધે તમને અણમાનીતા બનાવી ઘણા રીબાવ્યા છે તો તે દોષ માટે હવે મને માફી આપો.

સુનીતિ—અરેરે મારા પ્રભુ ! આપ આવું અવટીત કેમ વદો છો ? શુ હુ આપને માફી આપવાને લાયક છુ; હુ તો આપની એક રંક દાસી છું આપ મારા ઈશ્વર છો. સૌભાગ્યના શણગાર છો, ને માથાના મુગટ છો મને પાળનાર ઉગારનાર અને આ ભવ સિંધુથી તારનાર છો.

ઉત્તાનપાદ—હા, હુ કેવો હિણભાગી કે—

પદ.

પારસમણી થઇ પ્રાપ્ત સુજને, પ્રેમથી પરખી નહીં
અજાણ વૃત્તિ માહરી મેં નેહથી નીરખી નહીં.
પતિ પર જે પ્રેમ રાખી, પાળી પતિવૃત આચરે.
ધન્ય છે તે સુંદરીને, અંતે સ્વર્ગે સંચરે.

સતિ હવે રાજભુવનમા ચાલો અને તમારૂ પટરાણીનુ પદ સ્વિકારો

સુનીતિ--પતિ મમ હૃદયેશ હુ રાજભુવનને નથી ચાહતી પણ-

ગાયન.

ચાહુ઼ં છું સેવા સદા સ્વામિ તમારી રંગ રાગ કદી માગું નહિ મનથી
આરે સંસારી સુખ સઘળાં હું આતશબાજી સમ ગણુ઼ં ઉરથી વ્હાલા.
પતિ તમ પદ રજ મમ હિતકારી--   ચાહુ઼ં છું.

પ્રવેશ ૭ મો.

સ્થળ--મહેલ.

પાત્રો—ઇંદ્ર, નારદ અને બ્રહસ્પતિ.

ઇંદ્ર--(આવીને) દેવગુરૂ બ્રહસ્પતિ ધ્રુવને છળવા અનેક સાધન સાથે માયાને મોકલી તોપણ અંતે હાથ ખખેરી પાછી આવી. હવે મને ખાત્રી થાય છે કે જો હુ એ પરવાહ રાખીશ તો નિશ્ચે આ મારા સ્વર્ગના વૈભવને ગુમાવીશ

નારદ--   ગાયન.

શ્રી નટવર તું અજર અમર તું, અહોનિશ હૃદયમાં રટણ કરૂં છું.

ઇંદ્ર—પધારો પધારો નારદમુનિ હું આપને અભિવદન કરૂં છું.

નારદ—તથાસ્તુ, સુરપતિ તમારૂ કલ્યાણ થાઓ

ઇંદ્ર—મુનિરાય કલ્યાણ તો થવાનુ હશે ત્યારે થશે પણ અત્યારે તો મને ભય લાગ્યો છે કે મારૂ ઇંદ્રપદ હવે નક્કી જશે. હા ધ્રુવજીનું ધ્યાન ભંગ કરવાની બધી મહેનત વ્યર્થ ગઇ અને તેથીજ મારા હૃદયની ચિન્તા ઓછી થવાને બદલે વધારે થઇ, હવે મારા પર દયા ધરો અને મને યોગ્ય ઉપાય બતાવી કૃતાર્થ કરો.

નારદ—ઇંદ્ર, એ ધ્રુવજી તમારૂં ઇંદ્રપદ લઇ લેશે, એ તમે શાથી જાણ્યું.

ઇંદ્ર--હું જાણું છું કે મૃત્યુલોકના મનુષ્યોના મનમાં સ્વર્ગ સુખની વાછના

ધણી છે અને તેથીજ એ બાળ ભકતરાજ ધ્રુવજી મારૂં ઈંદ્રપદ લઈ લેશે એવી બીક મેં મારા મનમા ગણી છે. તો હવે હું જાતે તેની પાસે જવા ધારૂ છુ અને મારી પ્રબળ શકિતના બળથી એ બાળકનુ તપ નિવારૂં છુ.

નારદ—બરાબર છે આપ સમાન બળ નહી ને મેઘ સમાન જળ નહીં, પણ જરા સમજીને ભાલે ભરાજો કેમકે સૂર્ય સામે ધુળ ઉડાડતા ઉલટી આંખોમાં પડે છે એ જરા વિચારજો

ઈંદ્ર—આ ઈંદ્રની શકિત સૌએ વખાણી છે તો શું એ વાત આપનાથી અજાણી છે ?

નારદ—ના નથી અજાણી, તમારી શકિત હું સારી રીતે જાણુ છુ અને તેથીજ તમને તમારા ગજા વિનાનું કામ નાહી કરવાની સલાહ આપું છુ વ્યર્થ ગાલ બજાવી એ ધ્રુવજીના ઉગ્ર તપની પ્રચંડ જવાળાઓને અલ્પ ભાખોમા નાહક પતગીયા બની બળી મરવાની વાછના રાખો મા. તેની ભકિત હવે પુર્ણ કળાને પામી છે તો તની આગળ તમારી શક્તિ અને યુકિત સર્વ નકામી છે

ઈંદ્ર—શું એની પાસે મારી શક્તિ નકામી ?

નારદ—હા, તેથીજ કહુ છુ કે ફુક મારી પર્વત ઉડાડી મુકવાની મિથ્યા હામ ધરો માં, નકામા લાખના બાર હજાર બનાવી આબરૂના કાકરા કરો માં, તમારા જેવા સમજુને શું કહુ કથી પણ યાદ રાખજો કે ભકતરાજ ધ્રુવજી આગળ તમારી શકિત એક તરણા બરોબર પણ નથી.

ઈંદ્ર—મુનિરાય મુનિરાય, આપ જરા વિચારી વદો બોલ, શુ હું સ્વર્ગનો રાજા તે મૃત્યુ લોકના ભકતો આગળ એક તરણા તોલ

નારદ—હા, હા, એક વખત નહીં પણ હજાર વખત પ્રભુના ભકતની શક્તિ જાણ્યા વિના ઝાઝી શેખાઇ કરો મા, વિજળીને મુઠીમા પકડી લેવાની મિથ્યા હામ ધરો માં. હાથ વતી કેશરી સિહને સામસામા લડાવવા સહેલ છે પણ બાળભકતરાજ ધ્રુવજીને તો ધ્યાન ભગ કરવા બહુજ મુસ્કેલ છે, હવે તમારી બાંધી મુઠી રાખો સબુરી પકડી બેશી રહો તો ઠીક છે નહીં તો કયાક તમારૂં અભિમાન ધુળમા ગેળાશે એવી મને સંપુર્ણ બીક છે.

ઇંદ્ર—શું આ અમરપતિ જાતે ત્યા જશે તો એ બીચારો બાળક ધ્યાન ભગ નહીં થશે ?

નારદ—ના નહીં થશે, ભલે આ પૃથ્વી ઉલટ પાલટ થાય, મહાસાગર પોતાની મર્યાદા છોડી જાય, મેરૂ જેવા મહાન પર્વત પોતાની ગતિથી ચળે તારામંડળ નીચે આવી આ અવનીમા ભળે કદાપિ અમૃત રૂપી ચંદ્રની અદરથી ભલે અગ્નિના ધગધગતા અંગારા ઝરે તોપણ મારો સમર્થ શિષ્ય પ્રભુનું ધ્યાન ભંગ નહીં કરે નહીં કરે નહીં કરે.

ઇંદ્ર—હું કોણ સુરપતિ ઇન્દ્ર ધારૂં તો ચૌદ બ્રહ્માંડને એક પલકમાં તોડું ને ધારૂં તો આ ધરાને મારા ચર્ણના પ્રહારથી ફોડુ, મારી ક્રોધી નજરથી ક્ષિર સાગર જેવા સમુદ્રને સુકાવું ને ચાહું તો મહાન મુનિવરોનાં માન મુકાવું તો મારી પાસે એ મગતરા જેવા બાળક ધ્રુવજીનું શું ગજું ?

બૃહસ્પતિ—શુ ગજુ ! અરે ઇન્દ્ર એવું ન બોલો જરા વિચારો એ બધી તમારા હુંપદના અભિમાનની આપ વડાઈ છે, આવા ગર્વનાં વેણ બોલવાથી ત્રીલોકપતિ દુભાય છે નારાયણ નારાયણ.

ઇંદ્ર—તમે ગમે તેમ કહો પણ મને અને મારા દેવોને પોતાના ઉગ્ર તપથી ભયભિત કરનાર અને મારૂ ઇન્દ્રાસન ડોલાવનાર એ ધ્રુવ જ્યા સુધી નહીં ચળાય ત્યા સુધી મારા હૃદયમાં પ્રજ્વળીત થયેલો અગ્નિ નહી બુઝાય, આ મારા ઇન્દ્ર પદના સુખનો આનંદ અપાર છે તો તેની ચાહના રાખનાર પર મારો દ્વેષ પારાવાર છે.

નારદ—સત્ય છે, માયામાં લપટાયેલો જીવ તો માયાનેજ કીમતિ ગણે છે તેમ તમારી અજ્ઞાન બુદ્ધિ પણ આ ઇન્દ્રાસનના સુખમાંજ ઠરે છે પણ જરા જ્ઞાનદ્રષ્ટીથી જુઓ તો તમનેજ જણાશે કે જેવાં મૃત્યુ લોકના સુખ નષ્ટ છે તેવાજ આ તમારા સ્વર્ગના સુખ પણ ધ્રુવજીના મનથી ભ્રષ્ટ છે.

ઇંદ્ર—એ તો તમારી બધી નારદ કળાની વાત છે કેમકે ધ્રુવજી પ્રત્યે તમારો પક્ષપાત છે. દેવગુરૂ મુનિ નારદજી તો મને ડરાવે છે અને મારા મનમાં મેં નિશ્ચય કરેલી વાત અત્યારે પડતી મુકાવે છે, તો હવે હું અત્યારે શો ઉપાય કરૂં અને ઇંદ્રપદની રક્ષા કરવાનો આશ્રય માગવા કોની પાસે જાઉ ?

બૃહસ્પતિ—મારી સલાહ પ્રમાણે તો આવી ન છાજતી વાત પડતી મુકી

બ્રહ્માજીને સાથે લઇ વિષ્ણુ લોકમાં જાઓ અને પરમ કૃપાળુ વિષ્ણુ પરમાત્મા પાસે તમારૂં બધું દુ:ખ ગાઓ એટલે તમને એ વિશ્વવિહારી નિર્ભય કરશે.

ઇંદ્ર—જેવી ગુરૂની આજ્ઞા

નારદ—વાહવા જોઇતુ હતુ ને વૈદ બતાવે છે, દેવગુરૂ બૃહસ્પતિની સલાહ મારા વિચારને મળતી આવે છે, ઇંદ્ર તમે આ બધી ઉપાધી પડતી મુકી શ્રીવિષ્ણુ ભગવાનનુ ભજન કરો અને ઇર્ષા અભિમાન તજી દ્યો.

નારદ— **ગાયન.**

મન હરીહર કેરૂં ધ્યાન ધરો મુક્તિનો મારગ એજ ખરો
દુરાચાર તજી સતસંગ કરો ...મન૦
હું ને મારૂં એ બેઉ તજો ગરવ છોડી મન રામ ભજો
ભાવ ભજન તવ હૃદય ભરો મન૦

પ્રવેશ ૮ મો.

સ્થળ--મહેલ.

પાત્રો--વિષ્ણુ, લક્ષ્મીજી, ઇંદ્ર, બૃહસ્પતિ, બ્રહ્મા, દેવતાઓ, દેવીઓ અને પ્રતિહારી.

લક્ષ્મીજી વગેરે— **ગાયન.**

પોઢો પ્રિય પરમાનંદ પ્યારા હીંચોળે સુંદર દારા,
જીવન ઝુલો રઢીઆળા છબીલાજી છોગાળા—પોઢો

સાખી–પાતળીયા પંખો કરી, વાયુ ઢોળુ નાથ
શીતળ સુગંધીત સ્નેહથી સીંચુ સહુ સખી સાથ

ગુણીયલ ગજરા, ગુંથ્યા છે સારા અરપું નારાયણ તમને,
હવે પોઢાજી પોઢોજી પોઢો પ્રાણેશ........ ..પોઢો૦

વિષ્ણુ— ગાયન.

અહા શું ધ્રુવ ભક્તિ તમારી જાણી હર્ષ થયો ભારી
છ માસથી એકાગ્રહ થઇને અન્નફળ જળનો ત્યાગ કરી,
બેઠા છો તમે મુજ ધ્યાન ધરી તે સ્મરણ થયું સ્વપ્ને--ભક્તિ૦

લક્ષ્મીજી—અરે અરે પ્રભુજી આમ અચાનક નિંદ્રામાથી ઝબકી ક્યાં ચાલવા માંડયું.

વિષ્ણુ—લક્ષ્મીજી ગરૂડને જલ્દી બોલાવો મારે સત્વર જવું છે.

લક્ષ્મીજી--અરે પણ જવું છે કયા તે તો કહો ? આજે કોના ભાગ્યનો ઉદય કરવો છે ?

વિષ્ણુ--શુ કહુ લક્ષ્મીજી આજ છ માસ થયા બાળભક્ત ધ્રુવજી મારી ઉગ્ર ભકિત કરે છે અને અહોનિશ મારા સ્વરૂપનું ધ્યાન ધરે છે જેથી ઇંદ્ર તેની ઇર્ષા કરે છે અને અનેક સકટો આપવા ઉપાય કરી તેની ચિંતામા વ્યગ્ર ફરે છે માટે હુ મધુવનમાં જાઉછુ અને ધ્રુવજીને અભયપદ આપી નિર્ભય કરી સત્વર આવુ છુ

લક્ષ્મીજી--ભકતોમા તો કોણ જાણે શુંએ ભાળ્યું છે કે તેના ઉપરથી તો આપે આ વૈકુઠનું સર્વે સુખ વાર્યુ છે, વળી અમારો પણ ત્યાગ કરી હડી કાઢી દોડયા જાઓછો અને ભકતોના ભાવ જોઈ તેની આગળ કાલા ઘેલા થાઓછો, ભકતોએ તો કોણ જાણે શુંએ વશીકરણ કર્યું છે કે અહોનિશ આપે તો ભકતોનુંજ ધ્યાન ધર્યુ છે.

વિષ્ણુ—સત્ય છે દેવી સત્ય છે, મારા ભકતના અપુર્વ ભક્તિ રૂપી વશીકરણથી હુ તેને વશ થયો છુ અને તેની નેક ટેક જોઈ તેનો દાસ થઈ રહ્યો છુ, ભકતોની વાણી રૂપી કાચા તાતણાથી બધાઉ છુ અને ભકતો મને જ્યા વેચે ત્યા વગર મુલે વેચાઉ છુ.

લક્ષ્મીજી—અરે વાહરે પ્રભુજી ! આપના ચાળા તો નિરાળા છે, શું અમારાથી પણ બાળભક્ત ધ્રુવજી આપને વધારે વહાલા છે ?

વિષ્ણુ—હા મુગ્ધે હા, તમારી પાસે હુ તેના શુ વખાણુ કરૂ મને એમ થાય છે કે તેની ઉગ્ર તપશ્ચર્યાના બદલામાં હું ચૌદ ભુવનનનાં સુખ તેની સનમુખ ધરૂ મારી પ્રિતિ સપાદન કરવા માટે જેણે માત પિતા સાથે સર્વે સુખ છોડયું છે, એવા પ્રતાપી ભક્ત ધ્રુવજીને હું જે આપું તે થોડુ છે

પ્રતિહારી—જગ પ્રતિપાલક જગદીશ્વર, શ્રી બ્રહ્માજી સાથે ઈંદ્રાદિક દેવતાઓ કાંઇ આપની પાસે અરજ કરવા આવેલ છે.

વિષ્ણુ—હા, હું સમજ્યો: જા તેઓનું સત્વર આગમન કરાવ

દેવતાઓ—જય જય જગ વિખ્યાતા. દીનજન દાતા, મુનિ ગુણ ગાતા ત્રિભુવન ત્રાતા, પ્રભુ આપનો જય.

વિષ્ણુ—પધારો પધારો, ચતુર્મુખ બ્રહ્માજી પધારો, અને આગમન કારણ જણાવો

બ્રહ્મા—રમાપતિ, આ ઈંદ્રાદિક દેવ ગભરાયા છે અને આપની સહાયતા માગવા આવ્યા છે

વિષ્ણુ—કેમ ઈંદ્ર તમને શો ભય લાગ્યો છે, શું કોઈ અસુર સુરોને સંતાપવા જાગ્યો છે ?

ઈંદ્ર—ના એવું તો કાંઈ નથી, પણ શ્રીહરી મૃત્યુલોકના મધુવનમા એક ધ્રુવ નામનો બાળક ઉગ્ર તપ કરે છે અને તેના તપથી મારૂ મન ડરે છે

વિષ્ણુ—ડરવાનુ કારણુ ?

બ્રહ્મા—સત્ય છે, ઈંદ્ર હવે કરો શકાનું નિવારણ

ઈંદ્ર—દયાસિંધુ નિવારણ તો એજ કે ધ્રુવજી તપને અંતે વરદાનમા મારૂ ઈંદ્રપદ માગશે, તો મારા હૃદયમાં દુખની અનંત જ્વાળાઓ જાગશે, ધ્રુવજીને છળવા માયાને મોકલી પણ તે ધ્યાન ભંગ ન થયા તેને માટે જે જે વિચાર કર્યા તે અંતે વ્યર્થ ગયા.

વિષ્ણુ—એ તમારો અનુચિત ઉચ્ચાર છે, પ્રતાપી ધ્રુવજીના મનમાં તો લાખો ઈંદ્રાસનના સુખ નિસાર છે તમો વખતો વખત મારી પાસે આવુ ભાખો છો અને મારા ભકતો પ્રત્યે ઈર્ષાભાવ રાખો છો તમારૂ ઈંદ્રપદ તો શુ પણ સ્વર્ગ મૃત્યુ અને પાતાળના રાજ્ય વૈભવ તુચ્છ ગણી કેવળ માગીજ ભક્તિ કરે છે. અને સંસાર સાગર તરે છે

બ્રહ્મા—સત્ય છે, પણ તેમા આ ઈંદ્ર શુ કરે ? કેમકે એક વખત સર્પનો કરડયો માણસ સીદરીથી ડરે; આવીજ રીતે અસુરો ઉગ્ર તપ આદરે છે અને તેથીજ આ અમરપતિ પોતાના હૃદયમાં બીક ધરે છે.

વિષ્ણુ—હશે જે થયું તે થયુ. એથી તો મારા વહાલા ભક્તની કસોટી થઈ અને આ ઈંદ્રરાયના મનમાથી બીક ગઈ. ચાલો હવે આપણે સૌ મધુવનમાં જઇએ અને મારા વહાલા ભક્ત ધ્રુવજીને અવિચળ પદ દઇએ: ખરેખર જેના હૃદયમા મારી ભક્તિનો વાસ છે તેના તો બ્રહ્મા વિષ્ણુ અને મહેશ સદાના દાસ છે

સર્વે—સત્ય છે સત્ય છે

ઇંદ્રાદી દેવો, લક્ષ્મી, દાસીઓ— ગાયન.

હે જગ્ત તારક ભય વિદારક સ્રષ્ટિ ધારક શ્રીપતિ
છો દીન દયાળા જય કૃપાળા જાદવા વિશ્વપતિ;
તારી અલૌકિક પ્રબળ યુક્તિ કળી ન શકતી મુજ મતિ
વિદ્વાન કે મુનિવર જાનુજો પાર પામે ના રતિ;
મેરૂ કરો ત્રણ મય ક્ષણે ક્ષણમાં કરો ત્રણમય તરૂ
એવા રમાવર આપ મુકિત ધામ તે કેમ વીસરૂં;
સેવે ચરણ રજ શંભુ પ્રિતે પરમ હિતમય સૌખ્યદા
વ્યાધી પ્રલય કરો ભ્રાંન્તિ સઉ હરો શાન્તિ કરજો સર્વદા.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—મહેલ.

પાત્રો—ગુણવંતી, સુનીતિ, સુરૂચી, ઉત્તાનપાદ, ચોપદાર વિગેરે.

સુનીતિ— ગાયન.

પ્રભુ અજબ કળા તારી પામે નહીં કોઇ પાર,
ક્ષણમાં રાજા રંક બનાવે રંક પરે તું છત્ર ધરાવે
ઘડી હસાવે ઘડી રડાવે નટ મરકટ વત સઉને નચાવે
પ્રણમું વારંવાર..... .... પામે૦

સુનીતિ—કેમ ગોરાણી ગુણવતી પુજાના સાહીત્યો તૈયાર છે ?

ગુણવંતી—જી માતુશ્રી, સર્વ સામગ્રી તૈયાર છે, આપ પધારો અને પુજન કરી લ્યો !

સુનીતિ—બહુ સારૂ ચાલો ત્યારે, મારા નાથનુ ભાવથી ભજન કરી લઇએ.

ગુણવંતી—માજી, સુરૂચીબા પધારતા હોય એમ જણાય છે !

સુનીતિ—વાહ વાહ અહોભાગ્ય ! પધારો પધારો મારા ગુણવતા બહેન, હું આપને પ્રણામ કરૂંછું.

સુરૂચી—(નમીને) હા હું મહા અધમ છું, પાપીણી છું, અને આપની મહા અપરાધી છું: હવે મારા દોષની મને માફી આપો, હુ આપની રંક દાસી છું.

સુનીતિ—અરે અરે, બહેન આતે તમે શુ બોલોછો ? વળી અપરાધ શાનો ! ?

સુરૂચી—હા, અપરાધ કેમ નહી ! મે અત્યાર સુધી આપના પ્રત્યે જે ઇર્ષાઓ કરી છે તેના માટે હું બહુજ પસ્તાઉછુ અને શરમાઇને ધુળ થઇ જાઉછુ. અરેરે ધ્રુવજી જેવા કુળમણી પુત્રને દુભાવી જંગલવાસી કરાવતા

પહેલા મને સર્પ ડસ કેમ ન થયા ! હા. ભરી સભામા એ કીશોર કુમારને કટા વચનો કહેતા પહેલા મારા મુખમા દાવાનળ કેમ ન પ્રગટયો ! બ્હેન ઓ મારાં પુજ્ય બ્હેન ! પોતાના પ્યારા બચ્ચાઓનું ભક્ષણ કરનારી આ સાપીણી રૂપ સુરૂચીના હળાહળ વીખના ઘુટડા આપનાથી કેમ પીવાશે ?

સુનીતિ—બ્હેન ! આવા નમાલી વાતમા વળી આટલા બધા પશ્ચાતાપ શું ! ?

સુરૂચી—પશ્ચાતાપ કેમ નહી, એ કાર્યના કલંક રૂપી કાજળથી કાળુ થયેલુ મુખ આ જગતને હુ કયા સુધી બતાવુ ?

સુનીતિ—એમા વળી કલંક શાનુ હોય ! ? એતો થતુ આવે છે, માટે હવે જરા શંકા રાખો તો તમને ધ્રુવજીના સોગન છે શાન્ત થાઓ ને આનંદની વાતો કરો. ગુણવંતી સુરૂચીબા માટે પ્રભુજીનું ચરણામૃત લાવ

ગુણવંતી—જેવી આજ્ઞા.

સુનીતિ—લ્યો બા, આ ચરણામૃતનુ પાન કરો (આપે છે)

સુરૂચી—વાહ વાહ, શુ વિવેક ! શી નમ્રતા ! અરે ધિક્કાર છે મને અને ધન્ય છે તેમને કે મેં અત્યાર સુધી તેમના અનેક અપરાધો કર્યા છતા તેનો લેશ પણ ડાઘ તેમના હૃદયમા નથી હા, ખરેજ જાત વિના ભાત પડેજ નહી

ચોપદાર—આસ્તે કદમ મુલાજેસે કદમ આજુસે બાજુસે નીગા રખો મહેરબાન (રાજા આવે છે.)

સુનીતિ-સુરૂચી—પધારો મારા પ્રભુ અમે આપને પ્રણામ કરીએ છીએ.

ઉત્તાનપાદ—અરે આ ક્રૂર ઘાતકી પીશાચણીના પગલા અહી શા માટે થયાંછે ! ?

સુરૂચી—હા નાથ હુ ઘાતકી છુ, પીશાચણી છું; કુટુંબ માંહી કલેશ કરાવનારી સાપીણી છું. જેમ ઝેરી નાગણી પોતાના બચ્ચાનુ ભક્ષણ કરવા ચુકતી નથી તેવી રીતે મેં કુળ ઉદ્ધારણ કુમાર ધ્રુવજી પ્રત્યે પાપ કરવામાં પાછુ વાળી જોયું નથી. હા એ બધુ યાદ આવતા મારાં હાડે હાડ થર થર કંપે છે, અને હૃદય ચીરાઇ જાય છે અરેરે એવા નાના અને નિર્દોષ બાળકને વનવાસ કરાવતા પહેલા મારા શરીરમા દાવાનળ કેમ ન સળગ્યો કે હું જીવથી કેમ મરી ન ગઇ. અરેરે ધિક્કાર છે મને અને મારા જેવી દુર્ભાગ્ય સ્ત્રીઓને. પતિ મારા પ્રાણાધાર પતિ હવે મારા

કરેલા અપરાધની મને માફી આપી સદાકાળ શરણમાં રાખો, અથવા તો તમારી સમશેર વતી મારા શરીરના સહસ્ર ટુકડા કરી નાખો એટલે આ મારૂ અળખામણુ મુખ અવનિથી ઝટ અળગું થાય

સુનીતિ—પ્રિય પતિ આપ શાન્ત થાઓ. સ્ત્રીઓ તો ડગલે ડગલે દોષમા ડુબેલીજ છે, પણ ધૈર્યવાન પુરૂષો તેના દોષ સામે દ્રષ્ટિ ન કરતાં હમેશા મોટા દીલથી માફી આપે છે માટે મારી બે હાથ જોડી વિનંતી છે કે આ મારા બ્હેન સુરૂચીના કાલાવાલા ઉપર દયા ધરો અને તેના કરેલા અપરાધની ક્ષમા કરો. હવે આજથી તેનો ઈર્ષાળુ સ્વભાવ છોડી દેશે અને સદાકાળ પવિત્રપણે આપના શરણમા રહેશે

ઉત્તાનપાદ—સારૂ, જ્યારે તમારા અતિ આગ્રહ છે તો હુ તેને માફી આપુ છુ અને હવે તેનો ઝેરી સ્વભાવ છોડી દેશે એવી આશા રાખું છુ અહા આવા શુભ શુકનોથી મને ખાત્રી થાય છે કે હવે જરૂર પુત્ર ધ્રુવજીના આગમનની શુભ વધાઇ મળશે અને આપણા દુખો ટળશે પણ પ્રભુ ! એ પુત્રના વિયોગે મારો ગૃહસ્થાશ્રમ અને સર્વે વૈભવ મને ઝેર જેવા લાગે છે

સુનીતિ—પ્રાણનાથ, વીસારે પડેલી વાતને તાજી કરી નકામો શા માટે બબાપો કરો છો

ઉત્તાનપાદ—શા માટે શુ એ કુળ ઉદ્ધારણ કુમાર વિના મને કયાય ગોઠતુ નથી. હા, હવે મારૂં જીવન હુ કોના ઉપર ગાળુ ?

સુનીતિ—કોના ઉપર ! શું આપણા કુળદીપક ઉત્તમ ઉપર ? શું એ આપણો પુત્ર નથી ?

ઉત્તાનપાદ—પુત્ર તો ખરો પણ ધ્રુવજી તુલ્ય નહિ

સુનીતિ—એવું ન હોય ! મારા મનને તો એજ ધ્રુવજી છે

ઉત્તાનપાદ—નહીં નહી, કેમકે-

પદ.

સર સર હંસ ન હોય, બાજી ગજરાજ ન ઘર ઘર;
તરૂ તરૂ સુફળ ન હોય, નારી પતિવૃતા ન નર નર.
તન તન સુમતિ ન હોય, મલીયાગીરી હોય ન વન વન;
ફણી ફણી મણી નવ હોય, મોતી જળ હોય ન ઘન ઘન.

વળી રણ રણ શુર ન નિપજે, જન જન ભકત ન હોય હરી;
વિશ્વપતિએ આ વસુધામાં, સરખી ચીજો નથી કરી.

સુનીતિ-સુરૂચી—પ્રભુ આપનું કહેવુ સત્ય છે પણ અમે તો-

સુનીતિ, સુરૂચી, ઉત્તાનપાદ— ગાયન.

સુંદર શામળીયારે સૌભાગ્ય તણા શણગાર
ગણું ગુણવંતા અમારા આધાર
તમ સમ શ્યામા જોઇને હું માનું ભાગ્ય અપાર
ગણાય છે આ ભવસાગરમાં સેતુ રૂપ સતિનાર;
અપાવે સ્વર્ગ તણાં સુખ સાર—સૌભાગ્ય૦
ચાહે ચકોરી ચિત્તમાં જેમ ચંદ્ર તણોરે પ્રકાશ
એમ હું ચાહું ચોંપથી સ્વામિ તમ સેવાને ખાસ
ખરૂં છે અમ તરવાનું નાવ—સૌભાગ્ય૦

(જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—મધુવન.

પાત્રો—ધ્રુવ, શ્રીવિષ્ણુ, જયંત, ચીત્રકેતુ, પાર્ષદ, ઇંદ્ર, નારદ, બ્રહ્મા, મહેશ અને દેવતાઓ.

જયંત—જોયુ કે ચીત્રકેતુ મારા પિતાનુ ઇન્દ્રાસન ડોલાવનાર પોતાના તપોબળથી સર્વ દેવોને ભયભીત કરનાર બ્રહ્માંડનો વાયુ કુંભકમાં ખેંચનાર, દેવમાયાને હંફાવનાર વળી બહેન ઇન્દ્રિગવરી જેની સાથે વરવા ચાહે છે એજ ધ્રુવનું આ તપ કરવાનુ સ્થાન. માટે હવે ચાલો તેને ઉપાડી મહાન સમુદ્રમા ફેંકી દઇએ

ચીત્રકેતુ—ના ભાઇ એ પાપમા પગ મુકવો એ મારા જેવા પામરનું કામ નથી, જો આ ભકતરાજ દુભાય તો મને ચૌદ લોકમાં રહેવાનું ઠામ નથી.

જયંત—ત્યારે શું આ કામ કરતા તને બીક લાગે છે?

ચીત્રકેતુ—હા ભાઇ આ તપસ્વિની તેજોમય મુર્તિ જોઇને મારી હીંમત તો દુર ભાગે છે.

જયંત—છટ તારા જેવા બીકણના બાયલા બોલથી હાથ આવેલો શિકાર છોડી દઉં ? અરે નાદાન કદી નહીં

ચીત્રકેતુ—રહેવા દ્યો સુર કુમાર રહેવા દ્યો, આવો ગર્વ કરવાથી સારૂ ફળ નહી આવે માટે વિચાર કરો

જયંત—ઓ અલ્પમતિના ડરકણ પાસવાન તારી શીખામણ મારે નથી જોઇતી. દુર થા હવે તો વધારે વિલંબ નહી કરતા હુ જાતેજ તેને ઉપાડી લઉ છુ અને તારી મદદ મેળવવાની આશા છોડી દઉંછુ. (પકડવા જતા જમીન સાથે ચોટી જાય છે અને પાર્ષદ પ્રગટ થઇ ગદા મારે છે) અરરરર મરી ગયોરે મારા બાપ ઓ ચીત્રકેતુ મને બચાવ બચાવ.

પાર્ષદ—(આવીને ગદા મારી) દુર દુર દુરાચારી જયત દુર થા નહીતો શ્રાપ આપી બાળી ભસ્મ કરૂ છુ માટે જીવતો જા દુષ્ટ શું આ ધ્રુવજી નીધણીયાતા છે એવી વાત તેં તારા મનમા ગણી છે પણ યાદ રાખજે કે એની રક્ષા કરનાર તો વિશ્વપતિ જેવા ધીંગો ધણી છે સમજ્યો ?

જયંત—સમજ્યો કૃપાનાથ સમજ્યો ! અજાણપણામા આંધળો બની હુ મદમા ફુલ્યો અને નીતિનો રસ્તો ભુલ્યો. હા મે ધુળ ખાધી હવે મને માફ કરો.

પાર્ષદ—શુ તારા જેવા દેવાધમને માફ. અરે માફી તો હમેશા આબાના વૃક્ષની પેઠે નમી ગયેલાનેજ અપાય છે, અને તારા જેવા ઉંચા વધી ગયેલા એરંડા તો આ અવનિમા સત્વર કપાય છે

ચીત્રકેતુ—મહાત્માજી આપ કોણ છો ?

પાર્ષદ—હુ શ્રીવિષ્ણુ ભગવાનનો પાર્ષદ છુ. અને આ પાપી, ધ્રુવજીને હેરાન કરવા આવ્યો છે તેથી તેનુ રક્ષણ કરવાનો હુકમ મને શ્રીપરમાત્માએ ફરમાવ્યો છે

ચીત્રકેતુ—પણ હવે તો તેને બરાબર શિક્ષા થઇ ગઇ છે તેથી તે પોતાની નિચતા છોડી દેશે

પાર્ષદ—શું એ પોતાની નિચતા છોડી દેશે ?

ચીત્રકેતુ—હા, કૃપાનાથ !

પાર્ષદ—તારી મોટી ભુલ છે. કેમ કે

પદ.

નીચ ન થાએ ઉંચ, ભલાં ભુષણ પહેરાવો;
નીચ ન થાએ ઉંચ, વિવિધ ઉપકાર કરાવો.
નીચ ન થાએ ઉંચ, વખાણી વહાલ જણાવો;
નીચ ન થાએ ઉંચ, જ્ઞાનના ગ્રંથ ભણાવો.
વળી નિચ સ્વભાવ જેનો પડયો, ખસેડતાં તે નવ ખસે;
કદી સજ્જન સંગ રાખો ભલે, પણ નિચ ઉંચ કદી નવ થશે.

ચીત્રકેતુ—હશે મહાત્મા ! એના કૃત્યો એ ભોગવશે. કોઇ અણુઝ પોતાની કમ અક્કલથી મહાન ભુલ કરે છે. પણ સજ્જન પુરૂષો તો તેના પર ભલાઇનોજ બોજ ભરે છે

પાર્ષદ—તારી દયાજનક વાણીને માન્ય રાખુ છુ અને આ પાપી, ધ્રુવજીને પગે લાગે તો હુ તેને માફી આપુ છુ

ચીત્રકેતુ—સાભળ્યુ ભાઇ', હવે તમારી મોટાઇ મુંકો અને આ બાળભક્તરાજ ધ્રુવજીના ચરણમા ઝુંકો

પાર્ષદ—શુ, આ મૂર્ખ પોતાના મનમા મોટાઇ રાખે છે ?

ચીત્રકેતુ—હા મહારાજ, દરેક મનુષ્ય ધન ધામ ધરા સ્ત્રી પુત્ર પરિવાર અને અનેક જાતના સુખથી પોતાના મનમા સદાય મોટાઇ રાખી હુપદમા રચીપચી રહે છે.

પાર્ષદ—એવી રીતે મોટાઇ રાખનારની મહાન ભુલ થાય છે. કેમકે આ અવનિમા અવતાર ધરીને પાતાળમાથી બળીરાજાને છોડાવ્યા નથી, યમના ક્રોધી કાળનો ભય નાશ કર્યો નથી, ચંદ્રમાનું કલંક મટાડયું નથી, પ્રતાપી શેષનાગની ફણા પરથી આ પૃથ્વીનો ભાર ઉતાર્યો નથી, અને સમુદ્રના ખારા પાણીને અમૃત મય સ્વાદીષ્ટ નહિ બનાવતાં માત્ર લક્ષ્મી અને સસારના મિથ્યા સુખથી મોટાઈ માની બેઠેલા અભિમાનીઓને શતકોટી ધિક્કાર છે

ચીત્રકેતુ--કા, શું વિચાર કર્યો ? માફી માગવી છેના !

જયંત—હા, પ્રિય પાર્ષદ ! હવે હુ મારા અપરાધની ક્ષમા માગું છુ, અને આ ધર્મ સ્વરૂપ ધ્રુવજીને પગે લાગું છું. (પગે લાગે છે.)

ચીત્રકેતુ—હવે આપની મતિ સુધારો, અને ક્ષેમ કુશળ પાછા પધારો.

જયંત—હા ભાઈ ચાલો. (જાય છે)

વિષ્ણુ— **ગાયન.**

આશ મારી ઉર ધરી, જંજાળ જગની પરહરી,
બાળક વયે વશ તેં કર્યો, રીઝાવ્યો બહુ તપ કરી.
છો પ્રાણથી પણ પ્રિય મને, શિરોમણી સૌ ભક્તમાં;
ભક્તિ ભાવે નહીં ચડે, તું'થી અવર આ વિશ્વમાં.

સર્વ દેવો—ધન્ય છે ધન્ય છે, બાળભક્ત ધ્રુવજી તમોને !

ધ્રુવજી—કોણ કોણ, કરૂણાળુ કમળાપતિ જય જય મોહનવર મોરારી આપનો જય

વિષ્ણુ—પ્રિય ભક્ત, હવે તુ નિર્ભય છે માટે સાવધ થા

ધ્રુવજી—આહા ! જે સ્વરૂપને નીરખવા ઋષિ મુનિ હજારો વર્ષ સુધી જપ તપમા આયુષ્ય વીતાવે છે, તો પણ નીરખી શકતા નથી. જે સ્વરૂપનુ મારા સમર્થ ગુરૂ નારદમુનિના ઉપદેશથી હુ ધ્યાન ધરતો હતો, એજ અખંડ અવિનાશી સ્વરૂપના પ્રત્યક્ષ દર્શન કરૂ છુ એ મારા અહો ભાગ્ય છે શ્રીહરી આ નિરાધાર બાળકની સંભાળ લેવા આપ સત્વર પધાર્યા એજ આપના બીરદની બલિહારી છે

વિષ્ણુ—મારી બલિહારી નથી, પણ તે બાળ વયમા તારા માત પિતા સગા સબધી અને રાજ સુખનો ત્યાગ કરી આવા અઘોર જગલમા અનેક ઉપાધી ઉઠાવી, તેં મારી ભક્તિ એકાગ્રહ ચિત્તે કરી છે તે ખરેખર તારાથીજ બને. ધન્ય છે વત્સ ધન્ય છે, તને અને તારી ટેકને ! હુ અત્યંત પ્રસન્ન થયો છું. પ્રિય ભક્ત મારા સર્વ ભક્ત મડળમાં તારી ભક્તિનું પ્રમાણુ અનન્ય છે અને તેથીજ હુ તારા પર પ્રસન્ન થઈ તને પવિત્ર અને ઉત્તમ કાન્તિવાળુ અવિચળ પદ અર્પણ કરૂ છુ.

સર્વ દેવો—વાહ વાહ !

ધ્રુવજી—આહાહા ! શુ મારા વહાલાની દયા, વાહવા ! દયાસિધુ એ અવિચળ પદ એટલે શુ ? અને એનો મહિમા કેવો હશે ?

વિષ્ણુ—વત્સ ! એ અવિચળ પદ વૈકુંઠના દરવાજામાં છે, અને તેની ચોતરફ સૂર્ય ચદ્ર સપ્તઋષિ વિગેરે દેવોનાં સ્થાન છે. ઉત્તમ નક્ષત્ર ગણુથી વિંટાએલું

છે અને તેનો લય અનંત કલ્પ સુધી નથા એવું નિરમાણુ થયેલું છે તે સ્થળ હવે તારા નામથી ચૌદ લોકમા ઓળખાશે અને પુન્ય ભાવે ગણાશે એવું મારૂ વરદાન છે

નારદ— **ગાયન.**

શ્રીમનનારાયણ નારાયણુ નારાયણુ. (૩)

જય જય પુરણ પુરૂષોત્તમ પરમાનંદ સ્વરૂપ આપનો જય (નમે છે)

ધ્રુવજી--જય જય, ગોવિંદ સ્વરૂપ ગુરૂદેવ હુ આપને પ્રણામ કરૂ છુ.

(દંડવત કરે છે)

નારદ—કલ્યાણુ વત્સ કોટી કલ્યાણ હુ તમને શ્રીહરીની સમક્ષ પરમ આનંદમા ઉભા જોઇને અત્યારે મારા અંતરમા ઠરૂ છુ

ધ્રુવજી—એ પ્રતાપ, આપ જેવા સમર્થ સદગુરૂ દેવનોજ છે, જો આપે મને અનુપમ ઉપદેશ આપી ઉત્તમ માર્ગ બતાવ્યો, તોજ મને આ અખંડાનંદ અનુભવવાનો સમય આવ્યો

વિષ્ણુ—નારદજી, મેં તમારા શિષ્યને અવિચળ પદ આપ્યુ છે. માટે તેને તેના પિતાના રાજ્યમા લઇ જાઓ કેમકે તેના માત પિતા પુત્ર વિયોગે બહુ મુઝાય છે

નારદ—જેવી અવિનાશીની આજ્ઞા.

વિષ્ણુ—ધ્રુવજી તુ હવે નારદજી સાથે તારા પિતાના રાજ્યમા જા, અને ત્યા તને તારા પિતા રાજ્યાસન સોંપશે માટે તુ આ સંસારના સઘળા વૈભવોને છત્રીસ હજાર વર્ષ સુધી ભોગવી તારો ગૃહસ્થાશ્રમ સુધારજે અને પછી બદ્રીકાશ્રમમાં જઈ મારૂં ધ્યાન ધરજે એટલે વૈમાન દ્વારાએ હું તને બોલાવી તારૂ અવિચળ પદ આપીશ.

ધ્રુવજી—શું, અહીથી હવે મારે રાજમાં જવુ અને ગૃહસ્થાશ્રમ ભોગવવો?!

વિષ્ણુ—હા, મારી એવી ઇચ્છા છે!

ધ્રુવજી—જેવી શ્રીહરીની આજ્ઞા.

ઇંદ્ર—અહાહા! જગતમા ભક્તનો શુ પ્રતાપ છે! મેં મારી અલ્પ બુદ્ધિને લીધે મહાન અપરાધ કર્યો છે તો તે અપરાધમાથી હવે કેવી રીતે મુક્ત થાઉ.

(વિચાર કરીને) હાહા, હવે તો એજ ઉત્તમ છે. જો મારી વિનતી મોરારી માન્ય કરે તો મારી પુત્રી ઇન્દ્રગવરીનું કન્યાદાન આ ભક્ત શિરોમણી ધ્રુવજીને આપી અત્યાર સુધીના કરેલા અપરાધમાંથી મુક્ત થાઉં. (પ્રકાશ) પ્રભુજી આ દાસની એક વિનતી છે

વિષ્ણુ—શુ છે, સુરપતિ સત્વર કહો ?

ઇંદ્ર—દયાસિંધુ! કહેવાનુ તો એજ કે ભક્તરાજ ધ્રુવજી સાથે મારી પુત્રી ઇન્દ્રગવરીનો વિવાહ કરવા ધારૂ છુ. તો તે શુભ કાર્યમા આપ આજ્ઞા આપી કૃતાર્થ કરશો

વિષ્ણુ—અસ્તુ ! તમે સર્વ દેવ સહિત લગ્ન સામગ્રી લઇ ધ્રુવજીનો રાજ્યાભિષેક કરવા ત્યા જાઓ અને કન્યાદાન આપો

ઇંદ્ર—જેવી આજ્ઞા

નારદ—(ઇન્દ્ર પ્રત્યે હસતા) જય સચ્ચિદાનંદ, ઇન્દ્રરાય જય સચ્ચિદાનંદ

વિષ્ણુ—પુત્ર હવે હુ તારૂ શુ પ્રિય કરૂ, બોલ કાંઇ ઇચ્છા છે ?

ધ્રુવજી—હા, મારી ઇચ્છા તો એજ કે મારી મતિ હમેશાં આપના પવિત્ર ચરણકમળમા રહે

વિષ્ણુ— ગાયન.

છે ધન્ય ભાવ તમ ભક્તિ તણો ધ્રુવ,
ભક્ત શિરોમણી ખાસ જગતમાં. ભક્ત.
અમુલ્ય અવિચળ પદ લેવામાં,
થયા છો પુરા પાસ જગતમાં. ભક્ત.
આ સંસાર અસાર ગણીને,
જે રાખે મુજ આશ જગતમાં. ભક્ત.

પ્રવેશ ૩ જો.

સ્થળ-રસ્તો.

પાત્રો-નારદ, ધ્રુવજી, ઉત્તાનપાદ, સુરૂચી, સુનીતિ, ઉત્તમ, દાસીઓ, વિગેરે.

નારદ— ગાયન.

પ્રિય શિષ્ય પ્રભુને પ્રસન્ન કર્યા,
તમ જન્મ મરણના ફેરા ટળ્યા. પ્રિય.
વિદેહી સમ સદા વિચરજો,
નિશદીન નિતી અંતર ધરજો. પ્રિય.
ધ્રુવજી—શિષ્ય તમારો નહીં ડગનારો રહેશે ન્યારો,
નારદ—જળ કમળ વત હરદમ ભવમાં ભર્યા. પ્રિય.

ભક્તરાજ હવે તમે આ સ્થળે વિશ્રાતિ લ્યો, એટલે તમારા આગમનના શુભ સમાચાર તમારા પિતાને આપી આહી તેડી લાવુ

ધ્રુવજી—જેવી આજ્ઞા, પણ આ સામે પ્રકાશમાન પથ્થર દેખાય છે એ શુ ?

નારદ--એ પથ્થર નથી, પણ પથ્થર સ્વરૂપે શ્રીવિષ્ણુ ભગવાનની પ્રતિમા છે.

ધ્રુવજી--એને અહી કોને પધરાવી હશે ?

નારદ—તમે પોતેજ !

ધ્રુવજી—એ કયારે મને તો ખબર નથી

નારદ—તમને તો ખબર નથી પણ હુ જાણુ છુ.

ધ્રુવજી—ત્યારે કૃપા કરી તેનો ખુલાસો કરશો ?

નારદ—ખુલાસો તો એજ કે, તમે પૂર્વ અવતારે ધ્રુમ્ર નામના મહાન તપસ્વિ હતા અને તપશ્ચર્યાની સાથે તમારે એવું વ્રત હતુ કે દરરોજ શ્રીવિષ્ણુ ભગવાનની મૂર્ત્તિ પર એક હજાર તુલસીદળ ચઢાવવાં, તેમાં એક દીવસ સરત ચુકથી એ તુલસીદળની સાથે એક કીડો ચડાવી દીધો અને તે દોષથી તમારે ફરી જન્મ લેવો પડયો છે, માટે હવે તમે તેમના દર્શન કરો ત્યાં હુ તમારા પિતા પાસે જઇ આવું.

ધ્રુવજી—જેવી આજ્ઞા, જય જય વિશ્વવિહારી વિષ્ણુ ભગવાન આપનો જય. અહાહા ! નજીવી ભુલને માટે મારે ફરીવાર ગર્ભવાસ લેવો પડયો તો પછી વસુધામા જાણી જોઇને મિથ્યા સુખ માટે અનેક જાતના છળ કપટ અને અધમ કામો કરે છે એવા પ્રાણીની શી ગતિ થશે ! ખરેજ અધોગતિ.

ધ્રુવજી— ગાયન.

તારો અવસર જાય અભાગી જીવડા જો જાગી જો જાગી,
સદાચરણ પ્રભુની સેવા, આદર કર્યો ન એવો.
આ ભવમાં નર દેહ ધર્યો, પણ રહ્યો જનાવર જેવો—જીવડા.
સમજીને તું ચેતી લેજે, ભલો સમય છે ભાઇ;
હૃદય માંહ્યા શુદ્ધ ભાવ ધરીને, લેજે હરી ગુણ ગાઇ—જીવડા.

ઉત્તમ—કોણ કોણ, મારા સુખ દુખના સાથી મારા શિરછત્ર જેષ્ટ ભ્રાતા ધ્રુવજી !

ધ્રુવજી—હા હા, ભાઇ હુ પોતેજ ધ્રુવજી (ઉત્તાનપાદ આવે છે) પુજ્ય પિતાજી હુ આપને પ્રણામ કરૂ છુ

ઉત્તાનપાદ--આવો આવો મારા કુળને તારનાર, મારા હૃદયને ઠારનાર મારા માથાથી મોઘા, મારા નેત્રમણિ તમે આ તમારા પાપી પિતાને ભેટી મારૂ કલેવર પાવન કરો (હૃદય ભરાઇ આવે છે)

નારદ—અરે રાજન તમે સમજુ થઇને આ શુ કરો છો ? હવે તો ગઇ ગુજરી કરો.

ધ્રુવજી--(સુરૂચીને જોઇને) મારૂ શ્રેય કરનાર અને પ્રભુ ભકતીનો સદમાર્ગ બતાવનાર મારા હીતકારી માજી હુ આપને પ્રણામ કરૂ છુ.

સુરૂચી—દીર્ઘાયુ થાઓ, ભક્તરાજ મે તમોને બહુ દુભાવ્યા છે, તો મારા જેવી પાપીણીના પગમા પડવુ એ તમારા જેવા ધર્મ સ્વરૂપને યોગ્ય નથી, વહાલા હુ તમારી મહાન અપરાધી છુ હવે મન માફ કરો માફ કરો.

ધ્રુવજી--અરે મારા માયાળુ માતાજી આ શું કરો છો ? આપ અપરાધી નથી પણ મહાન ઉપકારી છો, વળી હુ જે આ સ્થિતીએ પહોચ્યો છુ તે બધો પ્રતાપ આપનો છે માટે બીજા બધાને તો એક વખત પણ આપને તો બે વાર પગે લાગુ છુ, મારા તીર્થ સ્વરૂપ માતાજી હુ આપને પ્રણામ કરૂ છુ.

સુનીતિ—ઘણુ જીવો મારા પ્રાણાધાર પુત્ર તમારૂ પવિત્ર મુખ જોઇને મારૂં જીવન ને લોચન બને સફળ થયા છે

ઉત્તાનપાદ—મુનિરાજ આપની પાસે મારી એક વિનંતી છે, તે એજ કે

ભક્તરાજ ધ્રુવજી શ્રીવિષ્ણુ ભગવાનને પ્રસન્ન કરી ઘેર આવ્યા છે, માટે એ ખુશાલીમાં પ્રથમ શ્રીવિષ્ણુ યાગ કરી પછી તેને રાજ્યાભિષેક કરવાનો મારો વિચાર છે.

નારદ—વાહ વાહ ! આપના શુભ વિચારને ધન્ય છે

ઉત્તાનપાદ—ત્યારે હવે તેનું ઉત્તમ મુહુર્ત આપો ?

નારદ—આસો સુદી દશમ ને સોમવાર

ઉત્તાનપાદ—વાહ વાહ ! ઘણુજ ઉત્તમ ચાલો ત્યારે તૈયારી કરીએ

સુનીતિ, સુરૂચી અને સ્ત્રીઓ— ગાયન.

આજે આનંદ સાગર રેલીયો,
સોનાનોરે કાંઇ ઉગ્યો છે સુર્ય કે, વેગે મળ્યાંરે વધામણાં.
રીતે પ્રિતે પ્રભુજી રીઝાવી, વીર ધ્રુવજીરે પધાર્યા છે પુર–કે વેગે.
મેંતો મોતીના ચોક પુરાવી વાટે ઘાટેરે વેરાવ્યાં છે ફુલ–કે વેગે.
ધન્ય આજ ઘડીરે આનંદની, વરસેછેરે કાંઇ અમ્રત નુર–કે વેગે.

પ્રવેશ ૪ થો

સ્થળ--રસ્તો.

પાત્રો—નારદ, લઠરામ અને તુળજારામ.

નારદ—તુળજારામ ગોર ધ્રુવજીને શોધવા મધુવનમા ગયો હતો તે આખરે પસ્તાઇને પાછો આવ્યો છે તે મારા શિષ્યનો મીત્ર છે જેથી હું તેને આજ બે દીવસથી બોધ આપુ છુ પણ કાંઈ અસર થતી નથી ને ઉલટો અભિમાનમા વધતો જાય છે કે મારા બૈરી છોકરાંનું ભરણ પોષણ મારાથીજ થાય છે માટે તેનો મિથ્યા મદ ઉતારૂ અને તેનો સંસાર સુધારૂં ત્યારેજ હું નારદ તો હવે તેને માટે કોઇ નારદ કળા ચલાવવી જોઇએ. લઠરામને બોલાવ્યો છે પણ તે કેમ ન આવ્યો ! હા, સામેથી તેજ આવે છે

લઠરામ--જયરામ બાપજી જયરામ, કહો બાપજી શી આજ્ઞા છે.

નારદ--જો લઠરામ, કામ એ છે જે તું અહીંથી તુળજારામને ઘેર જા અને જઇને તેના બૈરી છોકરાને કહેજે કે તુળજારામ ગોર ધ્રુવજીને શોધવા મધુવનમા ગયો હતો ત્યા તેને સર્પડંસ થવાથી તે મરી ગયો છે વળી કહેજો કે એ મરી ગયો છે પણ ઘરમા જીવ રહી જવાથી પાછો અવગતિયો ભુત થયો છે, અને તે ભુત આજે રાત્રે તમારા બન્ને મા દીકરાનો જીવ લેવા માટે આવવાનો છે, માટે બન્ને મા દીકરો હાથમા એક એક ધોકો લઇને ઘરના બારણા બધ કરી ઉભા રહેજો અને તેને અદર પેસવા દેશો નહીં, જો પેસશે તો બન્ને મા દીકરાનો જીવ લઇ લેશે આ પ્રમાણે નારદમુનિએ કહેવરાવ્યુ છે એમ જઇને કહીઆવ પણ જો એવી રીતે સમજાવજે કે પાછા મા દીકરો બને બદલાવા ન જોઇએ.

લઠરામ—અરે બાપજી ! બદલાય ત્યારે તો આપનુ પડ્યુ વેઠયુ ન વેઠયુ કહેવાય રગ એવો ચડાવુ કે તુળજારામ ગોર જેવો ઘરમા જાય કે તુરતજ લાકડીઓનો પ્રહાર પડે લ્યો બાપજી જયરામ

તુળજારામ--(આવીને પગમા પડીને) જે ગોપાલજીની એ માબાપ મારે ભજન નથી કરવુ લ્યો આ તમારી માળા હુ તો બે દીવસમા કંટાળી ગયો વળી મારા બૈરી છોકરા બીચારા ભુખે મરતા હશે અને આ તુળજારામને યાદ કરતા હશે

નારદ—હા, ત્યારે તો હવે જલ્દી પહોચી જાઓ, બીચારા ભુખ્યા તરસ્યાં ટળવળતા હશે અને તમારી રાહ જોતા હશે પણ ઉભા રહો ઉભા રહો જો વખત મળે તો બે ઘડી ઉપદેશ લેવા આવતા જજો

તુળજારામ--ના મારા બાપ ના ! મારે તમારો ઉપદેશ નથી જોઇતો ખુબ ઉપદેશ લીધો માટે હવે તો મહેરબાની કરીને જવા દ્યો. અને મારા વિયોગથી રીબાતા બાયડી છોકરાના ભેળો થવા દ્યો. (જાય છે)

નારદ—હા, ત્યારે તો જાઓ જાઓ ! વાહ વાહ વાહ વાહ રંગતો ભારે જામ્યો, હવે તુળજારામ જેવો ઘેર જાશે એટલે બૈરી છોકરાના હાથનો ખુબ માર ખાશે, પછી જ્યારે પસ્તાસે એટલે આ નારદમુનિ પ્રગટ થાશે, અને છેવટે ઉપદેશ આપી તેનો સસાર સુધારશે. હવે ચાલો, આ રંગ કેવો જામે છે તે જોવા માટે આપણે પણ પાછળ પહોચી જઇએ આહાહા, અધમ મનુષ્યો મિથ્યા મારૂ મારૂ કરી મરે છે પણ માથે કાળ ચક્ર ફરે છે તેની કયા કોઇને ખબર પડે છે

ગાયન.

આ મિથ્યા મોહમાં, ઓ પાપી જીવડા;
શ્રી હરિને વિસરીને, કાં ગોથાં ખાય છે. આ મિથ્યા.
માયાના મંદમાં કાં તણાઇ જાય છે,
સાચી ભકિત કરો દિલથી, તો મુકિત થાય છે. ઓ-શ્રી.

પ્રવેશ ૫ મો.

સ્થળ—તુળજારામનું ઘર.

પાત્રો—ગુણવંતી, રમુજીલાલ, તુળજારામ, નારદ અને લઠરામ.

રમુજીલાલ—હાજી, આપણુ નામ રમુજીલાલ, જય શ્રીકૃષ્ણ જય ગોપાલ મુખથી કહેતા ઉપજે વહાલ જય શ્રીકૃષ્ણ જય ગોપાલ. માજી હજી મારા પિતાજી કેમ નહી આવ્યા હોય ? ભાઇ ધ્રુવજી તો કયારનાય આવી ગયા અને તે કેમ ન આવ્યા

ગુણવંતી—બેટા એનો ગામ ગયુ સુતુ જાગે, જંગલનું કામ છે એટલે બે દીવસ વધારે પણ લાગ પણ હવે તો થોડા દિવસમા આવવા જોઇએ કેમકે ઘર છોડયા આજ તેમને તેર જમણ તો થયા.

રમુજીલાલ—માજી સામેથી લઠરામ આવે છે. કાતો એ મારા બાપુના ખબર લાવ્યો હશે કા લઠરામ મારા બાપુ આવ્યા ?

લઠરામ—અરે રામ રામ, ગોરાણી શું કહું કહેવાનુ કાઇ રહ્યું નથી !

ગુણવંતી—અરે આ લઠરામ વાત કરતા અચકાય કા, જરૂર કાંઈ મેલાના ખબર લાવ્યો જણાય છે ભાઇ તું વાત કરતા અચકાય છે શા માટે, જે હોય તે ખુલાસાથી કહે મારૂ અધીરૂ મન હવે ધીરજ ધરતુ નથી.

લઠરામ—ગોરાણી શુ કહુ ! રાજયગોર તુળજારામ ધ્રુવજીની શોધ માટે મધુવનમા ગયા હતા ?

રમુજીલાલ—હા, ગયા હતા.

લઠરામ—ત્યા તેને સર્પડસ થવાથી મૃત્યુને આધીન થયા છે.

રમુજીલાલ-ગુણવંતી—હેં ! શુ એ મરી ગયા ? હાય હાય હવે અમારૂં શુ થશે ?

ગુણવંતી—પતિ મારા પ્રાણાધાર પતિ ! તમને આ તમારી અબળાની દયા ન આવી; અરેરે તમને આ એક તમારા બાળુડાની પણ દયા ન આવી, મારૂં છત્ર આજે તુટી ગયું, મને દુખીયારીને દુખ દીધુંરે મા. રમુજીના બાપા રમુજી રમુજી કરતાં કયા ગયારે મા

રમુજીલાલ—બાપુ ઓ મારા વહાલા બાપુ તમે આ તમારા રમુજીપરથી હેત ઉતારી કયાં ગયા, અરેરે હવે હું તમારા વિના બાપુ કોને કહીશ અને મારા કોડ કોણ પુરા કરશે બાપલીયારે ! !

ગુણવંતી—ભાઇ તુ ગભરાય છે શા માટે ? તારા કોડ હુ પુરા કરીશ, હજી હુ હયાત છુ.

લઠરામ—ગોરાણી, રમુજીલાલ, શોક છોડો, બનવા કાળ છે તે મિથ્યા થનાર નથી, માટે હું એક ઇલાજ બતાવું. જુઓ નારદમુનિએ કહ્યુ છે કે ગોર મરતી વખતે મારી બૈરી મારો રમુજીલાલ મારૂ ઘર પુરાણીના પાચ રૂપીયા, આમ બોલતા બોલતા મરી ગયા છે, અને સાથે અવગતીયા પણ થયા છે માટે તમે હુશીઆર રહેજો કદાચ આડું અવળુ સમજાવી ઘરમા આવી જશે તો તમારા બંનેનો જીવ લેશે

રમુજીલાલ—હે ! શુ મારા બાપુ ભુત થયા છે ? હાય હાય ત્યારે તો તે મને જરૂર મારી નાખશે

ગુણવંતી—ભાઇ તું ગભરાય છે શા માટે આપણે માથે નારદમુનિ જેવા ગુરૂ છે તો તારો વાકો વાળ કરનાર કોણ છે ? ભાઈ લઠરામ તું નારદમુનિને કહેજે કે તેઓ આજ સાજ સુધીમા જરૂર એક આટો અહીં આવી જાય

લઠરામ—બહુ સારૂ હુ મુનિરાયને સર્વ હકીકત કહીશ, તમે કાઇ ચિતા કરશો નહી, અને કદાચ એ અવગનિયો આવે તો તેને લાકડીયે દીધા સિવાય છોડશોજ નહી લ્યો જયરામ જયરામ

ગુણવંતી—ભાઇ બેટા રમુજીલાલ ! ચાલ આપણે બારણુ બંધ કરી આવીએ.

રમુજીલાલ—ઉભી રહે હુ લાકડી લઈ આવુ

તુળજારામ—બચ્ચા રમુજીલાલ ! (કમાડ ખખડાવે છે)

રમુજીલાલ—એ જય શ્રીકૃષ્ણ જય ગોપાલ, બહારથી વાત કરજે નહીતો હાડકા હળવા થશે, એ બા એ બા જોતો ખરી કાતો અવગતિયો ભુત આવ્યો.

ગુણવંતી—અરે પ્રભુ આનો તો ચોકસ જીવ ઘરમા રહ્યો છે નહી તો ભુત થાય નહી. મને મારી ચિંતા નથી પણ અંદર આવશે તો મારા રમુ-

જીલાલને મારી નાખશે.

તુળજારામ—એ ગોરાણી કમાડ ઉઘાડ એતો હુ તુળજારામ !

રમુજીલાલ—તું તુળજારામ તારૂ અહીં નથી કામ માટે પાછા પધારો નહીંતો હાડકા હળવા થશે સમજ્યા ?

તુળજારામ—એ રાંડ ગાડીના, આ તુ શું બોલે છે હું તો તારો બાપ છું.

રમુજીલાલ—મારો બાપ તો મરી ગયો અને તેમાથી તુ ભુત થયો એજ કે ?

તુળજારામ—ઓય ' મારો બેટો આતો બાપનુ બારમું કરવા બેઠો. માટે ચાલ કમાડ ખેડવી અદર જાઉ (અંદર આવી) કા ગોરાણી રમુજીલાલ બસ તેર દિવસમા આ તુળજારામને ભુલી ગયા ?

ગુણવંતી, રમુજીલાલ—ભુત ભુત, મારો મારો ભાગો ભાગો ! (મારે છે)

નારદ—વાહ વાહ વાહ વાહ ! (આવીને સ્વગત)

રમુજીલાલ—મારો માજી ભુતને મારો ?

તુળજારામ—એ મને મારો કા, મારી વાત તો સાભળો ?

ગુણવંતી— નાથ મારા વહાલા નાથ, અમે બધાં સુખી છીએ, હુ તમારી પાછળ આઠ અગીયારશ કરીશ, પંદર દીવસ પીપળે પાણી રેડીશ અને તમારા રમુજીલાલને મારા જીવ કરતા અધિક રાખીશ તમારા જીવને સદગતિ કરજે

નારદમુનિ—હરી હરી મનુષ્યો કેવાં ઘેલા છે ?

દુહો.

દુ:ખ છતાં બહુ દેહને, સુખ લેવાને ચ્હાય;
ભજન કરે નહીં ભાવથી, તો આખર ખત્તા ખાય.

તુળજારામ—ઓ તારી આતો બાયડી પણ બદલાઈ ગઇ, હવે કમબખ્તી થઈ એ ગાલાવિલી એવું ન કહેવાય ઇતો જે મરી જાય એની પાછળ દાન પુન્ય થાય, પણ હુ તો હજી જીવતો છું જીવતો, માટે આમ આવો તમને ધ્રુવજીની વાત કહુ.

રમુજીલાલ—ચુપ, નથી સાભળવી તારી વાત ? ચાલ ચાલ્યો જાય છે કે મારા હાથના લાકડીયો ખાય છે. (મારે છે)

તુળજારામ—વાય વોય મરી ગયોરે મારા બાપ એ ગોરાણી દયા લાવ અને મને બચાવ

ગુણવંતી--હ હ, બચ્ચા રમુજી જરા ધીરે ધીર અરેર પતિને આવો માર પડતો જોઈ મારૂ કાળજુ વીધાઈ જાય છે પણ શુ કરૂ જો દયા લાવુ તો મારા રમુજીલાલનો જીવ જાય છે પતિ મારા પ્રાણાધાર પતિ અમે બધા સુખી છીએ તમે અમારી ચિંતા કરો નહીં અને પાછા પધારો

રમુજીલાલ—એ માડી કાડી ખાશે, માર મારને બુધ હાથ હાર કે ભુત ભાગી જાય

તુળજારામ--વોય વોય મરી ગયો

રમુજીલાલ--ત્યારે ભુત શા માટે થયા, હ માજી દીધેજ રાખો

તુળજારામ--વાય વાય વાય, ઓ નારદમુનિ તમે આવો ને મને બચાવો

નારદ—ચાલ હવે પ્રગટ થાઉ ને મારા શિષ્યના મિત્રને બચાવુ નહી તો ક્યાક મરી જશે, તો બ્રહ્મહત્યા લાગશે સબુર કરો કોઈ તુળજારામને મારો નહી

ગુણવંતી, રમુજીલાલ--ઓહો ! કોણ નારદમુનિ અમે આપને પ્રણામ કરીએ છીએ

તુળજારામ--વોય વોય જીવ જાય છે, એ નારદ કાકા કાઈ બચાવાનો રસ્તો થાય છે

નારદ—બહેન ભાઇ હવે તમારી શંકા દુર કરો, આ ભુત નથી પણ રાજહિતેચ્છુ તુળજારામ પોતેજ છે

ગુણવંતી--હેં શું પ્રભુ તમે આ સત્ય કહો છો, ત્યારે નાહક ગોરનુ મરણ અમને જણાવી તેમને ભુત ઠરાવી આટલો બધો ઠંકાસ કરાવાનુ શુ કારણ ?

તુળજારામ—હાડકા ખોખરા કરાવવા ?

નારદ--કારણ, તુળજારામનો ગર્વ ગાળવા, તમારા જેવા પતિન પુત્રનો સ્વાર્થી સ્નેહ દેખાડવા મે મારી નારદ કળા દુનિયાને દેખાડી છે માટે હવે તમે તેને પગે લાગો અને કરેલા અપરાધની માફી માગો

ગુણવંતી—અહા ! ધન્ય છે નારદમુનિ ધન્ય છે, આજે અમારા બંધ થયેલા ચક્ષુ આપે ઉઘાડયાં છે (તુળજારામ પાસે જઇ) પતિ !

તુળજારામ—કેમ શું કોહોછો સતિ ?

ગુણવંતી—અમારા અપરાધની ક્ષમા કરી પાછા બેઠા થાઓ અને ઇશ્વર ભક્તિ કરી આ સંસાર સાગર તરી જાઓ

તુળજારામ--વહાલી હવે મારૂ દીલ સાફ છે, અને તમારા અપરાધો તમને માફ છે, હા ખરેખર મારા જેવા મિથ્યા અભિમાની આ જગતની જુઠી જંજાળમા મારૂ મારૂ કરવા જાય છે એવા નિચ મનુષ્યોના આખરે આવાજ હાલ થાય છે.

નારદ—કેમ ભાઇ તુળજારામ હવે તને કોઈ યાદ કરે છે કે ? તારો પાછળ તારા

બૈરી છોકરા ભુખે મરે છે તેની તને થઇ ખાત્રી.

તુળજારામ—હા મારા નાથ હા, હવે મને સપૂર્ણ ખાત્રી થઇ કે આ સસારમા શ્રીહરીનુ ભજન એજ સાચુ સુખ છે માટે હવે તો ઇશ્વર ભક્તિ કરૂ અને આ સંસાર સાગર તરૂ

નારદ—ત્યારે ભાઈ તુળજારામ, હવે તમો આ મિથ્યા સસાર સુખની વાંછના નહિ રાખતા કુટુબ સાથે મળી ઈશ્વર ભજન કરો અને પરમ આનદમા વિચરો એવો મારો આશિર્વાદ છે

નારદ-- ગાયન.

ભજી લે ભાવે શ્રીહરી ન રહીશ ભાઇ ભુલમાં,
માયા મહીલા માને શા મુલમાં ડહાપણના ડાહ્યા તું ફુલમાં-ભ૦
સુખ તું શાનું માને અંતે જાવું છે સ્મશાને,
(માટે) ચેત ચેત ચડશે, નહીં તો ચતુરાઇ ચુલમાં--ભ૦

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—મહેલ

પાત્રો—ઇંદ્રગવરી, ઇંદ્રાણી, ઈન્દ્ર, જયંત તથા ચોપદાર.

ઇંદ્રાણી—પુત્રી તે ધ્રુવજી સાથે વરવાની જે હઠ લીધી છે તે મુકી દે, કેમંક આ વાત તારા પિતાને તથા ભાઇ જયતને બીલકુલ રૂચતી નથી.

ઇંદ્રગવરી—અરે અરે મારા પુજ્ય માજી આપ આ શું વદોછો ?

ઇંદ્રાણી--કેમ ?

ઇંદ્રગવરી—કેમ શું ? મેં જે પ્રતિજ્ઞા લીધી છે તે તો હું રદ કદી પણ નહીં કરૂ માજી.

ઇંદ્રાણી—પુત્રી તારા આવા વિચારથી તારા પિતાના હૃદયમા ક્રોધ ભરાશે, અને નાહક કાંઇ વિપરીત પરિણામ આવશે માટે હજી પણ કાંઈ વિ-ચાર કરે તો સારૂં.

ઇંદ્રગવરી—એમા વિચાર શાનો કરવાનો છે ? ગમે તેવું વિપરીત પરિણામ આવે અને જોઇએ તો મારા પિતા આ શરીરના સહસ્ત્ર ટુકડા કરે તો પણ મેં જે ટેક લીધી છે તે તો નહીં મુકાય

જયંત—માજી પ્રણામ કરૂં છુ.

ઇંદ્રાણી—દીર્ઘાયુ થાઓ કુમાર ક્યાં હતા અને આવી વિકળ દશામા કેમ દેખાઓછો ?

જયંત—વિકળ તો કાંઈ નહી, પણ માજી આ બહેન જેની સાથે વરવાની પ્રતિજ્ઞા લઇ બેઠી છે તે ધ્રુવનો નાશ કરવા હુ મધુવનમા ગયો હતો પણ તેની ભક્તિના પ્રભાવથી બહુ દુખી થયો અને મહા મુશીબતે જીવતો આવ્યો છું.

ઇંદ્રાણી—ત્યારે કુમાર તમે વગર વિચારે એવુ સાહસ કરવા શા માટે ગયા ? શું તમને ખબર નથી કે પ્રભુના ભકતોનો નાશ કરવા કોઈની શક્તિ નથી.

જયંત—ના માજી એ મને ખબર નહોતી પણ મને ખાત્રી થઇ કે પ્રભુના ભકતની શકિત તો સર્વ કરતા શ્રેષ્ટ છે

ચોપદાર—જય જય શુરનાયક સુભગુણ લાયક શ્રી સ્વર્ગાધોપતિ ઇંદ્રરાય મહારાજાને ઘણી ખમા.

ઇંદ્ર—કેમ સતિ શુ વિચાર કરો છો

ઇંદ્રાણી—પધારો પ્રાણનાથ વિચાર તો એજ કે ધ્રુવજીની સાથે પરણવાની પુત્રીએ જે પ્રતિજ્ઞા લીધી છે તે રદ કરવાના બીજા શા !

ઇંદ્ર—બસ કરો ઇન્દ્રાણી હવે એ બાબતમા વધારે વિઘ્ન નાખવામા ફાયદો નથી. એ ધ્રુવજી તો મહા પ્રતાપિ અને શ્રીવિષ્ણુ પરમાત્માના પરમ પ્રિય ભકતરાજ છે તેને દુભાવવા માટે અમે જે જે ઉપાયો કર્યા તેથી મહાન અપરાધી ઠર્યા પણ હવે તો વિષ્ણુ ભગવાનની આજ્ઞાથી ભકતરાજ ધ્રુવજી સાથે આપણી ઇંદ્રગવરીના લગ્ન કરવાનું મે નક્કી કર્યુ છે. માટે લગ્ન સામગ્રી તૈયાર કરો આપણે સહ પરિવાર સાથે પુત્રીના વિવાહ કરવા ત્યાં જવું છે (સર્વ જાય છે.)

ઇન્દ્રગવરી—વાહ પ્રભુ તે આ રંક બાળાની અરજ સ્વિકારી, ને મારા પિતાના હૃદયમાં મારા લગ્ન ભકતરાજ ધ્રુવજી સાથે કરવાની પ્રેરણા કરી તેથી હું આપનો ઉપકાર માનુછું બસ મારે જેવું જોઇતું હતુ તેવુંજ મળ્યુ ને મારાં જન્મો જન્મનું દુખ ટળ્યુ.

ગાયન.

વાહ વાહ પ્યારા પ્રભુજી તેં મારી કીધી આશા પુરી
રાખી ના અધુરી મોરારી
પામી સ્વામિ...આ સહુ દુખડાં વામી. વાહ વાહ.
હવે હરખેથી વાલાની સાથે ઉમંગે,
રહીને હું સંગે રમીશ રોજ રંગે.
પ્રિતેથી રીતેથી ચિતેથી ચાહું,
સુંદર વરની સેવા સારી... ....વાહ વાહ.

પ્રવેશ ૭ મો.

સ્થળ—મહેલ.

પાત્રો—સર્વે સ્ત્રી પુરૂષો.

કંચનીયો-- ગાયન.

ધનીસાસા ધનીસાસા નીસારેરેગ ગપમગમગરેસા
ગરેગરેગમપ ગમપ ગમપ નીનીનીની ધધધધ
પપપપમ પમગ મગરે ગરેસા-ધની
ગગગગમપ નીનીનીની ધધનીનીસા
સાની સાનીધપ ધપમ પમગ મગરે ગરેસાસાસા-ધનીસા

ઉત્તાનપાદ—ભકતરાજ તમે સર્વ ગુણ સંપન્ન છો એટલે તમને વધારે ભલામણ દેવી પડે તેમ નથી તોપણ હું પિતા તરીકેની ફરજ પ્રમાણે કહું છું કે આ રાજની આબાદી કરી પ્રજાનું પાલન કરજો; નિતિ રીતિમા રહી પરોપકારમાં પ્રવર્તજો દીનપર દયા રાખી શરણાગતનું રક્ષણ કરજો અને દીન પ્રતિદીન પ્રભુભજનમાં પરાયણ થઇ વિદેહી પ્રમાણે વિચરજો એવી મારી ભલામણ છે

ધ્રુવજી—પિતાજી આપ નિશ્ચિંત રહો, હું હમેશા આપની વેદવાણી રૂપ આજ્ઞા પ્રમાણે વરતીશ.

ચોપદાર--જય જય સુરનાયક શુભગુણ લાયક સ્વર્ગાધીપતિ ઇંદ્રરાય મહારાજને ઘણી ખમા.

નારદ--રાજેન્દ્ર સુરપતિ પોતાની પુત્રીને ભકતરાજ ધ્રુવજી સાથે પરણાવવા આવે છે, માટે એ આનંદનો શુભ લહાવો લઇ કૃતાર્થ થાઓ

ઉત્તાનપાદ—શું ઇન્દ્રરાય મારા સગા થશે ?

નારદ—હા,

ઉત્તાનપાદ—વાહ વાહ ત્યારે તો મારા અહો ભાગ્ય ! પધારો પધારો સ્વર્ગાધીપતિ પધારો આજે આપે મને કૃતાર્થ કર્યો છે

ઇંદ્ર--રાજેન્દ્ર એમા કૃતાર્થ શું છે ? મારાં ધન્ય ભાગ્ય કે મને આવા પ્રતાપી ભકતરાજ ધ્રુવજી જેવા જમાઇ અને આપ જેવા મહાન મહારાજા વેવાઇ મળ્યા. મુનિરાય હવે શી આજ્ઞા છે

નારદ--આજ્ઞા એજ કે વર કન્યાનો હસ્ત મેળાપ કરાવો

બ્રાહ્મણો-સુમુહુર્ત શુભલગ્ન ક્ષેમ કલ્યાણ આરોગ્ય નિરવિઘ્નેન શુભ ભવતુ

નારદ—કહો ભકતરાજ હવ તમારી શી ઇચ્છા છે ?

ધ્રુવજી--હા મારી ઇચ્છા તો એજ કે, મને શ્રીવિષ્ણુ ભગવાને જે અવિચળ પદના દર્શન કરાવવાનુ કહ્યુ છે અને જે પદ મને અર્પણ કરેલ છે તેના દર્શન મને કરાવો

નારદ—બહુ સારૂ ત્યારે કરો તમારા અવિચળ પદના દર્શન ?

સર્વે-જય જય બાળ ભકતરાજ ધ્રુવજીના જય

અવિચળ પદનાં દર્શન.

શુદ્ધિ પત્રક.

અંક ૧ લો.

અશુદ્ધ.	શુદ્ધ.	લીટી.	પાનું.
ટપા	ટોપા	૧૦	૪
છે; જોરમાં	છે જોરમા,	૧	૬
નેનનમેં	નેન મેન	૧૫	૭
નિરધનના	નિર્ધનના	૨૦	૧૨
માહેષ્મતિને	માહેષ્મતિ પતિને	૧૪	૧૮
ચત્રભુજ	ચતુર્ભૂજ	૯	૨૬
ચકીન	ચકીત	૧૩	૨૯

અંક ૨ જો.

અશુદ્ધ.	શુદ્ધ.	લીટી.	પાનું.
હિસઅમાજ	હિસાગમાજ	૮	૩૨
ફરેછે.	ફરેછે	૨	૪૦
આ	હા	૭	૪૦
સીલા	શીલા	૧૫	૪૩
ક્રપાળા	કૃપાળા	૯	૫૫
ત્રણ	ત્રાગુ	૧૨	૫૫

અંક ૩ જો.

અશુદ્ધ.	શુદ્ધ.	લીટી.	પાનું.
ડંસ	દંશ	૧	૫૭
કટા	કટુ	૨	૫૭
શ્રાપ	શાપ	૧૩	૬૦
નીધણીઆતા	નધણીઆતા	૧૪	૬૦
અણુઝ	અણુધ	૭	૬૧
પથ્થર	પત્થર	૯	૬૫
માહા	માહી	૯	૬૬
મ દમા	મદમા	૩	૬૯
શુરનાયક	સુરનાયક	૧૫	૭૪
સુભગુણ	શુભગુણ	૧૫	૭૪

જાહેર ખબર.

ક્રીસ્તીના પ્રખ્યાત કારખાનામાં બનાવેલી જે ડાહ્યાભાઇ એન્ડ કંપનીની જાણીતી ઉંચા મેકરની બીજા બનાવટી મેકરો કરતાં સારી અને મજબુત ટકાવત વાળી વીલાયતી ટોપીઓ ખરીદ કરો તો નીચે મુજબ અમારો ટ્રેડમાર્ક તપાસી ખરીદ કરજો.

રજીસટર ટ્રેડ માર્ક.



રજીસટર ટ્રેડ માર્ક.

જહાંગીરકેપ

CHRISTY'S LONDON.

જથાબંધ તથા છુટક કીફાયત ભાવથી વેચનાર

શાહ સરૂપચંદ નાનચંદ જરીવાલા.

રીચીરોડ—અમદાવાદ.